ડિસેમ્બર-૨૦૨૨

વર્ષ : ૧૫

અંક : ૦૬

મુલ્ય : રૂા. ૨૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

*Unity is our Strength*

(માસિક)



## મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઈ ચાવડાના શુભ સંકલ્પે...
## કુળદેવી સ્થાનકોના જીર્ણોદ્ધાર એવં લોકાર્પણ
## દાતાશ્રી મનોજભાઈ વેગડ એવં 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી સંગાથે...

## અંજારને આંગણે કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ આયોજીત "સંસ્કાર શિબિર"ની ઝલક





**If undelivered please return to :**

**Setu Samaj Sandesh**

C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2020-2022
Posted at S.O. BHUJ on 2nd of Every Month.





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258

Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ સહ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



'સમાજરત્ન' શ્રદ્ધેય
સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ
ચૌહાણ - રત્નાગીરી

**: પ્રેરણા સ્ત્રોત :**

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# સેતુ સમાજ સંદેશ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ
સોલંકી - માધાપર



વર્ષ : ૧૫ અંક : ૦૬ ડિસેમ્બર-૨૦૨૨

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી :
વૈદરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

(Subject To Anjar Jurisdiction Only)

:: સમાજ સંરક્ષક ::



ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

: માનદ્ તંત્રી-મુદ્રક-પ્રકાશક :



વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8, કામધેનુ સોસાયટી-1,
અંજાર (કચ્છ) 370 110 M. 9408244644, 8160121930

: માલિક :



યોગેશભાઈ મગનભાઈ ચાવડા
પ્રમુખ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા

અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9909069057

:: પથદર્શક ::



સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર
અંજાર (કચ્છ)

માનદ્ સંયોજક (Coordinator)
વિનોદ કેશવજીભાઈ પઢિઆર

પોસ્ટ એવં પ્રિન્ટીંગ
વિનોદ લીલાધરભાઈ ચૌહાણ

લવાજમ-વિજ્ઞાપન
અજય પ્રાગજીભાઈ પઢિઆર

સભ્યશ્રીઓ : વિનોદ શાંતિલાલ જેઠવા વિજય પ્રાગજીભાઈ પઢિઆર પ્રતિક દિનેશભાઈ ટાંક ગિરીશ મહેશભાઈ પરમાર


અભિમાની અને દંભી વ્યક્તિ જ્યારે ઉચ્ચ પદ મેળવી લે છે ત્યારે ખોટો રસ્તો અપનાવી, પોતાના ચરિત્રને પણ દાવ પર લગાવી, ભૌતિક સુખ-સાધન, સામગ્રી, માન-શાન, પ્રતિષ્ઠા મેળવવા ઝંખતા હોય છે. લોકસેવક તરીકે ચૂંટાતા આપણા જનપ્રતિનિધિઓ સત્તાના મદમાં આચરણની ગરિમા ઓળંગી જતા હોવાના સંખ્યાબંધ કિસ્સા સતત સામે આવ્યા કરતા હોય છે. મીડીયાવાળાઓની બાજનજર તેમની પર હંમેશા રહેતી હોય છે. ટી.વી. ઉપર આપણે જોઇએ પણ છીએ. કહેવાય છે કે, ''હાથ વડે કામ કરે તે મજૂર, હાથ અને બુદ્ધિ વડે કામ કરે તે કારીગર, હાથ, બુદ્ધિ અને હૈયા વડે કામ કરે તે કલાકાર અને જે આ બધા વિના કામ કરે તે રાજકારણી !!!'' જ્યાં સુધી માનવ સ્વયંની અપેક્ષાઓ, કામનાઓ, ઇચ્છાઓને વશીભૂત થઇને જીવન જીવે છે ત્યાં સુધી તે કોઇને માર્ગદર્શક કે સુશાસક નથી બની શકતો.

એક જગ્યાએ મેળો ભરાયો હતો. મેળામાં દૂર દૂરથી લોકો સુંદર ઝાંખીઓ સજાવીને લાવ્યા હતા. પૈસાદાર લોકો મોટા મોટા રથ ઉપર દેવતાઓની ઝાંખી સજાવીને લઇ આવ્યા હતા. કોઇ ઊંટગાડી ઉપર, કોઇ ઘોડાગાડી ઉપર તો કોઇ બળદગાડા ઉપર. આની વચ્ચે એક નાની ઝાંખી સુંદર કપડાં, આભૂષણ, ફુલમાળાથી સજાવેલી હતી. અંદર એક મૂર્તિ સ્થાપિત હતી. આ રથમાં એક બળદ જોડેલો હતો. બળદે પ્રથમ વખત આવડો મોટો મેળો અને માનવ મહેરામણ જોયો હતો. આથી તે ખૂબ અહંકારથી ફુલાઇને ચાલતો હતો. રસ્તાની બન્ને બાજુ હજારો લોકો ઉભા હતા અને દેવતાઓને પ્રણામ કરી રહ્યા હતા. બળગગાડી ઉપર સજાવેલી ઝાંખી ખૂબ મનોરમ હતી એટલે લોકો તેના પર ફુલો વરસાવી, હાથ જોડી નમન કરી રહ્યા હતા. બળદ મનમાંને મનમાં ફુંગરાઇ રહ્યો હતો કેમ કે લોકો એની આગળ ફુલો વરસાવી, પ્રણામ કરી જય જયકાર કરી રહ્યા હતા. એને લાગી રહ્યું હતું કે, હું આટલો મહાન છતાં ગાડું ખેંચવા જેવું હીન કામ કરૂ એ શોભતું નથી. આ કામ મારી પ્રતિષ્ઠાની વિરૂદ્ધ છે. બસ, બળદે તો ન સમય જોયો ન સંજોગ ! ગાડામાંથી છુટવા મંડી પડ્યો ઉલાડિયા લેવા...! લોકો ગભરાઇને મંડ્યા ભાગવા. રથ ઉલટ-પુલટ થઇ ધરાશાયી થઇ ગયો. ઝાંખી વેરવિખેર થઇ ગઇ. બળદની આ હરકત જોઇ લોકો ગુસ્સો ભરાયા અને લાકડી, વાંસ, ધોકા જે કાંઇ હાથમાં આવ્યું તે લઇ તૂટી પડ્યા બળદ ઉપર ! બળદ અધમૂવો થઇ ગયો. જ્યારે હોંશમાં આવ્યો ત્યારે લોકો ઝાંખી સરખી કરી, સજાવી, મૂર્તિને નમન કરી રહ્યા હતા. ત્યારે બળદને સમજાયું કે લોકો મને નહીં પરંતુ ઝાંખીને પ્રણામ કરી ફુલો વરસાવી રહ્યા હતા.

અલમસ્ત બળદની જેમ પદના ઘમંડમાં રાચનારા રાજકારણીઓને સમાજના લોકો જ્યારે પાઠ ભણાવે છે ત્યારે જ હોંશમાં આવે છે. સમાજમાં સુશાસન સ્થાપિત કરવા માટે સમાજના સભ્યો સાથે સદ્વ્યવહાર, વિશ્વાસ વગેરે રાખવા જરૂરી છે. લોકપ્રતિનિધિઓને સમાજમાં સંગઠન, એક્તા અને સુશાસન લાવવા માટે સર્વ પ્રથમ સ્વયંના મન, બુદ્ધિ અને સંસ્કારને નિયંત્રીત કરવા જોઇએ. ચૂંટાયેલ દરેક લોકસેવકે કાર્યકુશળતા, પરિશ્રમ, નિષ્ઠા વગેરે આચરણમાં મુકી પદની ગરિમા જાળવી દેશનું પ્રતિનિધિત્વ કરવું જોઇએ.

**(સ્વ. ભરતભાઇ વાઢેરના લેખોમાંથી સાદર...)**


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૨૦૦
આજીવન લવાજમ : ₹ ૧૫૦૦

મહાસભા વેબસાઇટ
www.kgksamaj.org

રકમ કોઇપણ Bank of Baroda - Anjar ની શાખામાં "Setu Samaj Sandesh" ના
Saving A/c. No. 03740100017955
IFSC Code - BARB0ANJARX (5th Character is Zero) માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com Visit us on at : www.setusamajsandesh.org



ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂ નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.



Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા


પ્રમુખશ્રી મહાસભા

શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા
'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642

સહ વીર્યં કરવાવહૈ

મહામંત્રીશ્રી મહાસભા

શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
પ્લોટ નં. 26-બી, બાલાજીનગર-1
અંજાર (કચ્છ) 370 110
Mob. 09978790488

**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**

**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**

**NAGPUR Office :** "AMBER", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35. **Mob. 937312642** **ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**




## પ્રમુખ સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ **મહાસભાની કારોબારી સમિતિની બેઠક** અને **બંધારણીય સામાન્ય સભાનું** આયોજન **વિદર્ભ પ્રાદેશિક સમિતિ** અંતર્ગત **ગોંદિયા ઘટક**ના સ્નેહમય આમંત્રણથી **તા. ૩૦, ૩૧ ડિસેમ્બર–૨૦૨૨ અને ૧ જાન્યુઆરી–૨૦૨૩**ના ત્રણ દિવસ દરમ્યાન યોજાવા જઇ રહ્યું છે. સમાજ સંગઠનના આ પાવન યજ્ઞમાં હાજરી આપવા સૌ સમાજબાંધવો, મહાસભાના હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ, વિશેષ આમંત્રીતશ્રીઓ અને ઘટકોના પ્રતિનિધિશ્રીઓને મહાસભા વતી હાર્દિક આમંત્રણ પાઠવું છું.

નૂતન વર્ષના સુવર્ણ પ્રભાતે સૌ સમાજબાંધવો સુખ, શાંતિ અને સમૃદ્ધિને પામે તેવી શુભકામના વ્યક્ત કરું છું. વિવિધ ઘટકો દ્વારા નૂતન વર્ષ સ્નેહમિલન ઘટકો યુવા મંડળો, મહિલા મંડળોના સહકારથી પ્રવાસના આયોજનો વિવિધ સામાજીક આયોજનો સફળતાપૂર્વક યોજાઇ રહ્યા છે. જેમાં થોડા ઘટકોમાં સ્નેહમીલનના કાર્યક્રમોમાં હાજરી આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. સમાજબાંધવોના દર્શન કરી ખુબજ આનંદની અનુભુતી થઇ છે.

મિત્રો, મારા ઓરિસ્સાના વિવિધ ઘટકોના પ્રવાસ અને અંતરીયાળ નાના ઘટકોની મુલાકાત દરમ્યાન સમાજબાંધોની એક વિકટ સમસ્યા સામે આવીને જે આપની સાથે શેર કરી રહ્યો છું. ટેકનોલોજીના વિકાસ અને શિક્ષણના વ્યાપને કારણે આપણો યુવા વર્ગ ભણી ગણી આઇ.ટી.ના ક્ષેત્રમાં ઉચ્ચ ડીગ્રી મેળવી મુંબઇ, હૈદ્રાબાદ, પુના, બેંગ્લોર જેવા મોટા શહેરોમાં સારા પગારે ખુબજ સફળતાપૂર્વક પોતાની નોકરી કે વ્યવસાય કરી રહ્યા છે અને સમાજનું નામ રોશન કરી રહ્યા છે. પરંતુ અંતરીયાળ ગામોમાં તેમના વડીલો એકલતા અનુભવી રહ્યા છે. આવા યુવા ભાઇ-બહેનો પાસે નાણાંની ખોટ નથી પરંતુ પોતાના વડિલોની સાર સંભાળ નથી કરી શકતા, તેઓ પોતે પણ આ પ્રશ્ન બાબતે ચિંતિત છે અને સમાજ સામુહિક રીતે આ સમસ્યાનો ઉકેલ લાવે તેવી આશા રાખે છે. આપણો યુવા વર્ગ ખુબજ બુદ્ધિશાળી અને લાગણીશીલ છે તેઓ પોતાના વડિલોની આવા મેટ્રોપોલિટન સીટીમાં રાખવા તૈયાર પણ છે પણ વડીલોને ત્યાંનું વાતાવરણ અનુકુળ ન આવતા અગવડતા વચ્ચે પણ પોતાના મૂળ ઘટકમાં જીવન વ્યતિત કરી રહ્યા છે. સામાજીક સ્તરે આવી સમસ્યાનો ઉકેલ આવતો હોય તો એજ્યુકેટેડ યુવા વર્ગ સમાજને મદદરૂપ થવા પણ તૈયારી બતાવી રહ્યો છે. રાષ્ટ્રીય સંગઠનના હોદ્દેદાર તરીકે આપણે સૌએ પણ આ બાબતે વિચાર કરવો જોઇએ અને એટલા માટે જ આ પ્રશ્ન પ્રમુખ સ્થાનેથી બધા સમાજબાંધવો સામે મુકી રહ્યો છું.

નવેમ્બરના છેલ્લા અઠવાડીયા દરમ્યાન મારા કચ્છના પ્રવાસ દરમ્યાન ત્યાં પણ સૌ હોદ્દેદારોને મળી તેની સાથે આ બાબતની ચર્ચા કરીશું અને જો કોઇ ઉકેલ શક્ય જણાશે તો જરૂર એ દિશામાં આગળ વધવા પ્રયત્નો કરવામાં આવશે. કોઇપણ સમસ્યા અથવા પ્રશ્ન આપણી સામે આવે ત્યારે તે બાબતે પોઝીટીવ વેમાં વિચારવું એજ આપણી ફરજ છે અને બધા સાચી દિશામાં સારી રીતે વિચારે તો ઉકેલ શક્ય છે પરંતુ જરૂર છે કઇક કરવાની, સમાજબંધુઓને મદદરૂપ થવાની

ઇચ્છા શક્તિની. સૌની શુભભાવના જ સામાજીક વ્યવસ્થાને સુદૃઢ બનાવવાની પાયાની જડીબુટ્ટી છે અને રહેશે. અત્યારે મહાસભા દ્વારા ઘણી બધી સામાજીક સંગઠનની યોજનાઓ અને જરૂરતમંદ સમાજબાંધવોને ઉપયોગી બનવા સંજીવની, અભિલાષા, આકસ્મિક સહાય, અન્નપુર્ણા યોજના, મહિલા ઉત્કર્ષ, ધંધાકીય સેમીનારો, મંદિરોનો જીર્ણોદ્ધાર, આર્થિક સહાય, જેવા અનેક પ્રકલ્પો પર આપણે કાર્ય કરી રહ્યા છીએ અને સૌ હોદ્દેદારોના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોથી દરેક સમાજબાંધવો સુધી પહોંચવાના પ્રયત્નોમાં સફળ રહ્યા છીએ. આપ સૌનો સાથ અને સહકાર મળી રહ્યો છે અને મળતો રહેશે તેવો સંપૂર્ણ વિશ્વાસ ધરાવું છું.

**– શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા – પ્રમુખશ્રી મહાસભા**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની કચ્છ દર્શન સમિતિના માર્ગદર્શન હેઠળ કુળદેવી સ્થાનકોના જીર્ણોદ્ધાર એવં લોકાર્પણ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા-નાગપુરના શુભ પ્રયાસ અને ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ-ગાંધીધામના આર્થિક સહયોગથી કચ્છમાં આવેલ વિવિધ અવટંકના કુળદેવી સ્થાનકોમાંથી જરૂર જણાય તેવા કુળદેવી સ્થાનકોના જીર્ણોદ્ધારનું કાર્ય મહાસભાના ઉપપ્રમુખ શ્રી અને કચ્છ દર્શન સમિતિના પ્રભારીશ્રી લાધુરામભાઇ જીવરામભાઇ રાઠોડના માર્ગદર્શનમાં આઠ મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય સંપન્ન કરી આસો નવરાત્રીમાં તા. ૩૦/૯/૨૦૨૨ના રોજ જે તે કુળદેવીના ગોઠી ભાઇઓને સુપરત કરી દેવામાં આવેલ હતા. જેમાં દેવળીયા મધ્યે પરમાર, ચૌહાણ અને ટાંક પરિવારના ત્રણ મંદિરો, કુંભારીયા મધ્યે જેઠવા, રાઠોડ (ઘમેલિયા), ચૌહાણ (ચોવટીયા) અને ટાંક પરિવાર આમ કુલ સાત મંદિર માટે શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ પરિવારનો આર્થિક સહયોગ રહ્યો હતો જ્યારે ખંભરા મધ્યે ટાંક (સાપરિયા) પરિવારના મંદિર માટે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવારનો આર્થિક સહયોગ મળેલ હતો. માતાજીના પૂજન-અર્ચન અને ધાર્મિક વિધી તથા ઢોલ-શરણાઇના તાલે શોભાયાત્રા, સન્માન કાર્યક્રમ ખુબજ હર્ષોલ્લાસ સાથે દેવળીયા, કુંભારિયા તથા ખંભરા ગામવાસીઓની વિશાળ હાજરીમાં દરેક કાર્ય સંપન્ન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે દરેક ગામમાં














દાતાશ્રીઓ, સમિતિના પ્રભારીશ્રી તેમજ મંદિર બનાવનાર કારીગરોનું પણ સન્માન કરવામાં આવેલ હતું. ખંભરા ગામના ભાઇ-બહેનો અને પધારેલ સૌ મહેમાનોની લગભગ ૪૫૦ સમાજબંધુઓના બપોરના ભોજનની વ્યવસ્થા ખંભરા ઘટકના ભાઇઓએ સંભાળેલ હતી. દાતાશ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ અને ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનો સમગ્ર પરિવાર આ પ્રસંગે દરેક ગામોમાં હાજર રહી ધજા, કળશ ચડાવી મંદિર ગોઠીભાઇઓને સોંપી રહ્યા હતા. ખંભરા-દેવળીયા અને કુંભારીયા ગામોમાં આસો નવરાત્રીમાં ભવ્ય ઉત્સવનો માહોલ સર્જાયો હતો. સમિતિના સભ્યો પ્રભારી શ્રી લાધુરામભાઇ રાઠોડ, સહ પ્રભારી શ્રી અજયભાઇ પઢિઆર, શ્રી વિનોદભાઇ પઢિઆર, શ્રી વિનોદભાઇ ચૌહાણ, શ્રી સોમનભાઇ ચૌહાણ અને શ્રી રસીકભાઇ પરમાર દ્વારા દરેક ગામોમાં વ્યવસ્થા સંભાળવામાં આવેલ હતી. આ પ્રસંગે મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆરે માહિતિ આપતા જણાવ્યું હતું કે, માત્ર ૫૭ દિવસના સમયમાં આપ સૌના સહકારથી આઠ મંદિરોના જીર્ણોદ્ધારનું કાર્ય સંપન્ન કરી શક્યા છીએ. આ માટે દાતા પરિવાર, ગોઠી ભાઇઓ અને મંદિર બનાવનાર શ્રી તરૂણભાઇ રાઠોડ - ખંભરા તથા મનજીભાઇ વરૂ - નાગલપરનો ખાસ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે મહાસભાના સૌ હોદ્દેદારો, કચ્છ પ્રા.સ.ના હોદ્દેદારો, કચ્છ










મહિલા પ્રા.સ. તથા કચ્છ યુવા પ્રા.સ.ના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દરેક ગામમાં ઘટક, યુવા, મહિલા મંડળના હોદ્દેદારો હાજર રહી દરેકનું સન્માન કરેલ હતું. દિપાવલી અને નૂતન વર્ષના તહેવારો બાદ સિનુગ્રા મધ્યે એક, મેઘપર મધ્યે એક અને રેહા મધ્યે બે આમ કુલ ચાર મંદિરોના જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરવામાં આવશે. સાથે સાથે શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ પરિવારના આર્થિક સહયોગ અને સહકાર દ્વારા કુંભારીયા ગામે આપણા વડિલોની અમુલ્ય ધરોહર સમી ૧૫૦ વર્ષ જુનું વાંચનાલય – અંગ્રેજી સ્કુલના રીનોવેશનનું કાર્ય પણ કરવામાં આવેલ છે. કુંભારીયા ગામે ઐતિહાસીક જારનો ઓટો કે જ્યાં બેસી આપણા વડિલો સામાજીક પ્રશ્નોનો ઉકેલ લાવતા તે સ્થાનનું બાંધકામ કરવામાં આવેલ છે. આગળના તબક્કામાં કુંભારીયા ગામમાં એકમાત્ર આવેલ માનવ ચબુતરો કે જ્યાં સાંજે ગામના વડિલો જઇ આખા ગામનું વિહંગાવલોકન કરતા હતા જે આજે જર્જરિત અવસ્થામાં છે તેના રિપેરીંગનું કાર્ય પણ હાથ પર લેવાનું વિચારવામાં આવેલ છે. આ દરેક કાર્ય માટે દાતાશ્રી મહાસભાના ઉપપ્રમુખ આદ. શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ – ગાંધીધામ એ અમારા પર સંપૂર્ણ વિશ્વાસ મુકી કોઇજાતના અડચણ વિના કાર્ય કરવા માટે સંપૂર્ણ સહકારની ખાત્રી આપી અને આદ. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી દરેક કાર્યમાં અદના કાર્યકરની જેમ સતત સાથે રહ્યા છે તે બદલ આ બન્ને પરિવારોનો મહાસભા વતી આભાર વ્યક્ત કરીએ છીએ.



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગોંદિયા ઘટક આયોજીત દિવાળી મિલન સમારોહની તસ્વીરો



# દિવાળી/નવા વર્ષનું સ્નેહમિલન, વડોદરા ઘટક, તા. ૩૦/૧૦/૨૦૨૨



# તરાના કેજીકે સમાજ મ્યુઝિક ગ્રુપ મિલન સમારોહ - દુર્ગની તસ્વીરો (તા. ૧૧-૧૦-૨૦૨૨)



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## કાર્યવાહક સમિતિની મીટીંગની કાર્યવાહીની નોંધ (તા. ૪/૬/૨૦૨૨ - અંજાર)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા અંજાર ઘટકના સ્નેહમય આમંત્રણથી તા. ૪-૬-૨૦૨૨ના રોજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન અંજાર મધ્યે સવારે ૯.૩૦ કલાકે મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા-નાગપુરના અધ્યક્ષપદે મળેલ. મહાસભાના આદ. મંત્રીશ્રીઓ સુરેશભાઇ ચૌહાણ - કોરબા અને શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજારના સંચાલન અને સ્વાગત સાથે મહેમાનોને સ્ટેજ પર સ્થાન ગ્રહણ કરી દિપ પ્રાગટ્ય કરાવવામાં આવેલ. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર અને સર્વે સભ્યો દ્વારા શ્રીરામ સ્તુતિ કરવામાં આવી હતી. કચ્છ પ્રાદેશિક અને અંજાર ઘટક દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. છેલ્લા છ માસ દરમ્યાન વિદાય લઇ ગયેલ સમાજબાંધવોના આત્માની ચિર: શાંતિ માટે બે મીનીટનું મૌન પાડી શ્રદ્ધાંજલી અર્પણ કરી આવેલ શુભેચ્છા સંદેશાઓનું વાંચન કરવામાં આવ્યું હતું.

મહાસભાના વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર - અંજાર દ્વારા પધારેલ સૌ સભ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ગત સભાની મિનિટ્સનું વાંચન મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર - અંજાર દ્વારા કરવામાં આવેલ હતું. મહામંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગત સભાની મિનિટ્સ અને અહેવાલોની માહિતિ પુસ્તિકા સભ્યોને આપવામાં આવેલ છે. આપ સૌએ તેનો અભ્યાસ કરેલ હશેજ. જેના પ્રત્યુત્તરમાં મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ - ભુજ એ જણાવ્યું હતું કે, બધાએ માહિતિ પુસ્તિકા પુરી વાંચી ન હોય તે સંભવ છે એટલે મિનિટ્સનો અભ્યાસ કરવા એક કલાકનો સમય આપવામાં આવે અને ત્યાર બાદ આપણે તેને બહાલી આપીએ પરંતુ મહાસભાના સલાહકાર અધ્યક્ષ આદ. શ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમાર - રાજનાંદગાંવ એ જણાવ્યું કે, મિનિટ્સને બહાલી ન મળે ત્યાં સુધી સભાનું આગળનું કાર્ય ન કરી શકાય. મહામંત્રીશ્રી દ્વારા સભા સમક્ષ સમગ્ર મિનિટ્સનું વાંચન કરવામાં આવ્યું અને જણાવ્યું કે આ મિનિટ્સમાં કોઇ ત્રુટી અથવા સુઝાવ હોય તો જણાવવા વિનંતી કરું છું.

મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ - ગાંધીધામ એ રજુઆત કરતા જણાવ્યું કે, મિનિટ્સમાં મહાસભાની એસેટ્સ ઉભી કરવા નાગલપર મધ્યે જે જમીન ખરીદવાની વાત છે તો આર્થિક ઉત્કર્ષ સમિતિના પ્રભારીની જવાબદારી મને સોંપવામાં આવી છે. ફાઇનાન્સીયલ એક્સપેક્ટ બાબતે મારી જવાબદારી અને રોલ શું છે ? તે હું જાણવા માગું છું. હું એવું માનું છું કે, મને જ્યારે જવાબદારી સોંપવામાં આવી છે ત્યારે મને વિશ્વાસમાં લઇ કાર્ય થાય તે જરૂરી છે.

મહામંત્રીશ્રીએ જણાવ્યું કે, આપની રજુઆત પર આપણે ચર્ચા કરીશું. આદ. પ્રમુખશ્રી ખુલાસો પણ કરશે પરંતુ અત્યારે આ મિનિટ જે મેં વાંચી છે તેમાં કોઇ સુચન હોય તો તેની ચર્ચા કરી તેને બહાલી આપીએ. ત્યાર બાદ આપના પ્રશ્નની ચર્ચા કરી શકાય છે. મિનિટ્સ બાબતે કોઇ સુચન ન હોતાં સર્વે સભ્યો દ્વારા હાથ ઉંચા કરી મિનિટ્સને બહાલી આપવામાં આવી હતી. મહામંત્રીશ્રીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા - નાગપુર એ સૌનું સ્વાગત કરી મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ - ગાંધીધામ દ્વારા માંગેલ માહિતિ પર પ્રકાશ પાડેલ હતો. નાગલપર મધ્યે ખરીદાયેલ જમીન તેમજ વિજયનગર પ્લોટ મધ્યે બનાવવા જઇ રહેલ મહાસભાના કાર્યાલય વિશે વિસ્તારપૂર્વક માહિતિ આપેલ હતી. શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ દ્વારા માતાજીના મંદિરોના જીર્ણોદ્ધાર માટે જાહેર કરેલ આર્થિક સહયોગ માટે મહાસભા દ્વારા તેમનું અભિવાદન કરવામાં આવેલ હતું. વિજયનગર પ્લોટ પર કાર્યાલય બનાવવા માટે 'સમાજરત્ન'શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરના રૂપીયા અગ્યાર લાખના મુખ્ય સહયોગની સાથે સૌ પૂર્વ પ્રમુખશ્રીના રૂા. બે લાખના અનુદાન માટે 'સમાજરત્ન' શ્રી અને સૌ પૂર્વ પ્રમુખશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. મહાસભાની પૂરી ટીમ પણ અભિનંદનની અધિકારી છે. મહાસભાની સાથે અખિલ

ભારતીય મહિલા મહામંડળ અને અખિલ ભારતીય યુવા મહામંડળ પણ ખૂબ સારી રીતે સમાજ ઉત્કર્ષના કાર્યો કરી રહ્યા છે. વિવિધ સમિતિઓ સારી રીતે કાર્ય કરી રહી છે. લગભગ ૧૪ સમિતિઓએ લેખીતમાં પોતાનો અહેવાલ આદ. મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરને આપેલ અને તેમણે ખૂબજ જહેમત લઇ પૂરી માહિતિ પુસ્તિકા આપને સુપરત કરેલ છે અને આપ સૌ મહાસભાની વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર થયા છો. સ્કીલ ડેવલપમેન્ટ સમિતિ અને લક્ષ્ય સમિતિ દ્વારા પણ ખુબ સારું કાર્ય થઇ રહ્યું છે. બે દિવસના બીઝનેસ મીટનું આયોજન પણ મુન્દ્રા મધ્યે શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડાના સૌજન્યમાં થઇ રહ્યું છે. આપણે સમાજસેવાની ભાવના રાખીશું તો સમાજનું ભલુ જ થશે. મહાસભાના ઉપપ્રમુખ આદ. શ્રીમનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી અને આદ. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી જે રીતે સમાજ સેવાનું કાર્ય કરી રહ્યા છે તેનું અનુકરણ કરીને જ આગળ વધીશું તો જરૂરથી સારું થઇ રહેશે.

આપણા બંધારણ મુજબ ત્રણ મીટીંગમાં હાજર ન રહે અથવા ગેરહાજરીની જાણ ન કરે તો તે આપોઆપ કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે રદ થઇ જાય છે. હવે આ પ્રશ્ન હું આપની સામે મુકી રહ્યો છું કે ત્રણ મીટીંગમાં ગેરહાજર હોય તેને સેવા મુક્ત કરવા જોઇએ કે નહીં. જો આપ સૌ સંમત થશો તો જ હું નિર્ણય લઇ શકીશ. સૌ સભ્યોએ હાથ ઉંચા કરી સંમતિ આપેલ હતી.

શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ – ગાંધીધામ દ્વારા જે નારાજગી વ્યક્ત કરવામાં આવી છે તે બાબતે આર્થિક ઉત્કર્ષ સમિતિ વિશે ચોખવટ કરવામાં આવેલ સાથે સાથે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા, શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર, શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ અને શ્રી પરસોત્તમભાઇ રામજીભાઇ જેઠવાએ નાગલપર મધક્યે ખરીદાયેલ જમીન અને વિજયનગર મધ્યે સૂચિત કાર્યાલય માટે જરૂરી સુચનો કર્યા હતા. મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા – અંજાર દ્વારા ખુલાસો કરવામાં આવ્યો હતો. બધા સભ્યોએ ચર્ચા કરી હાલના સંજોગોમાં નાગલપર મધ્યે ખરીદાયેલ જમીન પર કમ્પાઉન્ડ વોલ બનાવી તેને સુરક્ષીત કરવાનું નક્કી કરવામાં આવ્યું. આદ. પ્રમુખશ્રીએ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર – માધાપર દ્વારા રૂપીયા બે લાખ એકાવન હજાર અને શ્રી ભોગીલાલભાઇ દેવશીભાઇ ચાવડા – મુન્દ્રા દ્વારા પણ રૂપીયા બે લાખ એકાવન હજારની જાહેરાત કરવામાં આવી હતી. તેમના સહયોગથી બાઉન્ડ્રી વોલનું કામ કરી સુરક્ષીત કરવામાં આવશે. બીજું વિજયનગર પ્લોટ મધ્યે કાર્યાલય બનાવવા બન્ને સંસ્થાને બાધ ન આવે એ રીતે કાયદાકીય કાર્યવાહી કરીને જ કાર્યાલય બનાવવામાં આવશે તેવી જાહેરાત કરું છું.

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપર એ પોતાનું ઉદ્‌બોધન આપતા જણાવ્યું હતું કે, ગઇકાલે મહાસભાની સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી ખુબજ ધામધૂમથી કરવામાં આવી છે તે બદલ મહાસભા તેમજ કચ્છ પ્રાદેશિક સમિતિ તેમજ અંજાર ઘટકને અભિનંદન આપું છું. આપણી મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર – અંજાર એ કરેલ આયોજન ખુબજ સારું અને સમયસર આયોજન કરેલ હતું તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. પચાસ વર્ષમાં સમાજને આપેલ સેવા માટે યાદ કરવામાં આવેલ છે. મને ખુબજ ગર્વ થાય છે. આપણા વડીલોના સંસ્કારો અને કામને અનુસારીને આગળ વધશું તો ખુબજ પ્રગતી થઇ શકશે. આપણું અહોભાગ્ય છે કે આપણે વડલાની છાયામાં આગળ વધી રહ્યા છીએ. આપણા વડીલોના આશીર્વાદથી આગળ વધી રહ્યા છીએ. મહાસભાનું સન્માન છે તે જ આપણું સન્માન છે. મહાસભાના પ્રમુખશ્રી આપણા રાજા છે અને આપણે તેમને તે મુજબનું સન્માન આપવું જોઇએ. આપણે એક પથ્થર નાખશું તો એ પથ્થર ડહોળ ઉભું કરશે અને સમગ્ર પાણીને દુષિત કરે છે એટલે જતું કરવાની મહાન ભાવના કેળવશું તો જરૂર સમાજને ફાયદો થશે. આપણે કોઇની સામે એક આંગળી ચીંધશું તો ત્રણ આંગળી આપણી સામે જ ચિંધાઇ રહી છે તે ભુલવું ન જોઇએ. સમાજમાં રાજકારણથી કોઇનું ભલું થયું નથી એ સમજણ કેળવવી જોઇએ. પ્રભુ શ્રી રામ સૌને પ્રેમભાવ અને લાગણી આપે અને સમાજ સંગઠીત થઇ રહે તેવી શુભકામના પાઠવું છું. અહંકારની દુનિયામાં માણસ એકલો જ હોય છે અને પ્રેમભાવની લાગણીથી સમાજ ભેગો રહે છે, સંગઠીત રહે છે.

મહાસભાના સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર – રાજનાંદગાંવ એ પોતાનું ઉદ્‌બોધન આપતા જણાવ્યું હતું કે, અંજાર મધ્યે ખુબજ સારું આયોજન થઇ રહ્યું છે. ગઇકાલે સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીનો લ્હાવો મળેલ છે તેનો ખુબજ આનંદ છે. ગત મીટીંગમાં આપ સૌ અને આદ. પ્રમુખશ્રીએ પ્રતિનિધિ બાબતે જવાબદારી આપવામાં આવી તેના પર સમિતિના સૌ સભ્યોથી ચર્ચા કરી છે અને આપશ્રીને જણાવું કે આ બંધારણીય બાબત છે અને હાલના સંજોગોમાં કલકત્તાની ઓફીસમાં આપણે ઘણા પાછળ છીએ. અને આ કાર્ય કરવા માટે આદ. પ્રમુખશ્રી અને હું સાથે જઇ કાર્ય કરીશું પણ ત્યાં સુધી પ્રતિનિધિ બાબતે જે કાર્ય પ્રણાલી ચાલે છે તે મુજબ જ ચાલુ રાખવા અનુરોધ કરું છું. એટલે કે અત્યારે એકસો પર એક પ્રતિનિધિની પ્રણાલી ચાલુ છે તેને જ ચાલુ રાખવામાં અનુરોધ કરું છું.

બીજું ચૂંટણીની પ્રક્રિયામાં પ્રાદેશિક સ્તરે ચૂંટણી કરવા માટેના સુઝાવથી વિખવાદ થવાનો સંભવ છે. આપણી પારદર્શીતા પર સવાલ ઉભો થશે એટલે અત્યારની જે પદ્ધતિ છે તે જ ચાલુ રહે તેવો અહેવાલ રજુ કરું છું અને આપ સૌની અનુમતી માગું છું. ઓનલાઇન ચૂંટણીની પ્રક્રિયા અંગે આપણે ચર્ચા ચાલુ રાખીશું અને ભવિષ્યના આયોજનમાં તેનો વિચાર પણ કરીશું પરંતુ હાલમાં તેના

પર પૂર્ણ વિરામ મુકતા નથી. આપણી પાસે પૂરતો સમય પણ છે.

નાગલપર મધ્યે લેવાયેલ મહાસભાની જમીન બાબતે તેઓએ ખુલાસો કરેલ હતો. આદ. શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ - ગાંધીધામના પ્રશ્ન પર પ્રકાશ પાડ્યો હતો.

આદ. સલાહકાર પ્રમુખશ્રી આગળ જણાવ્યું હતું કે, કલકત્તા મધ્યે રજીસ્ટર ઓફીસમાં જે અધુરાશો છે તે માટે હું આપણા માનદ્ સભ્ય શ્રી વિમલભાઇ નારાયણભાઇ ચાવડા - રાયપુર ખુબજ સક્ષમ છે અને તેમની વ્યવસાયીક ઓફીસ પણ કલકત્તામાં આવે છે. જો આપણે તેમને જવાબદારી સોંપીએ તો તેઓ આપણને જરૂર મદદરૂપ થઇ રહેશે. સર્વે સભ્યોએ હાથ ઉપર કરી કાર્યવાહી કરવા મહાસભાના માનદ્ સભ્ય શ્રી વિમલભાઇ નારાયણભાઇ ચાવડા - રાયપુરને સત્તા આપવામાં આવી.

ત્રીજો વિષય મારો એ છે કે મારી જવાબદારી બને છે કે સલાહકાર પ્રમુખ તરીકે જ્યારે જ્યારે પ્રશ્નો ઉભા થાય ત્યારે ત્યારે સમાધાનની પ્રક્રિયામાં બંને પક્ષે સંતોષ થાય તે રીતે ઉકેલ લેવા પ્રયત્નો કરવા હંમેશા પ્રયત્નશીલ રહ્યો છું. અને આ સભાના માધ્યમથી ખાસ વિનંતી કરું છું કે, સભામાં કે અન્ય જગ્યાએ કોઇપણ વ્યક્તિનું માન ભંગ થાય તેવા વિચારો વ્યક્ત કરવા નહીં અને મનમાં કોઇ દુઃખ રાખીને કામ થાય તો તેમાં સફળતા મળતી નથી. આ સભા એક યજ્ઞ છે અને આપણા સૌની આહુતિ અનિવાર્ય છે અને રહેશે. વિચારો અને સુઝાવો વ્યક્ત કરવાની બધાને અનુમતિ છે અને રહેશે પરંતુ આપણા શબ્દો દ્વારા કોઇને મનદુઃખ થાય કે માનહાની થાય તેવા શબ્દો ન બોલવા ખાસ વિનંતી કરું છું. આપણે સૌ ભાઇઓ સહકારથી અને જતું કરવાની ભાવનાથી કાર્ય કરીશું તો જરૂરથી સમાજ સેવાના કાર્યો સારી રીતે કરી શકીશું. જય સમાજ.

મહાસભાના ઉપપ્રમુખ અને લક્ષ્ય સમિતિના પ્રભારી શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ - રાજકોટ એ લક્ષ્ય સમિતિનો મુખ્ય ઉદ્દેશ વિસ્તારપૂર્વક સમજાવી તા. ૬,૭ જુન-૨૦૨૨ દરમ્યાન મુન્દ્રા મધ્યે આયોજીત બિઝનેશ મીટ વિશે માહિતિ આપેલ હતી. પરિચય પુસ્તિકાની અગત્યતા અને તેના પ્રકાશન વિશે પણ માહિતિ આપેલ હતી. હું આપશ્રીને ગૌરવ સાથે જણાવું છું કે, કોઇપણ સમાજમાં સૌ પ્રથમ બિઝનેશ મીટનું આયોજન કરનાર આપણા સમાજ બન્યો છે તેનું આપણને બધાને ગર્વ રહેશે.

ઉપપ્રમુખ શ્રી સુરેશભાઇ ચાવડાએ સ્કીલ ડેવલપમેન્ટ સમિતિ દ્વારા થયેલ કાર્યનો અહેવાલ આપેલ હતો.

માનદ્ સભ્ય શ્રી વિમલભાઇ નારાયણભાઇ ચાવડા - રાયપુર એ પોતાનું ઉદ્‌બોધન આપતા જણાવ્યું હતું કે, મહાસભા દ્વારા મને જે જવાબદારી આપવામાં આવેલ છે તેને પરિપૂર્ણ કરવા પ્રયત્નશીલ રહી કલકત્તા મધ્યેની અધુરાશો પુરી કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરું છું. તેઓશ્રીએ કૃષિના ક્ષેત્રમાં કરેલ કામગીરીની વિસ્તારપૂર્વક માહિતિ આપેલ હતી. સામાજીક ક્ષેત્રમાં કરવામાં આવતા કાર્યોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા - અંજારએ વરીષ્ઠ ઉપપ્રમુખ તરીકેની પોતાની કામગીરીનો અહેવાલ આપી 'સંજીવની' સમિતિનો અહેવાલ વિસ્તારપૂર્વક રજુ કરેલ હતો. દર મહિને મળતું ફંડ અને વિતરીત કરવામાં આવેલ ફંડની માહિતિ આપેલ હતી. સંજીવની સમિતિની શરૂઆતની ક્ષણોને યાદ કરી વિવિધ યોજના, સંજીવનીના વિવિધ દાતાઓની માહિતિ આપેલ હતી.

મહાસભાના ઉપપ્રમુખ શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા - હૈદ્રાબાદ એ સમાજમાં દાન દેવાની અને સમાજના કાર્યોમાં હાજરી આપવાની ભાવનાનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા પર ભાર મૂક્યો હતો.

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરએ માહિતિ આપતા જણાવ્યું હતું કે, મારા ઉદ્‌બોધનમાં એક બાબત રહી ગઇ હતી અત્યારે કચ્છમાં આપણા સમાજના ૨૬૦ જરૂરતમંદ વડીલોને મારા પરિવાર તરફથી રૂપિયા એક હજાર, ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરના પરિવાર તરફથી રૂપિયા પાંચસો અને કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી હિમ્મતલાલભાઇ રાઠોડ તરફથી રૂપિયા એકસો આમ કુલ એક હજાર છસ્સો નું કવર દર મહિને જાતે જઇને હું વિતરીત કરી વડિલોના આશીર્વાદ મેળવું છું. માધાપર ઘટક દ્વારા આયોજીત દશેરાના સમુહ લગ્ન વિશે પણ તેઓએ માહિતિ આપેલ હતી.

મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ ડીજીટલ વસ્તીપત્રક સમિતિનો અહેવાલ રજુ કરેલ હતો. જે ઘટકની અધુરાશો છે તે પૂર્ણ કરવા પ્રયત્નશીલ છીએ વસ્તીપત્રકએ દરેક યોજના માટેની ડેટા સ્ટેટેટીક્સ છે. સમાજની સાચી સ્થિતિના આંકલન માટેની પાયાની જરૂરીયાત છે. આ વસ્તીપત્રક હંમેશા માટે અપડેટ થયા કરશે. પ્રતિનિધિઓની સંખ્યા બાબતની સ્થિતિ પણ વધુ સ્પષ્ટ થઇ શકશે.

બીજી એક જવાબદારી વડોદરા મીટીંગમાં આદ. પ્રમુખશ્રી દ્વારા સોંપવામાં આવેલ તે એ કે મહાસભા દ્વારા અપાતા ગૌરવ એવોર્ડનું પુરૂં પ્રારૂપ-માપદંડ નક્કી કરવાની જવાબદારી સોંપેલ હતી તેના પર પૂરો અહેવાલ તૈયાર કરી આપની સમક્ષ મુકી રહેલ છું. તેઓશ્રીએ વિવિધ સન્માનો વિશે પુરી માહિતિ આપેલ હતી. અહેવાલનું સંપૂર્ણ વાચન મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર દ્વારા કરવામાં આવ્યું હતું. સર્વે સભ્યોએ તાડીઓના ગડગડાટથી તેને વધાવી આ અહેવાલ સેતુ સમાજ સંદેશમાં છાપવામાં આવે તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

ઝોનલ પ્રમુખ શ્રી કિરીટભાઇ ચૌહાણે સન્માન બાબતે પોતાના સુઝાવ આપતા જણાવ્યું હતું કે, શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી અને તેમની ટીમે સારી મહેનત કરેલ છે. બીજા સન્માનો તો બરાબર છે પરંતુ 'સમાજરત્ન' એ સમાજનું સર્વોચય સન્માન છે અને આ એવોર્ડ આપવાની પરંપરા ચાલુ કરવામાં આવે અને એક કરતા વધારે સમાજરત્ન એવોર્ડ અપાય તો ક્યાંક ને ક્યાંક આ સન્માનની ગરીમા અને પ્રતિષ્ઠામાં ઓટ આવવાની સંભાવના છે. 'સમાજરત્ન'એ એવું સન્માન છે કે જેની ગરીમા દરેકે જાળવવી જોઇએ. એટલે આ બાબતે વિચાર કરવા સુચન કરું છું. આ મારો અભિપ્રાય છે અને સભા જે નિર્ણય લેશે તે મને મંજુર જ રહેશે. સલાહકાર આદ. શ્રી ભુપેન્દ્રભાઇ એ જણાવ્યું કે ભવિષ્યમાં અગર કોઇ એવું વ્યક્તિત્વ મળે અને લાયકાત ધરાવતા હોય તો આપવું જોઇએ.

ઉપપ્રમુખ શ્રી સુરેશભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે, આપણે વ્યક્તિની સેવાને ધ્યાને લઇ અપાય તો આપવા જોઇએ. ભારત સરકાર દ્વારા પણ દેશનું સર્વોચ્ચ સન્માન એક કરતા વધારે વ્યક્તિઓને અપાઇ જ રહ્યા છે.

ઉપપ્રમુખ શ્રી બલરામભાઇ ત્રિકમજીભાઇ જેઠવાએ મધ્યસ્થ ન્યાયપંચનો અહેવાલ રજુ કર્યો હતો. ન્યાય પંચ પાસે આવેલ કેસોની માહિતિની રજુઆત કરેલ હતી. સલાહકાર શ્રી ભુપેન્દ્રભાઇ પરમારે સુંદર શાયરી દ્વારા શ્રી બલરામભાઇ જેઠવા અને અંજાર ઘટકની ટીમના સુંદર આયોજન માટે અભિનંદન આપેલ હતા.

ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડે આર્થિક ઉત્કર્ષ સમિતિનો અહેવાલ રજુ કર્યો હતો. તેઓશ્રીએ જણાવ્યું હતું કે, જે પ્રશ્ન હતો તે સવારના શેષનમાં સારી રીતે નિરાકરણ આવી ગયેલ છે તે બદલ પ્રમુખશ્રીનો આભાર વ્યક્ત કરું છું. આપણી પાસે રહેલ ફંડનો ઉપયોગ યોગ્ય રીતે થઇ રહે તેવા પ્રયત્નો આપણે બધા સાથે મળી કરશું તો આવનાર પેઢીને જરૂર ઉપયોગી થઇ શકીશું.

મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાએ જણાવ્યું કે, હું શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડને અનુરોધ કરું છું કે આવતા છ માસમાં અમદાવાદ યા ભુજ ખાતેનો વ્યવસ્થિત પ્રોજેક્ટ તૈયાર કરી આપશો તો જરૂરથી આપણે આ દિશામાં સફળતાપૂર્વક કાર્ય કરીશું અને શ્રી મનોજભાઇને પૂરેપૂરો સહકાર અને તન, મન, ધનથી આપની સાથે રહેવાની ખાત્રી આપું છું.

ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ દ્વારા અભિલાષા સમિતિનો અહેવાલ રજુ કર્યો હતો. ચાલુ વર્ષમાં ૪૨ છાત્રોને ૫,૪૦,૦૦૦ની સહાય વિતરીત કરવામાં આવેલ છે. અભિલાષા સમિતિને મળેલ દાન-દાતાઓની વિગત પણ રજુ કરેલ હતી. સમિતિના દરેક સભ્યોની કામગીરીની માહિતિ આપવામાં આવી હતી. છાત્રોને અપાતી સહાયના માપદંડો પર પણ તેમણે પ્રકાશ પાડેલ હતો. કયા ઘટકના કેટલા છાત્રોને સહાય આપવામાં આવેલ છે તેની માહિતિ આપેલ હતી. અભિલાષા સમિતિ દ્વારા વિદર્ભ યુવા પ્રાદેશિક સમિતિના આયોજનથી ઓનલાઇન ચાલો ગુજરાતી શીખીએ પ્રોજેક્ટ હેઠળ લગભગ દોઢ માસ સુધી ગુજરાતી ભાષાનું જ્ઞાન કચ્છના આપણા સમાજના જ લગભગ પંદર શિક્ષક ભાઇ-બહેનો દ્વારા આપવામાં આવેલ હતું. આ પ્રોજેક્ટનું આગળ પણ અનુકુળતાએ ચાલુ રાખવામાં આવશે. કેરીયર ગાઇડ કે બીજા માર્ગદર્શનની સેવા આપવા પણ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમારે સમાજમાં ધાર્મિક્તાની ભાવનાનો વિકાસ થાય તેવા પ્રયત્ન કરવા પર ભાર મુક્યો હતો. સંસ્કાર શિબિરોનું આયોજન કરવા અને વ્યસનોનું પ્રમાણ ઘટે તેવા પ્રયત્નો કરવા સતત પ્રયત્નશીલ રહેશે તેમ જણાવ્યું. યુવા વર્ગમાં આપણા વડીલોના સંસ્કારોનું સિંચન થાય તેવા પ્રયત્નો કરવા સુચન કરેલ હતું.

મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆરે જણાવ્યું હતું કે, કચ્છ યુવા પ્રાદેશિક સમિતિના માધ્યમથી તા. ૧૦, ૧૧ જુનના બે દિવસની સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. પ્રમુખશ્રી હિરેનભાઇ ચૌહાણ અને શ્રી જીજ્ઞેશભાઇ રાઠોડે પુરી માહિતિ આપેલ હતી.

મહાસભાના ઉપપ્રમુખશ્રી અને દેશ-વિદેશ સમન્વય સમિતિના પ્રભારી શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર અહેવાલ અને ઉપપ્રમુખશ્રી તથા કચ્છ દર્શન સમિતિના પ્રભારી શ્રી લાધુરામભાઇ રાઠોડનો અહેવાલ મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆર દ્વારા વાંચી સંભળાવવામાં આવેલ હતો અને વિદેશમાં વસતા ૨૨૭ સમાજબાંધવોની માહિતિની ફાઇલ આદ. પ્રમુખશ્રીને સુપરત કરી હતી.

મહાસભાના ઉપપ્રમુખશ્રી દિપશભાઇ નાનાલાલભાઇ ચૌહાણે સ્કીલ ડેવલપમેન્ટ સમિતિનો અહેવાલ રજુ કર્યો હતો. તેઓશ્રીએ સમિતિ દ્વારા થયેલ કામગીરી અને લાભાર્થીની માહિતિ રજુ કરી હતી. અંજાર મધ્યે આવેલ સેન્ટરમાં તાલીમ લઇ પગભર થયેલ સમાજના ભાઇ-બહેનોની માહિતિ રજુ કરી હતી. ગોંદિયા ઘટકના પ્રમુખશ્રી દેવેન્દ્રભાઇ રાઠોડે આવતું વાર્ષિક અધિવેશન ગોંદિયા મધ્યે આયોજીત કરવામાં આવે તેવો અનુરોધ કરતો પત્ર મહાસભાને આપેલ હતો.

વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયારે મહામંત્રી તરીકેનો પોતાનો અહેવાલ રજુ કરેલ હતો. સેતુ સમાજ સંદેશના તંત્રી તરીકેની કામગીરીની માહિતિ આપેલ હતી. આજીવન સભ્યો, દાનદાતાઓ, જાહેરાત દાતાઓ અને ખર્ચની વિગતની માહિતિ આપેલ હતી. પોસ્ટીંગનું કાર્ય સંપૂર્ણ રીતે શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - ભુજ સંભાળી રહ્યા છે અને ટીમને ખુબજ મદદરૂપ થઇ રહ્યા છે તે બદલ તેઓનો આભાર સહ સન્માન કરવામાં આવ્યું હતું. કોમ્પ્યુટર સેટીંગ માટે ગાયત્રી ગ્રાફીક્સના શ્રી અમિતભાઇ સોની અને સૌથી વધારે અભિનંદનના અધિકારી સેતુ સમાજ સંદેશના અધ્યક્ષ શ્રી હિતેશભાઇ ચૌહાણ કે જેઓ દરેક કાર્ય સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે તેમને અભિનંદન આપવામાં આવ્યા હતા. આકસ્મીક સહાયતા સમિતિ દ્વારા થયેલ કામગીરીનો અહેવાલ આપે હતો.

અંજાર મધ્યેની ઓનલાઇન સમુહ ભાગવત કથા અને દુર્ગ મધ્યે યોજાનાર કથાની માહિતિ આપેલ હતી.

કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઇ વરૂએ આવક-જાવકની માહિતિ રજુ કરેલ હતી. કોલકાતા ટ્રસ્ટની અધુરાશો પુરી કરવા શ્રી વિમલભાઇ સાથે રહી પરિણામલક્ષી કાર્ય કરવા બાંહેધરી આપું છું. પાછલા ટર્મમાં અમુક ભાઇઓએ મહાસભા પર કેસો કરેલ છે તેના પાછળ લગભગ એકલાખ સાઇઠ હજાર જેવો ખર્ચ થયેલ છે. આવી પ્રવૃત્તિ રોકી શકાય તો ફંડ બચી શકે છે. સેતુ સમાજ સંદેશનો ખર્ચ પણ વધતો જાય છે. તે બચાવવા માટે સ્માર્ટ ફોનનો ઉપયોગ કરી ઓનલાઇન પુસ્તિકા વંચાય અને આજીવન સભ્યો હોર્ડકોપીનો આગ્રહ ન રાખે તો ખર્ચ બચાવી શકાય છે. હું મારા દ્વારા આજથી પહેલ કરું છું કે જે સેતુ સમાજ સંદેશ મારાહ ઘરે મોકલવામાં આવે છે તે ન મોકલવામાં આવે. બધા આમ કરશે તો જરૂર ખર્ચ બચશે.

મહિલા ઉત્કર્ષ સમિતિનો અહેવાલ આદ. શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ દ્વારા આપવામાં આવ્યો હતો. સત્તર મહિનાના ગાળામાં સત્તર પ્રોજેક્ટ કર્યાની માહિતિ આપી ત્યારે સર્વે સભ્યોએ તાડીઓના ગડગડાટથી અભિનંદન આપ્યા હતા.

અ.ભા.મહિલા મહામંડળના આદ. અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીએ મહિલા મહામંડળનો અહેવાલ રજુ કર્યો હતો. દોઢ વર્ષના સમયગાળામાં કરેલ કાર્યોની વિસ્તારપૂર્વક છણાવટ કરેલ હતી. મહિલા મંડળની પુરી ટીમને અભિનંદન આપ્યા હતા. મહાસભા દ્વારા મળેલ સાથ સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણે સભાને માહિતિ આપતા જણાવ્યું હતું કે, ભુજ મધ્યે ખુબજ અદ્યતન કે.કે. મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલનું ભવ્ય નિર્માણ થયેલ છે. આજે તેમના ટ્રસ્ટીઓ શ્રી ગોપાલભાઇ વેકરીયા, શ્રી મનોજભાઇ પીંડોરીયા, શ્રી લક્ષ્મણભાઇ વાઘવાણી આપણી સભામાં ઉપસ્થિત રહ્યા છે. મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડાના શુભ સંકલ્પ અને સંજીવનીના પ્રભારી શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવાની પહેલથી રૂા. પાંચ લાખનું અનુદાન મહાસભા તરફથી અર્પણ કરવાનું નક્કી કરવામાં આવેલ અને તે રકમ દાનદાતા પાસેથી મેળવવાની જવાબદારી મને સોંપવામાં આવેલ હતી. કચ્છ લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટની કામગીરી વિશે જાણકારી આપી મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડા, 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી અને ઉપસ્થિત સૌ મંચસ્થ મહાનુભાવોના હસ્તે રૂપિયા પાંચ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. હોસ્પીટલના ટ્રસ્ટીઓએ મહાસભાનો આભાર વ્યક્ત કર્યો હતો. મંચસ્થ મહાનુભાવો દ્વારા હોસ્પીટલના ત્રણેય ટ્રસ્ટીઓનું શાલ ઓઢાળી સન્માન કરવામાં આવ્યું હતું.

સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી માટે અધિવેશન આયોજન સમિતિના અધ્યક્ષ શ્રી પરેશભાઇ પરમાર, ચેરમેન શ્રી પ્રવિણભાઇ વેગડ, શ્રી અજયભાઇ પઢિઆર અને અંજાર ઘટકના પ્રમુખ શ્રી બલરામભાઇ જેઠવાનું પણ સફળ આયોજન બદલ શાલ ઓઢાળી સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી પ્રવિણભાઇ વેગડ અને શ્રી પરેશભાઇ પરમારે મહાસભાનો આભાર વ્યક્ત કર્યો હતો.

આદ. ઝોનલ પ્રમુખશ્રીઓના અહેવાલમાં શ્રી શીવલાલભાઇ શામજીભાઇ ટાંક - ગોંદિયાએ ઘટકોમાં થતી પ્રવૃત્તિઓ અને પોતાના દ્વારા થયેલ કામગીરીનો અહેવાલ આપેલ હતો.

ઝોનલ પ્રમુખ શ્રી કિરીટભાઇ ચૌહાણ - ધનબાદ એ તેમના વિસ્તારની પ્રાદેશિક સમિતિઓ દ્વારા થયેલ કાર્યોની માહિતિ આપેલ હતી. ઝોનલ પ્રમુખ શ્રી યોગેશભાઇ પરમાર - હૈદ્રાબાદ એ પોતાના સત્રમાં થયેલ કામગીરીનો અહેવાલ આપેલ હતો. ઝોનલ પ્રમુખ શ્રી અરૂણભાઇ નરોત્તમભાઇ ચૌહાણ - ગાંધીધામ એ પોતાનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. તેમણે મહાસભાની એપ અને ડીજીટલ ટેકનોલોજીનો વિકાસ કરવા જણાવ્યું હતું કે અમદાવાદમાં આપણા સમાજનો એક યુવાન આઇ.ટી. ક્ષેત્રમાં ખુબ સારું કામ કરી રહેલ છે. તેમણે મને જણાવેલ છે કે મહાસભાના કાર્ય માટે કોઇપણ પ્રકારના સોફ્ટવેરની જરૂર હશે તો હું મારા ખર્ચે બનાવી આપીશ. મહાસભાને આવા કોઇ પ્રકારનો સોફ્ટવેરની જરૂર હોય તો આપણે તેનો સંપર્ક કરી લાભ લઇ શકીશું.

સરકારી યોજનાની સમિતિના પ્રભારી શ્રી બાબુલાલ શામજીભાઇ ચૌહાણે પોતાનો અહેવાલ આપ્યો હતો. ઘટકે ઘટકે આયુષ્યમાન કાર્ડ બનાવવા પર ભાર મુકેલ હતો. આયુષ્યમાન કાર્ડ બનાવવા વિશેની સંપૂર્ણ માહિતિ રજુ કરેલ હતી. માધાપર, ગાંધીધામ, અંજાર ઘટકમાં આ કાર્ય સારી રીતે થયેલ છે. તેની માહિતિ આપેલ હતી. આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ એ આ માહિતિ આવતા સેતુ સમાજ સંદેશમાં છાપવામાં આવશે તેમ જણાવેલ હતું. મંત્રી શ્રી અજયભાઇ પઢિઆરે અંજાર ઘટક દ્વારશા આયુષ્યમાન કાર્ડ બનાવવામાં આવેલ છે તેની વિગત રજુ કરેલ હતી.

મહાસભાના મંત્રી શ્રી સુરેશભાઇ ચૌહાણ દ્વારા મંત્રીશ્રીઓનો સંયુક્ત અહેવાલ રજુ કરેલ હતો. વરીષ્ઠ મહામંત્રી, મહામંત્રી અને દરેક મંત્રીઓના કોઓર્ડીનેશનથી કાર્ય કરી રહ્યા છીએ. મહાસભાના દરેક સમાચારો મહાસભાના ગ્રુપમાં મુકવામાં આવે છે. દરેક સભ્યોને અને ઘટકોના પ્રમુખશ્રીઓને ખાસ વિનંતી કરવામાં આવે છે કે આ સમાચારોને તમારા ઘટકના સ્થાનિક ગ્રુપમાં પ્રસારીત કરશો તો મહાસભાની દરેક ગતિવિધિઓની માહિતિ દરેક સમાજબાંધવોને મળી રહેશે. એક સુચન કરવા ચાહું છું કે મહાસભાના કોઇપણ કાર્યક્રમ વખતે ઘટકો કે કોઇ સંસ્થા દ્વારા મીટીંગ કે બીજા કોઇ કાર્યક્રમ ન થવા જોઇએ. જેથી કરીને મહાસભાના લેવલના કાર્યક્રમોમાં સૌ સભ્યો હાજર રહી શકે.

મહાકૌશલ પ્રાદેશિક પ્રમુખ શ્રી લીલાધરભાઇ ખાડિયારે મહાકૌશલ પ્રાદેશિક સમિતિનો અહેવાલ રજુ કરેલ હતો. પ્રાદેશિક સમિતિની બેઠકમાં મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડા ખાસ ઉપસ્થિત રહી અમને પ્રોત્સાહિત કર્યા હતા તે બદલ તેમનો આભાર વ્યક્ત કરું છું.

મુંબઇ પ્રાદેશિક પ્રમુખ શ્રી હીરાલાલભાઇખોડિયાર, રાજસ્થાન પ્રા.સ. પ્રમુખ શ્રી ડૉ. કાંતિલાલભાઇ ચાવડા, આંધ્ર પ્રાદેશિક પ્રમુખ શ્રી નટવરલાલભાઇ રાઠોડ, કચ્છ પ્રા. પ્રમુખ શ્રી હિમ્મતલાલભાઇ રાઠોડ વગતે તેમના મંત્રી શ્રી સંજયભાઇ પરમાર, કોલફીલ્ડ પ્રા. પ્રમુખ શ્રી કિશોરભાઇ પરમાર, ગુજરાત પ્રા. પ્રમુખ શ્રી જગદીશભાઇ વરૂ વતી તેમના મંત્રી શ્રી પરેશભાઇ ચૌહાણ, મરાઠવાડા પ્રા. પ્રમુખ શ્રી અશોકભાઇ રાઠોડ, છ.ગ. પ્રાદેશિક પ્રમુખ શ્રી હેમંતભાઇ નાનાલાલ ચૌહાણ, વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર, મહાસભાના ઉપપ્રમુખશ્રી શ્રી નિખિલભાઇ ધનજીભાઇ ચૌહાણ, સહમંત્રી શ્રી વિનોદભાઇ વાલજીભાઇ પરમાર, મંત્રી શ્રી કિશોરભાઇ ભગવાનલાલ ટાંક, સહમંત્રી શ્રી સુરેશભાઇ ટાંક, મહાસભાના ઉપપ્રમુખ શ્રી દિનેશભાઇ ચાવડા વગેરેએ પોતાનો અહેવાલ આપેલ હતો અને સક્રિયપણે સભાની કાર્યવાહીમાં ભાગ લઇ ઉપયોગી માર્ગદર્શન આપેલ હતું.

મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે, આદ. પ્રમુખશ્રીની અનુમતિથી રજુઆત કરવા માટે એક સુઝાવ લેખીતમાં આવેલ છે. જે મહાસભાના અધિવેશનોમાં એલોકેશન ઓફ ટાઇમને લગતો છે. ગઇકાલે આપ સૌ સભ્યોએ જોયું કે મહાસભાના આદ. ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકીને ગૌરવ એવોર્ડના માપદંડ નક્કી કરવાનું કાર્ય સોંપેલ હતું તેઓશ્રીએ મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆર અને ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણની સેવા લઇ સર્વસંમત અહેવાલ બનાવી સભાને સુપરત કરેલ છે. તે જ રીતે હું મહાસભાના કાર્યક્રમો દરમ્યાન સ્ટેજ વ્યવસ્થા અને એલોકેશન ઓફ ટાઇમ તથા વધુમાં મીટીંગનું માળખું સારી રીતે બનાવો તેમના પર વ્યવસ્થિત અહેવાલ બનાવી મીટીંગમાં રજુ થતાં અહેવાલોમાં શું હોવું જોઇએ ? આવી બધી બાબતોનો સમાવેશ કરી આવતી સભામાં રજુ કરવા આગ્રહ કરું છું. મહાસભાના આદ. ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકીએ આભાર સહ સ્વીકાર કરી અહેવાલ બનાવી આવતી મીટીંગમાં રજુ કરવા જણાવેલ હતું.

મંત્રી શ્રી અજયભાઇ પઢિઆરે ટાઇમ મેનેજમેન્ટનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, ગઇકાલે સાંજના સમયે આપણે સૌએ મહાસભાના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીનો કાર્યક્રમ ખૂબજ ધામધૂમથી ઉજવ્યો છે અને તેમાં આપણા મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરે ત્રણ કલાક અને છત્રીસ મિનિટનો પ્રોગ્રામ બનાવેલ હતો અને ત્રણ કલાક ચુમાલીસ મિનિટમાં એ કાર્યક્રમ પુરો થયેલ હતો. આનાથી વધુ સારું ટાઇમ મેનેજમેન્ટનું ઉદાહરણ કયું હોઇ શકે ? મંત્રીગણ સમય, સ્થળ અને સંજોગોને ધ્યાને લઇ આયોજનો કરતા હોય છે પરંતુ દરેક હોદ્દેદાર પોતાની જવાબદારી સમજીને સમયને ધ્યાનમાં રાખી કાર્ય કરે તો તેનું સારું પરિણામ મળી શકે છે. ગઇકાલે આપ સૌએ જોયું હશે કે અમો મંત્રીઓ અને સ્ક્રીપ્ટ વાંચવાવાળા માત્ર શ્રી વિનોદભાઇ પઢિઆરને જ ફોલો કરતા હતા અને એટલે જ સાંસ્કૃતિક પ્રસ્તુતી, પૂર્વ પ્રમુખશ્રીના સન્માનો, શ્રી મનોજભાઇ સોલંકીનું અદ્દ્ભૂત વકતવ્ય અને સમાજના ઇતિહાસની સુંદર માહિતિ સમાજબાંધવોને સારી રીતે કોઇ હડબડાહટ વીના મળી અને સમયસર કાર્ય સંપન્ન થયું. મને પૂરો વિશ્વાસ છે કે આદ. શ્રી મનોજભાઇ સોલંકી ખુબજ પ્રબુદ્ધ વ્યક્તિત્વ ધરાવે છે અને તેમના આયોજનથી સમાજને જરૂર લાભ મળશે. જય સમાજ...

મહાસભાના પૂર્વ પ્રમુખ અને સલાહકાર શ્રી કુંવરજીભાઇ રણછોડભાઇ ટાંકે પોતાનું ઉદ્દ્બોધન આપતા જણાવ્યું કે, બે દિવસ ખુબજ સઘન ચર્ચા કરી છે. સુવર્ણ જયંતિ નિમિત્તે કચ્છ પધારેલ સૌને અભિનંદન આપું છું. અંજારના આંગણે ત્રણ દિવસનો સુવર્ણ જયંતિ મહોત્સવ ખુબજ ધામધમૂથી ઉજવાયો તે બદલ અંજાર ઘટક અને આયોજનમાં મદદરૂપ થનાર સૌને ધન્યવાદ આપું છું. આપણા વડિલો વિકટ પરિસ્થિતિમાં પરાક્રમ કરી અને સંગઠીત થઇને રહ્યા, પુલો, બ્રિજ, રેલ્વેના કામોમાં ભારતભરમાં પ્રસિદ્ધી મેળવી રાયબહાદુર જેવા ઇલ્કાબો મેળવ્યા તેનો લાભ આજે પણ સમાજને મળી રહેલ છે. કલકત્તા મધ્યે ટ્રસ્ટની અધુરાશો વિમલભાઇના માધ્યમથી સફળતાપૂર્વક પૂર્ણ થાય તેવી શુભકામના પાઠવું છું.

અન્ય રજુઆત ન હોતાં મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાએ અધ્યક્ષ સ્થાનેથી ઉપસંહાર કરતા બે દિવસ દરમ્યાન થયેલ કાર્યનું ફરીથી વાંચન કરેલ હતું. દરેક મુદ્દત પર છણાવટ કરેલ હતી. ખંભરા ખાતે કચ્છ દર્શન સમિતિના પ્રભારી શ્રી લાધુરામભાઇ રાઠોડના આયોજનમાં તા. ૯-૬-૨૦૨૨ના રોજ દરેક કુળદેવી માતાજીના મંદિરોના સંચાલનશ્રીઓ સાથે ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવેલ છે. પહેલી વખત ૭૯ કુળદેવી માતાજીના સંચાલક ગોઠી ભાઇઓ સાથે વિચાર વિમર્શ કરવામાં આવશે. ખુબજ યાદગાર આયોજન અંજાર ઘટકે કરેલ છે તેના માટે અંજાર ઘટકની પુરી ટીમ અને કચ્છ પ્રાદેશિક સમિતિની પુરી ટીમને અભિનંદન આપું છું. મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆરે સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીનો યાદગાર કાર્યક્રમ આપ્યો તે બદલ સમગ્ર મહાસભા વતી તેઓને પણ અભિનંદન આપું છું. કચ્છ પ્રા.સ. તરફથી શ્રી સંજયભાઇ પરમાર, અંજાર ઘટક તરફથી શ્રી પરેશભાઇ પરમાર અને મહાસભા વતી મંત્રી શ્રી સુરેશભાઇ ચૌહાણે આભારદર્શન કરેલ હતું. બે દિવસની સંપૂર્ણ મીટીંગનું સંચાલન મંત્રી શ્રી સુરેશભાઇ ચૌહાણ અને મંત્રી શ્રી અજયભાઇ પઢિઆર દ્વારા કરવામાં આવેલ હતું. રાષ્ટ્રગીતના ગાન સાથે જય સમાજ... જય સીયારામના નારા સાથે મીટીંગ પુરી થયેલ જાહેર કરવામાં આવી હતી.



# શ્રી ભાગવતજીને અર્પણ ન્યોછાવર રાશિ

## યજમાન દાતાશ્રીઓની યાદી

| ક્ર. | દાતાશ્રી | હાલ | રાશિ | ક્ર. | દાતાશ્રી | હાલ | રાશિ |
|---|---|---|---|---|---|---|---|
| 01. | ગં.સ્વ. લાભુબેન રમેશભાઇ સોલંકી | દુર્ગ | 1,01,111 | 38. | શ્રી રાજેશભાઇ ગોવિંદભાઇ ખોડિયાર | હૈદ્રાબાદ | 7,000 |
| 02. | સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી | માધાપર | 71,000 | 39. | શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ઼ | લાતુર | 7,000 |
| 03. | શ્રી ભોજન કુપનથી પ્રાપ્ત | દુર્ગ | 70,790 | 40. | શ્રી નારાયણભાઇ નરસીભાઇ રાઠોડ઼ | દુર્ગ | 7,000 |
| 04. | ગં.સ્વ. કાંતાબેન અમૃતલાલ વેગડ઼ | જબલપુર | 51,000 | 41. | ગં.સ્વ. વેલુબેન જયંતીલાલભાઇ ટાંક | દુર્ગ | 7,000 |
| 05. | શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડ઼ા | નાગપુર | 51,000 | 42. | શ્રી દેવેલભાઇ સુરેશ બિહારી રાઠોડ઼ | દુર્ગ | 7,000 |
| 06. | શ્રી અનિલભાઇ માધવજીભાઇ ટાંક | દુર્ગ | 31,151 | 43. | શ્રી ખુશાલભાઇ પ્રેમજીભાઇ ચાવડ઼ા | ડોંગરગઢ | 7,000 |
| 07. | શ્રી દેવેશકુમાર શિવજીભાઇ ટાંક | ભોપાલ | 25,001 | 44. | શ્રી પ્રવીણભાઇ સૂર્યકાંતભાઇ વેગડ | અંજાર | 7,000 |
| 08. | શ્રી સૂર્યકાંત દયારામભાઇ રાઠોડ઼ | યૂ.કે. | 21,000 | 45. | શ્રી દિલીપભાઇ નરભેરામભાઇ ચૌહાણ | ભિલાઇ | 7,000 |
| 09. | શ્રી દાનપેટી | દુર્ગ | 18,751 | 46. | શ્રી ડોલરભાઇ હિરેન્દ્રભાઇ પરમાર | દુર્ગ | 7,000 |
| 10. | શ્રી કિરણભાઇ પરમાર | પૂના | 16,500 | 47. | ગં.સ્વ. મુક્તાબેન બલદેવભાઇ ચાવડ઼ા | ભોપાલ | 6,269 |
| 11. | શ્રી માં બ્રહ્માણી કૃષિ ફાર્મ | દુર્ગ | 16,000 | 48. | ગં.સ્વ. દુર્ગાબેન કેશવજીભાઇ પરમાર | રાયપુર | 5,500 |
| 12. | શ્રી રામ ભરોસે | દુર્ગ | 15,000 | 49. | ગં.સ્વ કૃષ્ણાબેન માવજીભાઇ ચાવડા | શહડોલ | 5,101 |
| 13. | શ્રી મુકેશભાઇ ચિમનભાઇ રાઠોડ઼ (ચોખા માટે) | ભિલાઇ | 14,000 | 50. | બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર | માધાપર | 5,100 |
| 14. | શ્રી રીટાબેન ચંદુલાલભાઇ સોલંકી | દુર્ગ | 11,001 | 51. | શ્રી દયારામભાઇ હીરજીભાઇ ટાંક | દુર્ગ | 5,100 |
| 15. | શ્રી રામ ભરોસે | નાગપુર | 11,000 | 52. | શ્રી દિલીપભાઇ જયંતીભાઇ મારૂ | ભિલાઈ | 5,100 |
| 16. | શ્રી નયનભાઇ કેશવજીભાઇ ચાવડ઼ા | ચાંડીલ | 11,000 | 53. | શ્રી કિશોરભાઇ પુરષોત્તમભાઇ પરમાર | દુર્ગ | 5,100 |
| 17. | ગં.સ્વ. કાંતાબેન પુરૂષોત્તમભાઇ ટાંક | નાગપુર | 11,000 | 54. | શ્રીમતી રૂક્ષ્મણીબેન પુરષોત્તમભાઇ ચાવડ઼ા | રાયપુર | 5,100 |
| 18. | ગં.સ્વ. કાંતાબેન ત્રિકમજીભાઇ ચાવડ઼ા | જગદલપુર | 11,000 | 55. | ટીમ રાયપુર ઘટક | રાયપુર | 5,100 |
| 19. | શ્રી ભાવેશભાઇ ગીરધરલાલભાઇ ખોડિયાર | રાયપુર | 11,000 | 56. | શ્રી ભરતભાઇ કાંતીલાલભાઇ સાવરીયા | રાયપુર | 5,100 |
| 20. | શ્રી યોગેશભાઇ હરિલાલભાઇ ટાંક | રાંચી | 11,000 | 57. | શ્રી ભરત હીરજીભાઇ ચાવડ઼ા | રાયપુર | 5,100 |
| 21. | શ્રી ભુપેન્દ્રભાઇ કાંતીલાલભાઇ ચૌહાણ | અમદાવાદ | 11,000 | 58. | શ્રી શૈલેશભાઇ ચાવડ઼ા | - | 5,001 |
| 22. | શ્રી પ્રમોદભાઇ રામજીભાઇ ચાવડ઼ા | દુર્ગ | 11,000 | 59. | શ્રી જશવંતભાઇ માવજીભાઇ ચૌહાણ | દુર્ગ | 5,001 |
| 23. | ગં.સ્વ. દયાગૌરીબેન દેવરામભાઇ ચાવડ઼ા | દુર્ગ | 11,000 | 60. | ગં.સ્વ. વંદનાબેન સુનીલભાઇ સોલંકી | દુર્ગ | 5,001 |
| 24. | શ્રી રમેશભાઇ હરસુખભાઇ પરમાર | ભિલાઇ | 11,000 | 61. | શ્રી ગિરીશભાઇ વલમજીભાઇ સાવરીયા | ભિલાઇ | 5,001 |
| 25. | શ્રીમતી કુસુમબેન વલમજીભાઇ પરમાર | રાયપુર | 11,000 | 62. | ગં.સ્વ. નર્મદાબેન રતીલાલભાઇ પરમાર | દુર્ગ | 5,001 |
| 26. | ગં.સ્વ. જયવંતીબેન રમણીકભાઇ ટાંક | દુર્ગ | 11,000 | 63. | શ્રી કેશવજીભાઇ જીવણભાઇ યાદવ | પુણે | 5,000 |
| 27. | શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર | રાજનાંદગાંવ | 11,000 | 64. | શ્રી કેશવજીભાઇ જીવણભાઇ ચાવડા | - | 5,000 |
| 28. | શ્રી ભોગીલાલભાઇ ચાવડ઼ા | ભુજ | 11,000 | 65. | ગં.સ્વ. પ્રમિલાબેન રસીકલાલ ચાવડ઼ા | કુમ્હારી | 5,000 |
| 29. | શ્રીમતી કંચનબેન શાંતીલાલભાઇ જેઠવા | અંજાર | 11,000 | 66. | શ્રી નવિનભાઇ યાદવ | મુંબઇ | 5,000 |
| 30. | શ્રીમતી અમૃતબેન હરસુખભાઇ પરમાર | ભિલાઇ | 10,000 | 67. | ગં.સ્વ. કંચનબેન ભગવાનલાલભાઇ ચાવડ઼ા | રાયપુર | 5,000 |
| 31. | શ્રી રામ ભરોસે | રાયગઢ઼ | 8,000 | 68. | શ્રીમતી પુષ્પાબેન ધીરજભાઇ સોલંકી | દુર્ગ | 5,000 |
| 32. | શ્રી કુલદીપભાઇ રમેશભાઇ ચૌહાણ | ચૈન્નઇ | 7,500 | 69. | શ્રી ઉમેશકુમાર વલમજીભાઇ ટાંક | કોયમ્બટુર | 5,000 |
| 33. | શ્રી અંબાલાલ વીરજીભાઇ ચૌહાણ | બિલાસપુર | 7,500 | 70. | શ્રી જ્યોતીભાઇ માધવજીભાઇ ટાંક | દુર્ગ | 5,000 |
| 34. | શ્રી પ્રાણજીવનભાઇ ધારસીભાઇ ટાંક | સંબલપુર | 7,100 | 71. | સ્વ. શાંતીલાલ અમરસીભાઇ ચૌહાણ | કુમ્હારી | 5,000 |
| 35. | શ્રી હરીહરભાઇ ધરમશીભાઇ રાઠોડ઼ | ધનબાદ | 7,000 | 72. | શ્રી નારાયણભાઇ પુંજાભાઇ રાઠોડ઼ | દુર્ગ | 5,000 |
| 36. | શ્રી દિનેશભાઇ પરષોત્તમભાઇ રાઠોડ઼ | ચાંડીલ | 7,000 | 73. | શ્રી રામ ભરોસે | રાયપુર | 5,000 |
| 37. | શ્રી રાજભાઇ નરસીભાઇ સોલંકી | હૈદ્રાબાદ | 7,000 | 74. | શ્રી નરેન્દ્રભાઇ ચીમનભાઇ રાઠોડ઼ | દુર્ગ | 3,500 |

| ક્ર. | દાતાશ્રી | હાલ | રાશિ | ક્ર. | દાતાશ્રી | હાલ | રાશિ |
|---|---|---|---|---|---|---|---|
| 75. | સ્વ. ખીમજીભાઇ કાનજીભાઇ વાઘેલા | સંબલપુર | 3,100 | 109. | શ્રી યોગેશભાઇ હરિલાલ ટાંક | રાંચી | 1,151 |
| 76. | શ્રી શશીકાંતભાઇ અંબાલાલ ચૌહાણ | અમદાવાદ | 3,100 | 110. | શ્રી કિશોરભાઇ વાઘજીભાઇ ટાંક | બાલાઘાટ | 1,111 |
| 77. | શ્રી બલરામભાઇ જેઠાલાલ યાદવ | દુર્ગ | 3,100 | 111. | શ્રી રામ ભરોસે | દુર્ગ | 1,111 |
| 78. | શ્રી ગુણવંતભાઇ દયારામભાઇ ચાવડા | રાયગઢ | 3,001 | 112. | શ્રી પુનીતકુમાર ચૌહાણ | બેંગ્લોર | 1,101 |
| 79. | શ્રી હેમંતભાઇ ઇશ્વરલાલ ટાંક | ભિલાઇ | 3,001 | 113. | શ્રીમતી મુક્તાબેન કિશોરભાઇ ટાંક | કટક | 1,101 |
| 80. | શ્રી લલીતભાઇ કાંતીલાલ ચૌહાણ | દુર્ગ | 3,000 | 114. | શ્રીમતી ભાવનાબેન અશ્વિનભાઇ ચૌહાણ | વારાણસી | 1,101 |
| 81. | શ્રી મોહનલાલ અમરશીભાઇ ખોડિયાર | અંજાર | 3,000 | 115. | શ્રીમતી હંસાબેન મહેન્દ્રભાઇ રાઠોડ | નાગપુર | 1,100 |
| 82. | શ્રી હિતેશભાઇ મણીલાલ પરમાર | દામોદર(પબ) | 2,501 | 116. | શ્રી ધીરજલાલ પુરષોત્તમભાઇ ટાંક | દુર્ગ | 1,100 |
| 83. | શ્રીમતી મધુબેન પ્રદીપભાઇ સોલંકી | દુર્ગ | 2,501 | 117. | શ્રી રાજનાંદગાંવ ઘટક | રાજનાંદગાંવ | 1,100 |
| 84. | શ્રી કૈલાશભાઇ દેવેન્દ્રભાઇ રાઠોડ | ભિલાઇ | 2,500 | 118. | શ્રી હેમરાજભાઇ કુંવરજીભાઇ પરમાર | ડોંગરગઢ | 1,100 |
| 85. | શ્રીમતી મંજુબેન કિશોરભાઇ ચૌહાણ | ભિલાઇ | 2,500 | 119. | શ્રીમતી શાંતીબેન ધરમસીભાઇ વાઘેલા | ભિલાઇ | 1,100 |
| 86. | શ્રી કાંતીલાલ અમૃતલાલ રાઠોડ | ભિલાઇ | 2,500 | 120. | શ્રી કાંતીલાલ મનજીભાઇ પરમાર | રાયપુર | 1,100 |
| 87. | શ્રી ભરતભાઇ રતીલાલ ચાવડા | દુર્ગ | 2,501 | 121. | શ્રી વાસુદેવ ખીમજીભાઇ વરૂ | રાજનાંદગાંવ | 1,100 |
| 88. | શ્રી મનોહરભાઇ માધવજીભાઇ ટાંક | રાયપુર | 2,500 | 122. | શ્રીમતી ગીતાબેન ચાવડા | સિકંદરાબાદ | 1,100 |
| 89. | શ્રી ઉદયભાઇ અરૂણભાઇ વરૂ | રાયપુર | 2,500 | 123. | શ્રીમતી પુષ્પાબેન પ્રાગજીભાઇ ટાંક | દુર્ગ | 1,100 |
| 90. | શ્રી પ્રવિણકુમાર મોરારજીભાઇ ચૌહાણ | હૈદ્રાબાદ | 2,200 | 124. | શ્રી ખેમરાજભાઇ કાનજીભાઇ ચાવડા | યૂ.એસ. | 1,100 |
| 91. | શ્રી રમણીકલાલ ખીમજીભાઇ વાઘેલા | સંબલપુર | 2,200 | 125. | સ્વ. જગદીશભાઇ મોરારભાઇ રાઠોડ | પુના | 1,001 |
| 92. | શ્રી રામ ભરોસે | કોરબા | 2,111 | 126. | શ્રી મધુકાંતભાઇ ગોપાલભાઇ ચાવડા | ભિલાઇ | 1,001 |
| 93. | શ્રીમતી હંસાબેન ઉમેશભાઇ રાઠોડ | ચાંદીલ | 2,100 | 127. | શ્રી નંદકુમાર પ્રાગજીભાઇ રાઠોડ | દુર્ગ | 1,001 |
| 94. | શ્રીમતી મીનાબેન ચાવડા | સુરત | 2,100 | 128. | શ્રી ગિરીશભાઇ પુરષોત્તમભાઇ ચાવડા | રાજનાંદગાંવ | 1,000 |
| 95. | શ્રી રામ ભરોસે | દિલ્હી | 2,100 | 129. | શ્રી ચંદ્રેશભાઇ નરભેરામભાઇ પરમાર | દુર્ગ | 1,000 |
| 96. | શ્રી પોપટલાલ ભાનુભાઇ ચાવડા | રાનીગંજ પબ | 2,100 | 130. | સ્વ. લક્ષ્મીબેન ટાંક (અરૂણભાઇ) | ખરસિયા | 1,000 |
| 97. | શ્રીમતી કાંતાબેન બાબુલાલ ચૌહાણ | કાંટાભાજી | 2,100 | 131. | શ્રી રાજેશભાઇ લીલાધરભાઇ ચાવડા | ડોંગરગઢ | 505 |
| 98. | શ્રી કૃષ્ણકાંત શામજીભાઇ ચાવડા | પુના | 2,100 | 132. | શ્રી નીતીનભાઇ ટાંક | દુર્ગ | 501 |
| 99. | શ્રી ભરતભાઇ છગનલાલ ચૌહાણ | અમદાવાદ | 2,100 | 133. | શ્રી ગિરીશભાઇ ધારસીભાઇ ટાંક | દુર્ગ(સેલુદ) | 501 |
| 100. | શ્રી પ્રવિણભાઇ જાદવજીભાઇ પરમાર | દુર્ગ | 2,100 | 134. | શ્રી મયૂરભાઇ નાનાલાલ પરમાર | રાયપુર | 501 |
| 101. | શ્રી રામ ભરોસે | કુમ્હારી | 2,100 | 135. | શ્રી વિનોદભાઇ દયારામભાઇ ટાંક | રાયપુર | 501 |
| 102. | શ્રી રતીલાલ ચૌહાણ | ભિલાઇ | 2,100 | 136. | શ્રી ધર્મેન્દ્રભાઇ રમેશચન્દ્ર ચાવડા | રાયપુર | 500 |
| 103. | ગં.સ્વ. રેણુકાબેન હરિલાલ વાઢેર | રાંચી | 2,100 | 137. | શ્રી હેમરાજભાઇ કાનજીભાઇ ચાવડા | દુર્ગ | 500 |
| 104. | સ્વ. ભુપેન્દ્રભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ | નાગપુર | 2,100 | 138. | શ્રી મધુકાંતભાઇ અમૃતલાલ વાઢેર | ભિલાઇ | 500 |
| 105. | ગં.સ્વ. મૃદુલાબેન મુકુંદભાઇ ચાવડા | દુર્ગ | 2,100 | 139. | સ્વ. વિમલાબેન રાઠોડ (પપ્પુભાઇ) | ખરસીયા | 500 |
| 106. | શ્રી નવિનકુમાર લલીતભાઇ ટાંક | ભિલાઇ | 2,001 | 140. | શ્રી જયકાંતભાઇ યાદવ | ભિલાઇ | 350 |
| 107. | શ્રી રામ ભરોસે | ધનબાદ | 1,500 | 141. | શ્રીમતી શીલાબેન વરજાંગભાઇ રાઠોડ | રાયપુર | 210 |
| 108. | શ્રી નવિનભાઇ પરમાર | રાયપુર | 1,500 | 142. | સ્વ. વરજાંગભાઇ ભુવનભાઇ રાઠોડ | રાયપુર | 200 |
| | | | | | | કુલ યોગ | 10,52,644/- |

**વિશેષ નોંધ :**

- જાણકારીના અભાવમાં અમુક દાતાશ્રીઓનાં નામની આગળ સમ્માન સુચક શ્રી, શ્રીમતી, ગં.સ્વ. શબ્દોનો ઉલ્લેખ નથી તે દરગુજર કરવા વિનંતી.
- ઉપરોક્ત સુચિ ખૂબજ કાળજી અને સાવધાની સાથે બનાવેલ છે, તો પણ માનવીય ભૂલના કારણે ત્રુટિ રહી જવી સંભવ છે ભુલ સુધાર માટે પ્રભારીશ્રીઓને જાણ કરવા નિવેદન.
- ભાગવતજીનું અનુદાન મહાસભાના અંજાર એક્સીસ બેંક ખાતે સીધે જમા લેવામાં આવ્યું છે, જાણકારીના અભાવમાં કોઇ દાતાશ્રીનું નામ ઉપરોક્ત સુચિમાં છુટી ગયું હોય તો તરત જ પ્રભારીશ્રી રાયપુર (98271 56979) અને દુર્ગ (98271 77118) ને જાણ કરવા નિવેદન જેથી અનુદાન અને નામ હિસાબનાં લેતા આવતા અંકમાં પ્રકાશિત કરી શકાય.
- 1000/- થી નીચેનું અનુદાન તેમજ રૂા. 1000/- થી નીચેનું ગુપ્ત દાન એક સાથે જોડીને દર્શાવેલ છે.

ભરત હીરજીભાઇ ચાવડા (98271 56979) પ્રભારી ભાગવતજી, રાયપુર (છ.ગ.) ||| નારાયણ પુંજાભાઇ રાઠોડ ( 98271 77118)પ્રભારી ભાગવતજી, દુર્ગ (છગ)

# શ્રી મદ્ ભાગવતજી આયોજન આવક – જાવક ખાતું

લાભ પાંચમ, શનિવાર, તા. 29 અક્ટુબર 2022

| રાશિ | આવક | રાશિ | જાવક |
|---|---|---|---|
| 10,52,644/- | યજમાનશ્રી / દાતાશ્રી (સુચિ અનુસાર) | 40,120/- | મોમેન્ટો (સ્મૃતિ ચિન્હ) |
| | અને ગૌ ગ્રાસ દાન પેટીથી મેડેલ | 5,517/- | શાલ - પ્રિન્ટેડ ખેસ |
| | કુલ અનુદાન રાશિ | 3,53,697/- | ભોજન (8 દિવસનું) અને હવન મહાપ્રસાદ ખર્ચ |
| | | 41,590/- | સ્ટેશનરી અને ફ્લેક્સ |
| | | 63,000/- | લાઈવ પ્રસારણ અને ફોટોગ્રાફી ખર્ચ (સ્નેપ એન્ડ શુટ) |
| | | 40,355/- | લેબર અને સફાઇ ખર્ચ |
| | | 11,420/- | પ્રસાદી ખર્ચ |
| | | 22,577/- | ઉત્સવ ઉજવણી ખર્ચ |
| | | 16,700/- | શોભાયાત્રા ખર્ચ |
| | | 4,202/- | હવન ખર્ચ |
| | | 1,51,000/- | વ્યાસપીઠ વક્તાને દક્ષિણા ભેંટ (શ્રી તેજશ મારાજ, અંજાર) |
| | | 45,940/- | શ્રી તેજશ મારાજ અને ભજનિકનું યાત્રા ખર્ચ |
| | | 10,200/- | ગૌ-ગ્રાસનો ચારો અને વૃદ્ધાશ્રમ અનુદાન |
| | | 1,42,370/- | મંડપ, લાઇટ, માઇક અને વિદ્યુત બિલ |
| | | 5100/- | શ્રી વાસુંરી વાદન (શ્રી વિવેકભાઈ ટાંક) |
| | | 11,000/- | શ્રી ભજન સંધ્યા (શ્રી પ્રકાશ મારાજ, ભિલાઈ) |
| | | 21,000/- | શ્રી હનુમાન ચાલિસા પાઠ(શ્રી મિતેશ પરમાર, ગોંદિયા) |
| | | 17,338/- | શ્રી સાંસ્કૃતિક આયોજન વેશભુષા માટે ભાડું |
| | | 5,303/- | ઑનલાઇન માટે ઇન્ટરનેટ ખર્ચ |
| | | 10,08,429/- | કુલ ખર્ચ |
| | | 44,215/- | ખર્ચ થતા વધારેની આવક (બચત) (મહાસભા અન્નપુર્ણા યોજના અને વિશેષ આકસ્મિક આર્થિક સહાય ફંડ માટે જમા) |
| 10,52,644/- | | 10,52,644/- | |

ભરત હીરજીભાઇ ચાવડા (98271 56979)
પ્રભારી ભાગવતજી, રાયપુર (છ.ગ.)

નારાયણ પૂંજાભાઇ રાઠોડ (98271 77118)
પ્રભારી ભાગવતજી, દુર્ગ (છગ)

## પ્રાપ્ત અનુદાન (ઘટક અનુસાર )

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. દુર્ગ ઘટક | 3,90,622/- | 14. રાંચી | 14,251/- | 27. કોયમ્બટુર | 5,000/- |
| 2. નાગપુર ઘટક | 76,200/- | 15. રાજનાંદગાંવ | 14,200/- | 28. મુંબઇ | 5,000/- |
| 3. માધાપર ઘટક | 76,100/- | 16. સંસ્થાગત અને અન્ય | 12,502/- | 29. કોરબા | 2,111/- |
| 4. ભિલાઇ | 69,654/- | 17. રાયગઢ | 12,501/- | 30. દેલ્હી | 2,100/- |
| 5. રાયપુર ઘટક | 67,412/- | 18. સંબલપુર ઘટક | 12,400/- | 31. કાંટાભાજી | 2,100/- |
| 6. જબલપુર | 51,000/- | 19. કુમ્હારી | 12,100/- | 32. રાનીગંજ | 2,100/- |
| 7. ભોપાલ | 42,270/- | 20. ભુજ | 11,000/- | 33. સૂરત | 2,100/- |
| 8. પૂના | 24,601/- | 21. ડોંગરગઢ | 8,605/- | 34. બાલાઘાટ | 1,111/- |
| 9. અંજાર ઘટક | 21,000/- | 22. ધનબાદ | 8,500/- | 35. બેંગલુર | 1,101/- |
| 10. યુ.કે. | 21,000/- | 23. બિલાસપુર | 7,500/- | 36. કટક | 1,101/- |
| 11. જમશેદપુર (ચાંડીલ) | 20,100/- | 24. ચૈન્નઇ | 7,500/- | 37. વારાણસી | 1,101/- |
| 12. હૈદ્રાબાદ સિકન્દ્રાબાદ | 17,300/- | 25. લાતુર ઘટક | 7,000/- | 38. USA | 1,100/- |
| 13. અમદાવાદ ઘટક | 16,200/- | 26. શહડોલ | 5,101/- | | |

યોગ 10,52,644/-

॥ ॐ શાંતિ ॥

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# 'સંજીવની-૪'

*The Lifeline.....*



**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**

(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની')

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

**Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288**

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

'સંજીવની સમ્રાટ' સમાજરત્ન

શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર - માધાપર

'સંજીવની સરતાજ' શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ

'સંજીવની સરતાજ' શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા

શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર

સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર

સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત

શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ

શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના

શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના

શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ

શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ - અંજાર-કલ્યાણ

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી ::**

શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર

(પ્રભારી : મહિલા ઉત્કર્ષ સમિતિ - મહાસભા)

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ

શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)

શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ

શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (એન્જી.બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)

શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના

શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર (પૂર્વઉપપ્રમુખશ્રી મહાસભા)

શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)

શ્રી હંસરાજભાઇ જીવરામભાઇ પરમાર - આદીપુર

શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ - વડોદરા

(પ્રમુખશ્રી અ.ભા.યુવા મહામંડળ, પ.ઝોનલ ચેરમેન 'સંજીવની')

શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર - વડોદરા

શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર - અબુધાબી (યુ.એ.ઇ.)

શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ

(પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)

શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીયાદ

શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા

શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ

શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)

શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર

શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાક્ટર પરિવાર - અમદાવાદ

શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર - મુંબઇ

શ્રી હરગોવિંદભાઇ હેમરાજભાઇ ચૌહાણ પરિવાર - કુકમા

શ્રી સૌભાગ્યલાલ જયરામભાઇ વાઢેર પરિવાર - રાયપુર

'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ - ધનબાદ

શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ - ઉદયપુર (રાજ.)

હ. જુગલ ચૌહાણ - સાઉદીઅરેબીયા

શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ - નાગપુર

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦/-ના સ્નેહી દાતાશ્રી ::**

શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)

શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)

શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)

ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)


શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા - જયપુર (રાજ.)

શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક - અમદાવાદ (ગુજ.)

શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદિપુર

શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)




શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in




Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314


નમસ્કાર... **મહાસભાના પ્રમુખશ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા**ના ઉર્જાવાન નેતૃત્વ હેઠળ મહાસભા દ્વારા અનેક સેવાકાર્યો થઇ રહ્યા છે તેના આનંદની નોંધ સાથે અભિલાષા સમિતિના માધ્યમથી સમાજના શિક્ષણપ્રેમી દાતાશ્રીઓના સહયોગ સાથે આર્થિક રીતે નબળા છાત્રોને અપાતી શિક્ષણ સહાયની જ્યોત જલતી રહે છે. આ જ્યોતમાં આર્થિક સહયોગ રૂપી દિવેલ પુરવાના ક્રમમાં આપણે નોંધ લઇ આભાર વ્યક્ત કરીશું... અ.ભા.મહિલા મહામંડળના પૂર્વ મહામંત્રી, સમાજ સેવી શિક્ષિત દંપતિ **શ્રીમતી પ્રતિમાબેન તથા શ્રી શાંતિલાલભાઇ રામજીભાઇ પરમાર – અમદાવાદ/યુ.એસ.** (દેવળીયા)ના ખુશાલી દાની... આદરણીય પ્રતિમાબેન પરમારના જન્મદિવસ (તા. ૯/૧૧)ની ખુશાલીમાં આ સમાજપ્રેમી દંપતિ તરફથી રૂા. ૧૧૦૦૦નું દાન શિક્ષણ સહાય હેતુથી આ સમિતિને પ્રાપ્ત થયેલ છે. શિક્ષણનું સાચું મહત્વ સમજી પ્રસંગોપાત દાન આપનાર આ ખુશહાલ દંપતિ કે જેઓ યુ.એસ.માં રહીને પણ પોતાના સમાજની ચિંતા સેવે છે તેમને ખૂબ ખૂબ અભિનંદન... આભાર... આભાર !



દાનદાતાશ્રીઓના આ ક્રમમાં આપણા માદરેવતન રેતાળ ભૂમિના હેતાળ માનવી તરીકે સમાજબાંધવોના હૃદયમાં સ્થાન પામેલા આપણા આધ્યાત્મિક વ્યક્તિત્વ અને **મહાસભાના ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર**ના વિનમ્ર આર્થિક યોગદાનને યાદ કરીશું... અવસરને ઉજાગર કરવાના ધ્યેય સાથે હંમેશા આ સમિતિના સહયોગી બનતા બ્ર.કુ. શ્રી બાબુભાઇ તરફથી તેમના જન્મદિવસ દેવદિવાળીના શુભ અવસરે રૂા. ૫૧૦૦/-નું શિક્ષણ દાન પ્રાપ્ત થયેલ છે... આભાર... વંદન... ઓમ શાંતિ... બ્ર.કુ. બાબુભાઇ !





આપણો સમાજ મીઠપવાળા માનવીઓથી હર્યો ભર્યો છે તેનું આત્મિય ઉદાહરણ એટલે મૂળ ગામ સિનુગ્રાના હાલે ગાંધીનગર નિવાસી સમાજપ્રેમી અને અમારા સૌના આદરણીય **શ્રી રસિકભાઇ હરીલાલ ચૌહાણ...** રશ્મિબેન તથા રસિકભાઇની આદર્શ જોડીએ કચ્છમાં વર્માનગર ઘટકથી આરંભેલી સામાજીક યાત્રા ગાંધીનગર પહોંચ્યા પછી પણ અવિરતપણે ચાલી રહી છે. સંગીત પ્રિય, ધાર્મિક, આધ્યાત્મિક અને સદ્ભાવી વ્યક્તિના ધની શ્રી રસિકભાઇ ચૌહાણ તરફથી તેમના જન્મદિવસ (તા. ૧૫/૧૦) શુભ અવસરે રૂા. ૫૦૦૦નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. ખુબ ખુબ આભાર... પ્રણામ રસિકભાઇ !

આ રીતે **માધાપર નિવાસી શ્રી હિમાંશુભાઇ પરમાર** તરફથી તેમના સ્વ. પિતાશ્રી અને વિદ્યાપ્રેમી સાક્ષર સ્વ. નિરંજનભાઇ દાનાભાઇ પરમારના જન્મદિવસ (તા. ૧/૧૦)ની ખુશાલીમાં રૂા. ૧૦૦૧ તથા આપણા સમાજના બહુમુખી અને પ્રતિભાવાન મહિલા વ્યક્તિત્વ અ.ભા.મહિલા **મહામંડળના ચેરપર્સન શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ** તથા તેમના પુત્રવધુ શ્રીમતી લાભિકાબેન રાઠોડના જન્મદિવસ (તા. ૧૬/૧૧) શુભઅવસરે રૂા. ૧૧૦૦ નું વિદ્યાદાન પ્રાપ્ત થયેલ છે. બંને દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર... અને છેલ્લે જેમના અવિસ્મરણીય સહયોગથી અભિલાષા સમિતિનું ભાવી સદૈવ ઉજ્વલ છે એવા **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી**ના માસિક અનુદાન રૂા. ૫૦૦૦ (માસ નવે. ૨૨)ની સહર્ષ સાભાર નોંધ લઇએ...

જય સીયારામ... જય સમાજ...

વિનોદ લીલાધર ચૌહાણ – પ્રભારી અને ઉપપ્રમુખ



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ** **ચેરપર્સન : શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભભાઇ રાઠોડ - જાલના**
રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

ગૌરવવંતી માતૃ સંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વાવલંબન સાથે આત્મનિર્ભર બનવાના ઉદ્દેશ સાથે ૧૪ ઓક્ટોબર-૨૦૨૨ના રોજ ફેસબુક લાઇવ પર "Learn & Earn" નો ૨૨મો પ્રોજેક્ટ દિવાળી સ્પેશ્યલ ફ્યુઝન ડેઝર્ટ્સ એન્ડ સ્વીટ્સનો વર્કશોપ ગુજરાત પ્રાદેશિક અંતર્ગત અમદાવાદ ઘટકના **શ્રીમતી બીનાબેન યાદવ** દ્વારા સફળતાપૂર્વક લેવામાં આવેલ.




શ્રીમતી બીનાબેન રિતેશભાઇ યાદવએ શ્રીમતી જશવંતીબેન નાનાલાલભાઇ યાદવ - કુકમાના પુત્રવધુ અને શ્રીમતી વનીતાબેન વલમજીભાઇ ચૌહાણ - અમદાવાદના સુપુત્રી છે. તેઓએ બી.એસ.સી. કેમેસ્ટ્રીમાં ગ્રેજ્યુએશન કરેલ છે.

દરેક વ્યક્તિને કાંઇકને કાંઇક હોબી હોય છે. બીનાબેનને જાત જાતની સ્વાદિષ્ટ વાનગીઓ, મીઠાઇઓ અને ડિઝાઇનર કેક બનાવવામાં ખુબજ રૂચી છે. કોઇપણ વાનગી કઇ રીતે સરળતાથી અને સ્વાદિષ્ટ બનાવી શકાય તેમાં હંમેશા કાર્યરત રહે છે. તેમનો પોતાનો ડિઝાઇનર કસ્ટમાઇઝ હોમકેક બનાવવાનો હોમ બિઝનેસ છે. જેનું બ્રાન્ડ નેમ 'કેક હબ' છે. તેમને પોતાની યુ-ટ્યુબ ચેનલ છે. જેનું નામ 'ટેન્ગી કિચન' છે. જેમાં જાત જાતની વાનગીઓ, મીઠાઇઓ, શરબતો અને બીજી ઘણી વસ્તુઓના ૩૫૫ રેસીપીના વીડીયો છે. સાથે તેઓ કેક શીખવાડવાના ક્લાસ પણ ચલાવે છે.



બીનાબેનને પોતાના અનુભવથી માનવું છે કે કોઇપણ જાતની વાનગી સ્વાદિષ્ટ તો બનવી જ જોઇએ પણ સાથે તેમાં વપરાયેલ સામગ્રીઓ શરીર માટે ફાયદાકારક હોય તે મહત્વનું છે અને સાથે વાનગીનું પ્રેઝન્ટેશન અને પેકીંગ પણ તેટલું જ મહત્વનું છે. કારણ કે અગર જો આપણે આ વાનગીને હોમ બિઝનેસ તરીકે બનાવતા હોય ત્યારે તેનો સરસ દેખાવ કસ્ટમરને પહેલા આકર્ષિત કરે છે અને પછી કસ્ટમર સ્વાદની ચકાસણી કરે છે અને પસંદ આવશે તો વારંવાર ઓર્ડર મળતા રહેશે. સાથે માઉથ ટુ માઉથ... એડવર્ટાઇઝીંગ પણ થતું રહેશે. સાથે જ બીનાબેને સોશ્યલ મિડિયાનો એડવર્ટાઇઝીંગ માટે કઇ રીતે ઉપયોગ કરવો આ બાબતની ખુબજ મહત્વની માહિતિ આપેલ.

બીનાબેને આ લાઇવ વર્કશોપમાં દિવાળીને લગતી મીઠાઇઓ ઘરે કઇ રીતે બનાવવી તેના ડેમોન્સ્ટ્રેશનમાં (૧)




ડાયમંડ કેક (૨) કાજુ કસાટા (૩) મોતીચુર ગ્લાસ શોટ (૪) રોઝ માવા ટ્રફલ (૫) મિલ્ક બોમ્બ બોમ્બસ આ પાંચ મીઠાઇઓ સાથે સરપ્રાઇઝ સ્વીટ્સમાં (૧) કાજુ સ્ટ્રોબેરી (૨) અંજીર બાસ્કેટ (૩) અનારકલી આવી રીતે ટોટલ આઠ આકષક અને સ્વાદિષ્ટ મીઠાઇઓ શિખવાડી હતી. આ મીઠાઇઓ કાજુ, ચોકલેટ અને મોતીચુરના લાડુમાંથી બનાવેલ હોઇ એટલી આકર્ષક દેખાતી હતી કે જોઇને જ ખાવાની ઇચ્છા થઇ જાય. તેમણે સમજાવ્યું હતું કે જો તમે કાજુની મીઠાઇ બનાવતા આવડી જાય તો તમે કોઇપણ જાતની અલગ-અલગ મીઠાઇઓ ખુબજ સરળતાથી બનાવી શકશો. કાજુની મીઠાઇના બજાર ભાવ ઘણા ઉંચા હોય છે જ્યારે ઘરે બનાવેલ કાજુની મીઠાઇ ખુબજ ઓછા ભાવે બનાવી શકીએ જેનાથી અગર આપણે વેચાણ કરીએ તો





પણ સારો એવો નફો મળી શકે છે.

શ્રીમતી બીનાબેનનું કહેવું છે કે મહિલા ઉત્કર્ષ સમિતિ આપણા સમાજની બહેનો માટે નિત્ય નવા-નવા પ્રોજેક્ટ લાવી રહ્યા છે જેનાથી સમાજની બહેનોમાં ખુબજ ઉત્સા વધ્યો છે અને તેમના માટે કાંઇકને કાંઇક નવું શીખવાનું ઉપયોગી બની રહ્યું છે. આજના સમયમાં ઘણી મહિલાઓ માટે ઘરની બહાર જઇ નોકરી કરવી શક્ય હોતી નથી તેવા સમયમાં મહિલા ઉત્કર્ષ સમિતિનો આ ખુબજ સફળ પ્રયાસ બધાને પ્રેરણાત્મક અને ફાયદાકારક બની રહ્યો છે. આની સાથે સમાજની ઘણી મહિલાઓમાં છુપાયેલું ટેલેન્ટ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે બહાર લાવવાનું અને સાથે બીજી મહિલાઓને પ્રોત્સાહિત કરવાનો અને લાભ મળવાનો સુંદર પ્રયાસ છે જે આપણા સમાજના વિકાસમાં મદદરૂપ થઇ રહ્યો છે. તેઓ કહે છે કે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિના પ્રભારી શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ અને તેમની ટીમ ખુબજ ઉત્સાહપૂર્વક અને સુચારૂરૂપે આ કાર્યનું સંચાલન કરી રહ્યા છે. દરેક પ્રોજેક્ટમાં ભાગ લેનાર બહેનોને મીતાબેન તરફથી ખુબજ સરસ રીતે માર્ગદર્શન અને સંપૂર્ણ માહિતિ મળી રહે છે. બીનાબેન મહિલા ઉત્કર્ષ સમિતિનો ખૂબ ખૂબ આભાર માને છે કે રાષ્ટ્રીય મહાસભાના આ મંચથી રાષ્ટ્રીય સ્તરે પ્રોજેક્ટ કરવાનો સુઅવસર એમને આપ્યો. મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ બીનાબેન જેવા કુકીંગ-બેકીંગ એક્સપર્ટ, બહુલક્ષી પ્રતિભા ધરાવતા, મહેનતુ, લાગણીશીલ, પ્રેમાળ સમાજસેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા બહેનને હૃદયથી સેલ્યુટ આપી... શબ્દસુમનોથી બીરદાવી... અભિનંદન આપી... તેમના ઉજ્જવલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે... અસ્તુ... જય સમાજ...

– અધ્યક્ષા : શ્રીમતી મીતાબેન રાઠોડ – લાતુર

C/o. શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી,
યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9825929591



શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411


# અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા નિબંધ સ્પર્ધા યોજોઇ

અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા કરવામાં આવતા રોચક આયોજનો અને યોજાતી વિવિધ સ્પર્ધાઓના ભાગ રૂપે ''મારી દષ્ટિએ આદર્શ સમાજ'' વિષય ઉપર ગુજરાતી અને હિન્દી ભાષામાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં ભારતભરમાંથી બહોળી સંખ્યામાં યુવતી, યુવક, ભાઇઓ અને બહેનોએ ભાગ લીધેલ હતો. જેમાં બંને ભાષામાં વિષયને અનુરૂપ હકારાત્મક અને ચિંતનાત્મક લેખન દ્વારા આદર્શ સમાજની પરિભાષા રજુ કરી પોતાની લેખન શક્તિનો પરિચય આપેલ હતો.




સ્પર્ધામાં વિજેતા બનેલા સ્પર્ધકોના ઇનામોના પ્રાયોજક તરીકે શ્રીમતી માયાબેન દિપકભાઇ ચૌહાણ - ભુજ (મંત્રી, આરોગ્ય સમિતિ) એ પોતાની સેવા આપેલ હતી તેમજ સ્પર્ધાના નિર્ણાયક તરીકે આપણા સમાજના આદર્શ શિક્ષક દંપત્તિ શ્રીમતી રસીલાબેન તથા શ્રી સુરેશભાઇ રણછોડભાઇ પરમાર - દેશલપર (ભુજ)એ પોતાની સેવાઓ આપેલ હતી.

સ્પર્ધાના આયોજન બાબતે અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીએ જણાવ્યું હતું




કે, મનુષ્ય એક સામાજીક પ્રાણી છે. દરેક વિચાર શીલ અને કર્તવ્ય પરાયણ મનુષ્ય પોતાનો સમાજ આદર્શ હોય તેવી કલ્પનાશક્તિ ધરાવતો હોય છે. આ નિબંધ સ્પર્ધાનો વિષય પોતાની લેખન શક્તિના માધ્યમથી આદર્શ સમાજની રચના માટેનીપરિકલ્પના સમાજના દરેક વર્ગ અને ઉંમરના ભાઇ-બહેનો કરી શકે તે હેતુથી પસંદ કરવામાં આવેલ છે અને ખુશીની વાત છે કે મોટી સંખ્યામાં સમાજબાંધવોએ ભાગ લઇ સ્પર્ધાને સફળ બનાવેલ છે. મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણે આવી લેખન સ્પર્ધાઓ સામાજીક ઉત્કર્ષની ભાવના પ્રબળ બનાવે છે તથા સમાજના શુભચિંતકો તરફથી મળતા નવા નવા વિચારોથી આદર્શ સમાજની રચના થઇ શકે તેમ જણાવેલ હતું. મહામંત્રી શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણે સૌ સ્પર્ધકો તેમજ પ્રાયોજક દાતા શ્રીમતી માયાબેન ચૌહાણ, નિર્ણાયક બેલડી શ્રીમતી રસીલાબેન તથા શ્રી સુરેશભાઇ પરમારનો આભાર માનીને નિબંધ સ્પર્ધાના માધ્યમથી લેખિત રૂપે આવેલા વિચારો આદર્શ સમાજના નિર્માણમાં અવશ્ય ભાગ ભજવશે તેવી આશા વ્યક્ત કરેલ હતી.

નિર્ણાયકશ્રીઓના નિર્ણય મુજબ નીચે મુજબ સ્પર્ધકો ક્રમવાર વિજેતા જાહેર થયા હતા.

(૧) ભાવનાબેન ગિરીશભાઇ ચૌહાણ - માધાપર
(૨) ઉષાબેન નવીનભાઇ ચૌહાણ - કુકમા
(૩) ખુશ્બુબેન પિયુષભાઇ ચૌહાણ - ધનબાદ
(૪) ગીતાબેન દિલીપભાઇ ચૌહાણ - ભુજ
(૫) પ્રકાશભાઇ પુરૂષોત્તમભાઇ ટાંક - બિલાસપુર
(૬) હસ્મિતાબેન દેવેન્દ્રભાઇ પરમાર - ભુજ
(૭) પ્રિયંકાબેન લીલાધરભાઇ રાઠોડ - નાગલપર
(૮) જશ્મીબેન તપેશભાઇ સોલંકી - ઔરંગાબાદ
(૯) હિતેશભાઇ દયારામભાઇ ચૌહાણ - વડોદરા
(૧૦) રમીલાબેન રમેશભાઇ વેગડ - પુના

તમામ વિજેતા સ્પર્ધકોને અખિલ ભારતીય મહિલા મહામંડળ તરફથી ખુબ ખુબ અભિનંદન...

જય સમાજ... જય નારી શક્તિ...

રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - મહામંત્રી
ગીતાબેન નટવરભાઇ ચૌહાણ - મહામંત્રી

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
## અખિલ ભારતીય મહિલા મહામંડળ

# કાર્યવાહક સમિતિની સભાનો પરિપત્ર

આથી અખિલ ભારતીય મહિલા મહામંડળના સર્વે પદાધિકારીશ્રીઓ, કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ, વિવિધ પેટા સમિતિના અધ્યક્ષ/મંત્રીશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા આમંત્રિત બહેનાને વિનંતી કે આ સત્રની **કાર્યવાહક સમિતિની બેઠક તા. ૩૦/૧૨/૨૦૨૨, શુક્રવારના સાંજે ૫.૩૦ કલાકે** ગોંદિયા ઘટકના સ્નેહમય આમંત્રણથી નીચેની વિગતે અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી-ભુજના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા સુચના સહ નિમંત્રણ છે.

**તા. ૩૦/૧૨/૨૦૨૨, શુક્રવારના સાંજે ૫.૩૦ કલાકે**
**મીટીંગ સ્થળ : મંદિર રામદેવરાનો હોલ, રેલટોલી, ગોંદિયા (મહારાષ્ટ્ર)**

**:: કાર્યસૂચિ ::**

★ સ્વાગત, પ્રભુ પ્રાર્થના, દિપ પ્રાગટ્ય,
★ દિવંગતોને શ્રદ્ધાંજલિ
★ અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્બોધન
★ હિસાબોની રજુઆત અને બહાલી
★ અ.ભા.મહિલા મહામંડળના હોદ્દેદારો તથા પેટા સમિતિઓના અધ્યક્ષોનો અહેવાલ
★ પ્રાપ્ત થયેલ સુચન-સુઝાવો ઉપર ચર્ચા-વિચારણા તથા નિર્ણય
★ આભારદર્શન, રાષ્ટ્રગીત ગાયન, સમાપન

**ખાસ નોંધ :** આ બેઠકમાં રજુ કરવાના થતાં આપના સુચન-સુઝાવો **તા. ૧૫/૧૨/૨૦૨૨** સુધી અખિલ ભારતીય મહિલા મહામંડળના મહામંત્રીઓ **શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – ભુજ (મો. ૯૪૨૬૪૫૪૯૯૯)** અથવા **શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ – નાસિકરોડ (મો. ૯૯૬૦૪૭૧૪૧૧)** ને અવશ્ય મોકલી આપવા વિનંતી છે.

**વિનિત**
**શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – મહામંત્રી**
**શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ – મહામંત્રી**

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
## અખિલ ભારતીય મહિલા મહામંડળ

# સામાન્ય સભાનો પરિપત્ર

આથી અખિલ ભારતીય મહિલા મહામંડળના સર્વે પદાધિકારીશ્રીઓ, કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ, વિવિધ પેટા સમિતિના અધ્યક્ષ/મંત્રીશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિવિધ ઘટકોના મહિલા મંડળોના પ્રમુખ/મંત્રીશ્રીઓ તથા બહેનોને વિનંતી છે કે આ સત્રની **સામાન્ય સભાની બેઠક તા. ૩૧/૧૨/૨૦૨૨, શનિવારના સવારે ૧૦.૦૦ કલાકે** ગોંદિયા ઘટકના સ્નેહમય આમંત્રણથી નીચેની વિગતે અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી-ભુજના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા સુચના સહ નિમંત્રણ છે.

**તા. ૩૧/૧૨/૨૦૨૨, શનિવારના સવારે ૧૦.૦૦ કલાકે**
**મીટીંગ સ્થળ : મંદિર રામદેવરાનો હોલ, રેલટોલી,ગોંદિયા (મહારાષ્ટ્ર)**

**:: કાર્યસૂચિ ::**

★ સ્વાગત, પ્રભુ પ્રાર્થના, દિપ પ્રાગટ્ય, દિવંગતોને શ્રદ્ધાંજલિ
★ શુભેચ્છા સંદેશાઓનું વાંચન
★ અ.ભા.મહિલા મહામંડળના આદ. પ્રમુખશ્રીનું ઉદ્બોધન
★ હિસાબોની રજુઆત અને બહાલી
★ સભાના અતિથિ મહાસભા પ્રમુખશ્રીનું ઉદ્બોધન
★ સભાના અતિથિ અ.ભા.યુવા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્બોધન
★ અ.ભા.મહિલા મહામંડળના ઉપપ્રમુખો, મહામંત્રીઓ, મંત્રીઓ તથા વિવિધ સમિતિઓના અધ્યક્ષોનો કામગીરી અહેવાલ
★ પ્રાદેશિક પ્રમુખશ્રીઓ તથા ઝોનલ પ્રમુખશ્રીઓનો કામગીરી અહેવાલ
★ આવેલ સુચન-સુઝાવો ઉપર ચર્ચા-વિચારણા તથા નિર્ણય
★ આગામી સેવાકિય આયોજના વિશે ચર્ચા-વિચારણા તથા નિર્ણય
★ પ્રમુખશ્રીની અનુમતિથી રજુ થાય તે
★ આભારદર્શન, રાષ્ટ્રગીત ગાયન, સમાપન

**ખાસ નોંધ :** આ બેઠકમાં રજુ કરવાના થતાં આપના સુચન-સુઝાવો **તા. ૧૫/૧૨/૨૦૨૨** સુધી અખિલ ભારતીય મહિલા મહામંડળના મહામંત્રીઓ **શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – ભુજ (મો. ૯૪૨૬૪૫૪૯૯૯)** અથવા **શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ – નાસિકરોડ (મો. ૯૯૬૦૪૭૧૪૧૧)** ને અવશ્ય મોકલી આપવા વિનંતી છે.

**વિનિત**
**શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – મહામંત્રી**
**શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ – મહામંત્રી**

# અખિલ ભારતીય મહિલા મહામંડળ

## પ્રિયદર્શિની એવોર્ડ સમારોહ (ગોંદિયા અધિવેશન)ની સૂચના

અખિલ ભારતીય મહિલા મહામંડળના વર્તમાન સત્રમાં વિવિધ ક્ષેત્રે સિદ્ધી પ્રાપ્ત કરી સમાજને ગૌરવ અપાવનાર ખ્યાતિ પ્રાપ્ત બહેનોને ''**પ્રિયદર્શિની એવોર્ડ**'' અર્પણ કરી સન્માનિત કરવામાં આવે છે. આ ક્રમમાં આગામી **ગોંદિયા અધિવેશન (તા. ૩૦ તથા ૩૧ ડીસે., ૧ જાન્યુ.)**માં **શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને** આયોજીત સામાન્ય સભામાં અખિલ ભારતીય મહિલા મહામંડળનું સુકાન સંભાળી તન-મન-ધનથી સેવા કરનાર અત્યાર સુધીના તમામ પ્રમુખો ''**પ્રિયદર્શિની એવોર્ડ**'' અર્પણ કરી સન્માનિત કરવામાં આવશે. આ સહર્ષ જાણકારીના માધ્યમથી અત્યાર સુધીના તમામ પ્રમુખશ્રીઓને આ ગ્રહણ કરવા ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

**શ્રીમતી રીટાબેન વી. ચૌહાણ – મહામંત્રી** **શ્રીમતી ગીતાબેન એન. ચૌહાણ – મહામંત્રી**

### અ.ભા.મહિલા મહામંડળ પ્રેરીત અંજાર મહિલા મંડળ સહકારી કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ આયોજીત

# ''જીવન સૌરભ સંસ્કાર શિબિર - ૨૦૨૨''નો અહેવાલ

'સમાજ માતૃશ્રી' સ્વ. ભાનુબેન જયરામભાઈ ચૌહાણ - મુંબઈએ પોતાના સ્વ ખર્ચે પ્રારંભ કરાવેલ સંસ્કાર શિબિર મહિલા ઉત્કર્ષ ઉપાયોની વિવિધક્ષી તાલીમ તથા માહિતિ-માગદર્શન આપવાનો હેતુથી અ.ભા.મહિલા મહામંડળનું સુત્ર ''સંસ્કાર, સેવા, સાધના એજ નારીની આરાધના'' આ સુત્રને સાર્થક કરતી ''જીવન સૌરભ સંસ્કાર શિબિર''નું વિરાટ આયોજન કચ્છ અંતર્ગત આવતા કચ્છના તમામ ૨૦ ઘટકોમાંથી ૨૮૦ જેટલી બહેન-દિકરીઓએ જીવન જીવવાની કળા, જીવનમાં સંપ, સેવા, આધ્યાત્મિક્તા, આત્મનિર્ભયતા, સ્વાવલંબી બનાવવા માટે શ્રેષ્ઠ પ્રશિક્ષકો દ્વારા પ્રસન્નતા, આત્મિયતા, સામાજીક્તા સભર વાતાવરણમાં માત્ર અને માત્ર બહેનોના સર્વાંગી વિકાસને વેગ આપતું વિશિષ્ઠ આયોજન તા. ૨૯-૧૦-૨૦૨૨, શનિવારથી તા. ૦૧-૧૧-૨૦૨૨, મંગળવાર દરમ્યાન શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત શેઠ શ્રી લીરાભાઈ રાજાભાઈ રાઠોડ એવં શેઠ શ્રી ધનજીભાઈ રતનશીભાઈ રાઠોડ વિદ્યાર્થી ભવન (મિસ્ત્રી) બોર્ડીંગ અંજારના પ્રાંગણમાં વિરાટ આયોજન કરવામાં આવેલ હતું.



શિબિરમાં પધારેલ સર્વે બહેનોએ તા. ૨૯-૧૦-૨૦૨૨ના રોજ રજીસ્ટ્રેશન અને આવાસ વ્યવસ્થા અંજાર મહિલા મંડળની બહેનો દ્વારા કરવામાં આવેલ હતી. રજીસ્ટ્રેશન

થઇ ગયા બાદ ભોજન, વિશ્રામ અને ત્યાર બાદ પરસ્પર પરિચર્યા, પરિચય, સ્નેહમિલન અને ગ્રુપ બનાવવામાં આવ્યા. રીટાબેન વિનોદભાઇ ચૌહાણ, ગીતાબેન ચૌહાણ દ્વારા રોચક ગેમ રમાડવામાં આવેલ હતી.

ત્યાર બાદ તા. ૩૦-૧૦-૨૦૨૨, રવિવારના સવારે ૬ થી ૭.૩૦ યોગ જેમના પ્રશિક્ષક શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર - અમદાવાદ અને શ્રીમતી અનિતાબેન નિતિનભાઇ ટાંક - આદીપુર હતા. તેમણે યોગ-પ્રાણાયામના લાભો, કસરતથી થતાં ફાયદાઓ વિશે માહિતી આપી હતી. ખુબજ મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ત્યાર બાદ કાર્યક્રમની શરૂઆતમાં શિબિર ઉદ્ઘાટનનો પ્રારંભ પ્રભુ પ્રાર્થના શ્રીમતી અવનીબેન વિશાંતભાઇ જેઠવાના મધુર કંઠેથી કરવામાં આવેલ હતી. ત્યાર બાદ મહેમાનો દ્વારા મંચ પર સ્થાન ગ્રહણ કરવામાં આવેલ અને તેઓને પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવેલ. સ્વાગત નૃત્ય કૃપા ચૌહાણ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ આપણા સમાજરત્ન આદ. શ્રી વિનોદભાઇ સોલંકી તેમના ધર્મપત્ની શ્રીમતી નીતાબેન સોલંકી - માધાપર (ઉપપ્રમુખ અ.ભા.મહિલા મહામંડળ) મુખ્ય પ્રાયોજકશ્રી તેમજ રાજયોગીની બ્રહ્માકુમારી ભારતીદીદી, અ.ભા.મહિલા મહામંડળ પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઇલાબેન અનંતભાઇ ચાવડા, અંજાર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન પ્રભુલાલ ચાવડા, અ.ભા.મહિલા મહામંડળના વરીષ્ઠ ઉપપ્રમુખ અને સંસ્કાર શિબિરના પ્રોજેક્ટ ચેરપર્સન શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઇ ટાંક, અ.ભા.મ.મહામંડળના ચેરપર્સન શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ, શ્રીમતી ઇન્દુબેન મનોજભાઇ સોલંકી - માધાપર (સહપ્રાયોજકશ્રી), શ્રીમતી રંજનબેન મનોજભાઇ વેગડ - ગાંધીધામ (સહપ્રયોજકશ્રી) (ઉપપ્રમુખશ્રી ક.પ્રા.મહિલા મંડળ), શ્રીમતી દીપીકાબેન ભોગીલાલભાઇ ચાવડા - મુન્દ્રા (સહપ્રાયોજકશ્રી), સ્વ. રસીલોબેન કાંતિલાલભાઇ જેઠવા - અંજાર (સહયોગી પ્રાયોજકશ્રી), શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર (સહયોગી પ્રાયોજકશ્રી) સંરક્ષકશ્રી અ.ભા.મહિલા મહામંડળતેમજ શ્રીમતી માધવીબેન વિનોદભાઇ જેઠવા - ઉપપ્રમુશ્રી અ.ભા.મહિલા મહામંડળ, અ.ભા.મહિલા મહામંડળના સર્વે પદાધિકારીશ્રીઓ શ્રીમતી ગીતાબેન એન. ચૌહાણ - નાસીક - મહામંત્રી, શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - ભુજ - મહામંત્રી, શ્રીમતી સવિતાબેન રતિલાલભાઇ ચૌહાણ - ગાંધીધામ - પૂર્વ પ્રમુખ અ.ભા.મ.મહામંડળ, શ્રીમતી મીનાબેન ગોપાલભાઇ ચૌહાણ - કલ્યાણ - પૂર્વ પ્રમુખ અ.ભા.મ. મહામંડળ, શ્રીમતી જમનાબેન દામજીભાઇ વરૂ - વડોદરા - પૂર્વ પ્રમુખ અ.ભા.મ.મહિલા મહામંડળ, શ્રીમતી આશાબેન નરેન્દ્રભાઇ ચૌહાણ - ઉદયપુર - સંસ્કાર શિબિર મંત્રી, શ્રીમતી વંદનાબેન વિનોદભાઇ ખોડિયાર - અંજાર - ઝોનલ પ્રમુખ, શ્રીમતી ઉષાબેન નવીનભાઇ ચૌહાણ - કુકમા - મંત્રી, શ્રીમતી અનસુયાબેન જેરામભાઇ પરમાર - કુકમા - સલાહકાર, શ્રીમતી તારાબેન રમેશભાઇ ટાંક - માધાપર - સહમંત્રી, શ્રીમતી ભાવનાબેન ભુપેન્દ્રભાઇ ટાંક - માધપર - પૂર્વ પ્રમુખ, શ્રીમતી દક્ષાબેન જીવરામભાઇ રાઠોડ - ખંભરા - પૂર્વ પ્રમુખ કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ, શ્રીમતી કંચનબેન કે. પઢિઆર - અંજાર પૂર્વ પ્રમુખ ક.પ્રા.મ.મંડળ, શ્રીમતી મીનાબેન રાજેન્દ્રભાઇ વેગડ - અંજાર - ચેરપર્સન ક.પ્રા.મ.મંડળ, શ્રીમતી સવિતાબેન જયંતિલાલ ચૌહાણ - ઉપપ્રમુખ ક.પ્રા.મ.મંડળ, શ્રીમતી તૃપ્તીબેન ગીરીશભાઇ પરમાર - મંત્રી, શ્રીમતી રિતુબેન રાકેશભાઇ ટાંક - સિનુગ્રા - સહમંત્રી, શ્રીમતી તરૂણાબેન અનિલભાઇ ચૌહાણ - કુકમા - સહમંત્રી, શ્રીમતી સંગીતાબેન પંકજભાઇ રાઠોડ - અંજાર - ખજાનચી, સુ.શ્રી શારદાબેન કાનજીભાઇ રાઠોડ - સહખજાનચી, કુમારી ભાવિકાબેન અમૃતલાલ ચાવડા - સાંસ્કૃતિક મંત્રી ક.પ્રા.મ.મંડળ. ઉપરોક્ત દાનદાતાશ્રીઓ સર્વે અ.ભા.મ. મહામંડળ, ક.પ્રા.મહિલા મંડળના સર્વે પદાધિકારી તેમજ અંજાર મહિલા મંડળના સર્વે



પદાધિકારીઓની ઉપસ્થિતિમાં દિપ પ્રજ્વલિત કરી શિબિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. તેમજ સર્વે મંચસ્થ મહાનુભાવોને ગીફ્ટ-સાલ અને પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. કચ્છ પ્રા. મ.મંડળના મહામંત્રી શ્રીમતી ઉષાબેન ચૌહાણે સર્વેને આવકાર આપેલ હતો. કચ્છ પ્રા. મ.મંડળ મંત્રી શ્રીમતી તૃપ્તીબેન પરમારે સર્વેનું સ્વાગત કરેલ હતું.

આશીર્વચન : બ્રહ્માકુમારી રાજયોગીની ભારતીદીદી દ્વારા બહેનોને આશીર્વચન પાઠવવામાં આવેલ. સંગઠનથી જ સમાજ છે અને સમાજથી આપણે છીએ. સંસ્કાર એ ભવિષ્યનો પાયો છે. સારા સંસ્કાર માટે સંકલ્પો કરવા પડશે એમ જણાવેલ હતું.

ઉદ્‌બોધન : શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી - પ્રમુખશ્રી અ.ભા.મહિલા મહામંડળે જણાવેલ કે બહેનોમાં શક્તિનો વાસ છે. જીવન સૌરભ સંસ્કાર શિબિર પૂ. ભાનુમાને પ્રારંભ પોતાના સ્વ ખર્ચે કરેલ હતો. આજે તેને આગળ ધપાવતા મને ખુબજ આનંદ થાય છે. દિકરી ત્રણ કુળને તારે છે. પોતાનું સાસું, માવતર અને મોસાળ મારી સાથે પ્રાદેશિક તથા અંજારની ટીમ ખભે ખભા મિલાવી કામ કરેલ છે. હું તેમને અભિનંદન આપું છું.

ઉદ્‌બોધન : શ્રીમતી ઇલાબેન અનંતભાઇ ચાવડા - પ્રમુખશ્રી કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ એ જણાવ્યું હતું કે, હર્ષની લાગણી અનુભવું છું કે ખુબજ સારી સંખ્યામાં બહેનોએ ઉત્સાહભેર રજીસ્ટ્રેશન કરાવેલ. અમારી અ.ભા.મ.મહામંડળની ટીમ, પ્રાદેશિક તેમજ અંજાર મહિલા મંડળની ટીમ સતત ત્રણ મહિનાથી મહેનત કરી રહ્યા હતા જે આજે સફળ થઇ દેખાય છે.

ઉદ્‌બોધન : શ્રીમતી આશાબેન નરેન્દ્રભાઇ ચૌહાણ - મંત્રી સંસ્કાર શિબિર એ સંસ્કાર શિબિર વિશે માહિતિ આપેલ એમનું મહત્વ સમજાવતા જણાવેલ કે આ સત્ર દરમ્યાન કોરોનાકાળ હોવા છતાં આ પાંચમી સંસ્કાર શિબિરનું આયોજન વિરાટ થઇ રહ્યું છે. ઓનલાઇન સ્પર્ધાઓ, મ્યુઝીક હાઉઝી, જેવા રોચક કાર્યક્રમો અમિતાબેન સોલંકીના નેતૃત્વમાં અને તેમની બધી સમિતિઓ દ્વારા થઇ રહ્યું છે. અને જેમાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ આ કાર્યક્રમો માણે છે.

ઉદ્‌બોધન : શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા - વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી મહાસભા એ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, સમાજના સર્વાંગી વિકાસ માટે મહાસભા આપના આંગણે આવી છે. અ.ભા.મહિલા મહામંડળએ મહાસભાની એક પાંખ છે. મહાસભાની જુદી જુદી સમિતિ શું કાર્ય કરે છે, લોકોનો પ્રશ્ન સમાજ શું કરે છે ? તેમની છણાવટમાં અલગ અલગ સમિતિ દ્વારા થઇ રહેલ કાર્યોની માહિતિ આપેલ અને મહાસભા દ્વારા અનેક કાર્યો તેમજ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા થઇ રહેલા કાર્યોની જાણકારી આપેલ હતી.

શિબિર દરમ્યાન થયેલ પ્રશિક્ષણની આછી ઝલક :-

હેપિનેસ : પ્રશિક્ષિકા : શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ - જાલના - ચેરપર્સન અ.ભા.મ. મહામંડળ - હંમેશા હસતા રહેવું. ભગવાને આપણા પર કરેલા ઉપકાર છે. તો તેમને થેંક્યુ કહી જીવનમાં ખુશીનો અનુભવ કરવો સામેની વ્યક્તિમાં ગુણો જોવા, આકાશ,પૃથ્વી, પ્રકૃતિમાં વિશાળતા સમાયેલી છે. ખુબજ સારી માહિતિ ગમ્મત સાથે જ્ઞાન પિરસ્યું હતું.

સમતોલ આહાર જીવનનો આધાર : પ્રશિક્ષિકા શ્રીમતી ભાવિની શ્યામ ચૌહાણ (ડાએટીશીયન-અંજાર) એ કેવો આહાર લેવો જોઇએ. શરીરમાં વધુ ચરબી ન થાય તેવા ખોરાક લેવા અને તેના વિશે ખુબજ સારી માહિતિ આપી હતી.

નારીના કાનુની અધિકારો માહિતિ-માર્ગદર્શન : એડવોકેટ શ્રીમતી કોમલ જેઠવા - અંજારએ નારીના અધિકારો વિશે ઉંડાણપૂર્વક માર્ગદર્શન આપેલ હતું.

શ્રીમદ્ ભગવદ્ ગીતા દ્વારા સફળ જીવનની ચાવી : સ્વામિ પ્રદિમાનંદજી (આચાર્ય-આર્ષ અધ્યયન કેન્દ્ર-ભુજ) એમણે બહેનોને પ્રશ્નોતરી દ્વારા તેમના પ્રશ્નોના સંતોષપૂર્વક જવાબ આપી અને પ્રેરણારૂપ બનેલ હતા. જીવન કેવી રીતે જીવવું તે શ્રીમદ્ ભગવદ્ ગીતા સમજાવે છે જે શ્રી કૃષ્ણ ભગવાને ગીતમાં કહેલું છે ખુબજ રોચક પ્રશ્નોતરી દ્વારા જ્ઞાન પિરસેલ હતું.

જીવનમાં આર્થિક આયોજનથી નારી સશક્તિકરણ : શ્રીમતી અવની વિશાંતકુમાર જેઠવા (સી.એ.) અંજાર એ બહેનો બચત કરી અને ઘર કઇ રીતે ચલાવવું અને આર્થિક આયોજનથી ક્યા ક્યા લાભો થાય છે તેમની સરકારશ્રી દ્વારાન યોજના વિશે વિસ્તૃત માહિતિ આપેલ હતી.

શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા, પ્રમુખશ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ) એ પ્રકૃતિ જ યુગધર્મ વિષય ઉપર નારી શક્તિને બિરદાવતા જણાવેલ કે પ્રકૃતિ એજ સંસ્કૃતિ અને એજ યુગધર્મ નારીમાં અનેકગણી શક્તિ છે. જરૂર છે તેમને બહાર લાવવાની તેમજ ગોબરમાંથી બનતી ધુપસળીનું મહત્વ સમજાવેલ જેના દ્વારા બહેનો ગૃહ ઉદ્યોગ પણ કરી શકે છે.

સાડી ડ્રેપીંગ : શ્રીમતી વૈશાલીબેન ચાવડા અને રેખાબેન રાઠોડ - અંજાર જેમણે ખુબજ ઓછા સમયમાં સાડી કેવી રીતે જલ્દીથી સારી રીતે પહેરી શકાય. મરાઠી, ગુજરાતી, સાઇડ પલ્લુ, બેંગોલ જેવી સાડી ડ્રેપીંગ શિખવાડેલ અને રેખાબેન લાઇટ મેકઅપ કરતાં શિખવાડેલ. આપણા સમાજની બહેનો માટે ફિફ્ટી પર્સન્ટ ડિસ્કાઉન્ડ સાથે શિખવાડશે તેવું જણાવેલ હતું.

પ્રકૃતિ અને નારી શક્તિ : શ્રીમતી યામિનીબેન હિતેશભાઇ ઠક્કર - અંજાર એ શાસ્ત્રોનું ઉંડાણપૂર્વક જ્ઞાન પિરસ્યુંહતું. મંત્રમાં

કેટલી શક્તિ છે આપણા પ્રતિકો વિશે માર્ગદર્શન આપેલ હતું. નારી અને પ્રકૃતિની સમાનતા વિશે નારીની ઉપસ્થિતિને ગાર્ડનમાં જુઇની ઉપસ્થિતિની ઉપમા આપેલ. આંખોને ઝીલની ઉપમા આપી હતી.

ઇમ્યુનિટી પાવર : શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર - અમદાવાદ એ ઇમ્યુનીટી પાવર દ્વારા થતાં લાભો યોગ દ્વારા શું શું લાભો થાય છે તેમની ૭૫ વર્ષની ઉંમરે પણ આટલા સશક્ય છે જે એનું પરિણામ છે તેવું જણાવેલ.

જીવનમાં મેડીટેશનનું મહત્વ : રાજયોગીની બ્રહ્માકુમારી સુશિલાબેન સંચાલિકા - મુન્દ્રા કેન્દ્ર એ જીવનમાં ધ્યાથી થતાં ફાયદાઓ અને શા માટે ધ્યાન કરવું તેના વિશે માહિતિ આપી હતી. સારા કર્મો જીવનમાં સદ્‌ગુણો લાવે છે. દિવો પોતે બળીને બીજાને પ્રકાશ આપે છે તેવી રીતે સ્ત્રી ૨૧ કુળને તારે છે તેમ જણાવ્યું હતું.

સાંપ્રત સમયમાં સામાજીક સમસ્યાઓ અને તેનું સમાધાન : શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી - પ્રમુખ અ.ભા.મહિલા મંડળ એ ઉપરોક્ત વિષયે ખુબજ સરળ ભાષામાં સમજાવેલ હતું કે, જીવનસાથીની પસંદગી કેવી કરવી એમના ગુણોને જીવનમાં લાવવા-દામ્પત્ય જીવન સુખમય બને એકબીજાને સમજીને ચાલવું જેનાથી જીવન સહેલું બનશે. નાની નાની બાબતોમાં - વિચારોના મતભેદથી થતાં લગ્ન વિચ્છેદ, છુટાછેડા, સગપણ વિચ્છેદ થતાં હોય છે. આ બધું રોકવા વિસ્તૃત માર્ગદર્શન આપેલ હતું. બહેનોમાં ખુબજ શક્તિ છે. ધારે તો ઘરને સ્વર્ગ પણ બનાવી શકે છે. પરિવાર અને સમાજનું નામ રોશન કરી શકે છે.

ક્લે વિથ મંડાલા : શ્રીમતી ખુશ્બુ જયદીપભાઇ ટાંક - માધાપર એ બહેનોને ખુબજ સારી રીતે ફ્રેમો બનાવતા સાથે સાથે વેસ્ટમાંથી બેસ્ટ બનાવી અને ગૃહ ઉદ્યોગ દ્વારા પોતે પગભર બની શકે તેના વિશે શિખવાડેલ હતું.

મ્યુઝીકલ હાઉઝી વિથ અંતાક્ષરી : આશાબેન શાહ - ભુજ જેમાં દરેક બહેનોએ ગ્રુપ બનાવી અંતાક્ષરી રમેલ અને હાઉઝી રમી ગીતો દ્વારા મનોરંજન માણેલ હતું. ટીમ-૧ અને ટીમ-૨ વિનરોને ઇનામો આપેલ તેમજ હાઉઝીમાં વિજેતાઓને પણ ઇનામો આપેલ હતા.

શ્રીમતી પારૂલબેન કારા (પ્રમુખશ્રી કચ્છ જિલ્લા પંચાયત) આપણા આમંત્રણને માન આપી શિબિરમાં પધારેલ હતા. તેમણે બહેનો અને દિકરીઓને સ્ત્રી શક્તિકરણ વિશે માહિતિ આપેલ હતી. લવ-જેહાદ વિશે જણાવેલ હતું. દરેક ક્ષૈત્રમાં આજે સ્ત્રી આગળ વધી રહી છે તેમને બિરદાવેલ. ''યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા'' જ્યાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવતાઓનો વાસ રહેલો છે. શ્રીમતી લીલાવંતીબેન દિલીપભાઇ પ્રજાપતિ - પ્રમુખશ્રી અંજાર નગરપાલિકા આપણા આમંત્રણને માન આપી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. અંજારમાં ૨૦૦૧ના ભુકંપમાં શહીદ થયેલ દિવંગત બાળકોની સ્મૃતિમાં નિર્માણ પામેલ વીર બાળ સ્મારકમાં દીપ પ્રજ્વલીત કાર્યક્રમમાં શિબિરાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીમતી મીનાબેન ગોપાલભાઇ ચૌહાણ - પૂર્વ પ્રમુખશ્રી અ.ભા.મહિલા મહામંડળે નાળી લપેટથથી શરીરમાં થતાં ફાયદા અને એકયુપ્રેશરના પોઇન્ટ બતાવાવમાં આવ્યા હતા. અ.ભા.મહિલા મહામંડળના મહામંત્રીશ્રીઓ શ્રીમતી ગીતાબેન એન. ચૌહાણ અને શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ દ્વારા બહેનોને પ્રશ્નોતરી કરાવેલ જેવા કે મોબાઇલના ફાયદા-ગેરફાયદા જીવન સાથીની પસંદગી કેવી હોવી જોઇએ વગેરે રમત-ગમત દ્વારા બહેનોને મનોરંજન પુરૂ પાડેલ હતું. ગરબા કોમ્પીટીશન બે ગ્રુપમાં કરવામાં આવેલ હતી. વેલ ડ્રેસ બેસ્ટ પ્લેયર - મેરીડ - અનમેરીડ બન્ને ગ્રુપમાં વિજેતા થયેલા બહેનોને ઇનામો આપવામાં આવેલ હતા.

ઝુમ્બા યોગ - શ્રીમતી પલ્લવી રાજેશ વરૂ રાઠોડ - કુકમા એ ટ્રેકીંગ સાથે પંજોરાપીરના પ્રાંગણમાં ઝુમ્બા વિથ યોગ દ્વારા બહેનોને મનોરંજન પુરૂ પાડેલ. ખુબજ રમણીય વાતાવરણની મોજ માણેલ હતી. શ્રી વિનોદભાઇ જેઠવા, શ્રી અનંતભાઇ ચાવડા, શ્રી કિશનભાઇ રાઠોડ, શ્રી વિનોદભાઇ ખોડિયાર, શ્રી ભગવાનજીભાઇ રાઠોડ તેમજ અન્ય ભાઇઓના સહયોગથી આ દિકરીઓને ટ્રેકીંગમાં લઇ જવા માટે મદદરૂપ બન્યા હતા.

દરરોજ સવારે ચા-નાસ્તાથી લઇ બપોરનું ભોજન અને રાત્રી ભોજનમાં આપણા સમાજના નવીનભાઇ તથા મુકેશભાઇ દ્વારા સ્વાદિષ્ટ ભોજન દિકરીઓને જમાડેલ હતું. સવિતાબેન જેન્તીલાલ ચૌહાણ - અંજાર અને તેમની રસોડા-ભોજન સમિતિની ટીમનો આ મંડળ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે. ખુબજ સુંદર વ્યવસ્થા સાથે ચારેય દિવસ સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણેલ હતો. અંતમાં સમાપન સમારોહમાં આપણા દાનદાતાઓ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી તેમજ અન્ય મહાનુભાવોના કરકમળો દ્વારા દિપ પ્રજ્વલીત કરી સમારોહ શરૂ કરેલ. સર્વેનું સ્વાગત ફુલ, મોમેન્ટો અને સાલ દ્વારા કરવામાં આવેલ હતું. આ સમાપન કાર્યક્રમાં હાજર રહેલ મહાનુભાવોએ દાનદાતાઓ મહાસભાના પદાધિકારીઓ, અ.ભા.મહિલા મહામંડળના પદાધિકારીઓએ હાજરી આપેલ અને શીબીરની શોભા વધારેલ હતી.

સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, ખુબજ ખુશી અનુભવું છું. આટલી બધી દિકરીઓએ સંસ્કાર મેળવ્યા. ચાર દિવસ જે કંઇ શિખ્યું તે તેના જીવનમાં ઉતારશે તો શિબિર સફળ થઇ ગણાશે. સંસ્કાર,

અધ્યાત્મિક વિચાર મેળવવા ખુબજ જરૂરી છે. બસ તમે કાર્ય કરો એવું જણાવતા ખુશી વ્યક્ત કરી હતી.

ત્યાર બાદ બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમારે ૬૮માં જન્મદિવસ નિમિત્તે સર્વેને આઇસ્ક્રીમ ખવડાવી કેક કાપી જન્મદિવસની શુભેચ્છા પાઠવેલ હતી. આ કાર્યક્રમમાં શ્રી વિનોદભાઇ જેઠવા, શ્રી કુંવરજીભાઇ ટાંક, શ્રી લાધુરામભાઇ રાઠોડ, શ્રી ભોગીલાલભાઇ ચાવડા, શ્રી બલરામભાઇ જેઠવા, શ્રી વિનોદભાઇ ચૌહાણ, શ્રી ભગવાનજીભાઇ રાઠોડ, શ્રી વિનોદભાઇ ખોડિયાર, શ્રી સંજયભાઇ પરમાર, શ્રી પ્રદીપભાઇ ટાંક, શ્રી જીવરામભાઇ ટાંક, શ્રી પાર્થભાઇ, શ્રી મુકેશભાઇ ખોડિયાર વગેરે જોડાયા હતા.

સર્વે દાનદાતાશ્રીઓને મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવેલ હતા. આ અવસરે ધનલક્ષ્મબીને હરીશભાઇ ટાંકની સુપુત્રી કુમારી ખુશાલી હરીશભાઇ ટાંક (સિનુગ્રા) જેમણે અમદાવાદ સેન્ટ ઝેવીયર્સ કોલેજમાં એમ.એસ.સી.ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે અને એક વર્ષ ક્લાઇમેટ પર ઇસરોના ઇન્ટરમેન્ટ દ્વારા રિસર્ચ કરેલ છે. તેમને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવા બદલ તેમનું સન્માન કરવામાં આવેલ હતું. દરેક શિબિરાર્થીઓને તેમજે તેમની સાથે પધારેલ બહેનોને રીટર્ન ગીફ્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. રીંકલબેન ચાવડા, મહિમા ખોડિયાર, નિયતીએ રજીસ્ટ્રેશન કાર્યાલય સંભાળેલ હતું. અ.ભા.મહિલા મહામંડળ, ક.પ્રા. મહિલા મડળનો આભાર માનીએ છીએ કે જેમણે અંજારના આંગણે આવી સરસ આયોજનનો મોકો આપ્યો. આ સમગ્ર કાર્યક્રમને અંજાર ઘટક પ્રમુખ શ્રી બલરામભાઇ જેઠવા, યુવા મંડળ પ્રમુખ શ્રી મુકેશભાઇ ખોડિયાર તેમજ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ચાવડાની પૂરી ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. દરેક સમિતિઓના હેડ તથા કાર્યકર્તાઓ, કેળવણી મંડળના પ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકી, અંજાર ભવનના પાર્થ ચાવડા, સંજયભાઇ પરમાર તથા તેમની પુરી ટીમ, સર્વે દાન-દાતાઓ, સર્વે શિબિરાર્થીઓ, પ્રશિક્ષકો તેમજ દરેક મહિલા મંડળના પ્રમુખ તથા તેમની ટીમ, સોલંકી લાઇટ મંડપ ડેકોરેશન, શક્તિ સાઉન્ડ સર્વિસ, ફોટોગ્રાફર શ્રી આશીષભાઇ ચૌહાણ, ગૃહમાતા હંસાબેન ટાંક તથા નામી-અનામી સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

શિબિરની સફળતાના સુત્રધાર શ્રી વિનોદભાઇ જેઠવા, શ્રી વિનોદભાઇ ખોડિયારનો આભાર માનવામાં આવ્યો હતો. શરૂઆતથી કાર્યક્રમના અંત સુધી અને આર્થિક રીતે કે કોઇપણ કાર્યમાં સતત તેમનું માર્ગદર્શન અને સહકાર મળતો રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ, શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ, શ્રીમતી ઉષાબેન નવીનભાઇ ચૌહાણ, શ્રીમતી તૃપ્તીબેન ગીરીશભાઇ પરમાર કરવામાં આવ્યું હતું.

## મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ

મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા દિવાળી અને નવ વર્ષ ના અવસર પર સ્નેહમિલન નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ પ્રીતિબેન વરુ (મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ) હતા. કાર્યક્રમની શુરવાત દીપાબેન ચાવડા(મંત્રી)ના સુંદર કવિતા થી થઈ. કાર્યક્રમમાં મરાઠવાડાના બધા મહિલા મંડળ પ્રમુખ તથા મંત્રી સહભાગી થયા. આદરણીય મિતાબેન રાઠોડ (પ્રમુખ મહિલા ઉત્કર્ષ સમિતિ) એ બધાને માર્ગદર્શન આપ્યું. પ્રીતિબેન બધાએ બહેનોને સમાજ પ્રતિ જાગૃતતા કેમ લાવી એ બારામાં બહેનોને પ્રોત્સાહિત કર્યા હતો. કાર્યક્રમનું સંચાલન રીતાબેન જેઠવાએ કર્યું.



દિવાળીના ઉપલક્ષમાં પરભણી મહિલા મંડળ દ્વારા રંગોળી સ્પર્ધા રાખવામાં આવી હતી. પરભણી મહિલા મંડળ પ્રમુખ ચંચલબેન રાઠોડ અને એમની ટીમને આ સ્પર્ધા સફળતાપૂર્વક પૂર્ણ કરી. આ સ્પર્ધા માં માનસીબેન રાઠોડ પરભણી ઘટકને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું. દ્વિતીય પારિતોષિક હર્ષાબેન મારું અંબેજોગાઈ પરલી ઘટકને પ્રાપ્ત થયું. તૃતીય પુરસ્કાર માલાબેન ચૌહાણ નાંદેડ ઘટક અને પૂજા બેન સોલંકી શ્રીરામપૂર ઘટકને આપવામાં આવ્યું. ભુસાવલના જ્યોતિબેન રાઠોડને પ્રોત્સાહન પુરસ્કાર અને ચંપાબેન પરમાર પરલી અને મંજુલાબેન મકવાણા શ્રીરામપુરને વિશેષ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

અખીલ ભારતીય મહિલા મંડળ દ્વારા મારી દષ્ટિએ આદર્શ સમાજ આ વિષય પર નિબંધ સ્પર્ધા રાખવામાં આવી હતી. મરાઠવાડાનું ગૌરવ વધારતી મરાઠવાડાની પુત્રવધુ સૌ જસ્મી બેન સોલંકી ઔરંગાબાદ ઘટકને આ સ્પર્ધામાં પુરસ્કાર પ્રાપ્ત

કર્યું. મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા જાસ્મીબેનનું સત્કાર કરવામાં આવ્યું હતું. મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ આદરણીય પ્રીતિબેન વરુ ના માર્ગદર્શનમાં સ્નેહ મિલન ઓનલાઇન મીટીંગ સારી રીતે સંપન્ન થઈ હતી.

## કુમ્હારી મહિલા મંડળ



કુમ્હારી મહિલામંડળ દ્વારા તા. ૩૧/૧૦ ૨૦૨૨ના શ્રી જલારામ જયંતિ ઉજવવામાં આવી બાપાની શોભાયાત્રા હરીશભાઈ ગોહિલના નિવાસથી સમાજભવન માટે વાજતેગાજતે બાપાના જયકાર સાથે સમાજભવન લાવવામાં આવ્યા હતા.

ત્યાં બાપાની સ્થાપના કરી ભજનકીર્તન અને મહાઆરતી કરવામાં આવી હતી. ત્યાર બાદ બેહનો એ રાશગરબાનો આનંદ સાથે મહાપ્રસાદ લઈ સાંજની આરતી બાદ બાપાને મંદિરમાં સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સર્વેબહેનો ઘટક તથા યુવામંડળના પૂરા સહયોગથી આનંદ સાથે માણવામાં આવેલ.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ





હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા નવરાત્રીમાં દિનાંક ૧-૧૦-૨૦૨૨, શનિવારના ગુજરાતી સ્કુલ સિકંદરાબાદ ગ્રાઉન્ડમાં રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક પ્રમુખ એવં પદાધિકારીઓ, ભાઇઓ-બહેનો-બાળકો કુલ ૨૦૦ લોકોએ હાજરી આપી હતી. બધા લોકો ખુબજ સરસ પારંપરીક ગરબા વેશભૂષામાં આવીને ગરબા લીધા હતા. મહાસભાના ઉપપ્રમુખ શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા અને અન્ય પદાધિકારીઓએ પોતાના પ્રેરણાદાયક શબ્દોથી મહિલા મંડળનો ઉત્સાહ વધાર્યો હતો. બહેનો માટે મેયથાલોજીકલ જોડી ઉપરાંત સરસ ગરબા રમવા માટે સીનીયર સીટીઝન, ભાઇઓ-બહેનો અને બાળકોને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. કન્યાઓને ગીફ્ટ આપવામાં આવ્યા હતા. રગડાપેટીસ, પાંઉભાજી, બેરમાપૂરી, આલુસબ્જી, જલેબીનો સ્વાદિષ્ટ નાસ્તો કરીને બધાએ વિદાય લીધી હતી.

હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક દ્વારા તા. ૬-૧૧-૨૦૨૨, રવિવારના દિવાળી સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તે દિવસે મહિલા મંડળ દ્વારા નવા સત્ર ૨૦૨૨-૨૦૨૫ માટે ફરી એકવાર સર્વાનુમતે શ્રીમતી હર્ષાબેન મેહુલભાઇ સોલંકી મહિલા મંડળ પ્રમુખ તરીકે ચુંટાયા હતા. પ્રમુખ શ્રીમતી



હર્ષાબેન મેહુલભાઇ સોલંકી, ઉપપ્રમુખ શ્રીમતી સંગીતાબેન અશોકભાઇ સોલંકી, ઉપપ્રમુખ શ્રીમતી શીલાબેન રાજેશભાઇ ચૌહાણ, મંત્રી શ્રીમતી મનિષાબેન વિશાલભાઇ ખોડિયાર, ખજાનચી શ્રીમતી મંજુબેન રાજભાઇ સોલંકી, સહમંત્રી શ્રીમતી રક્ષાબેન તુષારભાઇ ટાંક, સહમંત્રી ગીતાબેન ચાવડા, સહમંત્રી વનિતાબેન નીતીનભાઇ ચાવડા.

સ્નેહમિલનના દિવસે બહેનો માટે ફોલ્ડીંગ રંગોળી અને બાળકો માટે ફ્રીડમ ફાઇટર ફેન્સી ડ્રેસ પ્રતિયોગીતા રાખવામાં આવી હતી. ફોલ્ડીંગ રંગોળી પ્રથમ ડેઝલ એમ. ટાંક, દ્વિતીય શ્રીમતી મમતાબેન પી. સોલંકી, તૃતિય - શ્રીમતી નેહા એલ. ચૌહાણ. ફેન્સી ડ્રેસમાં પ્રથમ વિહાન પી. ચાવડા, દ્વિતીય યશસ્વી યુ. વરૂ, તૃતિય પાખી એમ. સોલંકી. ૯ થી ૧૩ ગ્રુપમાં પ્રથમ જિનિષા પી. ચાવડા, દ્વિતીય શૈલી એમ. સોલંકી, તૃતિય - નિરલ એ. ચાવડા. મહિલા મંડળ દ્વારા ૨૦૦ મેમ્બર બહેનોને લ્હાણી આપવામાં આવી હતી. લકી ડ્રો અને તંબોલાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## આદિપુર મહિલા મંડળ





તા. ૧૪-૧૦-૨૦૨૨, શુક્રવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતોબન સોલંકી તથા કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઇલાબેન ચાવડા તથા બીજા હોદ્દેદારો, આદીપુર ઘટકની મુલાકાતે જીવન સૌરભ સંસ્કાર શિબિર-૨૦૨૨ના પ્રચાર-પ્રસાર માટે તથા આમંત્રણ આપવા આદીપુર ઘટક સમાજ ભવન મધ્યે પધારેલ. આદીપુર ઘટકના વધુમાં વધુ બહેનો ઉપરોક્ત સંસ્કાર શિબિરમાં જોડાય તેવો આગ્રહ કર્યો હતો. આદીપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અનિતાબેન ટાંક તથા તેમની ટીમે પધારેલ મહેમાનોનું સ્વાગત કરી, આમંત્રણ પત્રિકા સ્વીકાર કરેલ અને આભાર વ્યક્ત કરેલ. કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ આયોજીત જીવન સૌરભ સંસ્કાર શિબિર-૨૦૨૨નું ભવ્ય આયોજનમાં આદીપુર ઘટક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અનિતાબેન એન. ટાંક, યોગ ટીચર તરીકે સેવા આપી હતી અને શિબિરાર્થી બહેનોને યોગ-પ્રાણામ શિખવાડ્યા હતા. ઉપરોક્ત સંસ્કાર શિબિરમાં આદીપુર ઘટકની આઠ બહેનોએ ભાગ લીધો હતો.

તા. ૧૨-૧૦-૨૦૨૨ના રોજ શ્રીમતી પલ્લવીબેન ચૌ!ણના ઘરે મહિલા મંડળ કીટ પાર્ટીનું આયોજન કર્યું હતું. પ્રભુ પ્રાર્થના બાદ હાઉજી અને ગેમ રમેલ. તેમાં ચાર્મીબેન ચાવડા અને અનુરાધાબેન ટાંક વિજેતા થયેલ. પલ્લવીબેન ચૌહાણ તરફથી ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ અલ્પાહાર લઇ બધા છુટા પડેલ.

## ઉદયપુર મહિલા મંડળ

ઉદયપુર મહિલા મંડળની મીટીંગ તા. ૪-૯-૨૦૨૨ના રોજ હરિકુંવરબેન અરૂણભાઇ પરમારના નિવાસ સ્થાને રાખવામાં આવેલ. મીટીંગની શરૂઆત ભજન-કિર્તન કરી કરવામાં આવેલ. ત્યાર બાદ સરપ્રાઇઝ ગેમ રમાડવામાં આવેલ. જેમાં જિજ્ઞાબેન ચૌહાણ વિજેતા રહેલ. આ દિવસે વડોદરાથી કિર્તીબેન જયકુમાર પરમારે પણ ઉદયપુર મહિલા મંડળની મીટીંગની મુલાકાત લીધેલ. તેમની ઉપસ્થિતિથી બધાય



બહેનોએ ખુબ આનંદ કર્યો. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી આશાબેન ચૌહાણના પુત્રવધુ કાજલબેન ચેતનકુમાર ચૌહાણનું મહિલા મંડળમાં વેલકમ કરવામાં આવેલ અને કાજબેને બધા બહેનોને આ નવી ટેકનોલોજી મોબાઇલમાં વોટ્સએપ કેવી રીતે ઉપયોગ કરવો, ફોટો કેમ સેન્ડ કરવા. આજના જમાનામાં નવી ટેકનોલોજી જ્ઞાન બધાય બહેનોને આપ્યું. ફેસબુક, વોટ્સએપ, ઇન્સ્ટા કેવી રીતે ઉપયોગ કરવો તે સમજાવ્યું હતું. બધા સાથે મળીને હાઉસી રમ્યા હતા. ગેમ પણ રાખવામાં આવેલ. ગેમમાં પ્રથમ પુનમબેન ચૌહાણ, સેકન્ડ સરોજબેન ચૌહાણ અને કાજલબેન ચૌહાણ વિજેતા રહેલ. વિજેતા બહેનો ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ અલ્પાહારનો આનંદ લઇ હરિકુંવરબેનનો ધન્યવાદ માની મીટીંગ પૂર્ણ કરવામાં આવેલ.

## અમદાવાદ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અમદાવાદ મહિલા મંડળ દ્વારા નવરાત્રીના ઉપલક્ષમાં આસો સુદ આઠમ, તા. ૩ ઓક્ટોબરના દિવસે આરતીની થાળી સજાવટની ઓનલાઇન સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં બહેનોએ ફક્ત સાબુદાણામાંથી જ આરતીની થાળી સજાવવાની હતી. જેમાં બહેનોએ ખુબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તે સ્પર્ધામાં અમદાવાદ મહિલા મંડળ તરફથી પ્રથમ, દ્વિતીય અને તૃતિય તેમજ પ્રોત્સાહન ઇનામ આપવામાં આવેલ. જેમાં પ્રથમ - શ્રીમતી મેઘાબેન એચ. ગોહીલ, દ્વિતીય - શ્રીમતી લવીનાબેન આર. ચૌહાણ, તૃતિય - શ્રીમતી પરસીતાબેન એન. ચૌહાણ. પ્રોત્સાહન : શ્રીમતી મનીષાબેન એચ. ચાવડા, શ્રીમતી જલ્પાબેન એ. ચૌહાણ, શ્રીમતી નીશીતાબેન સી. ટાંકને આપવામાં આવેલ હતું.

## કાગજનગર-રેબેન્ના મહિલા મંડળ





કાગજનગર-રેબેન્ના ઘટક દ્વારા સ્નેહમિલન તથા સત્કાર સમારોહનું આયોજન તા. ૨૭-૧૦-૨૦૨૨, બુધવારના સમાજ ભવનમાં કરવામાં આવેલ હતું. આ સમારોહની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સમાજના વડીલોનું તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રીતીબેન પ્રવિણભાઇ ખોડિયારનું સત્કાર કરવામાં આવેલ. પ્રીતીબેન ખોડિયારને અ.ભા.મહિલા મહામંડળ દ્વારા વિશેષ પ્રમુખનું પુરસ્કાર મળેલ છે. વડીલોમાં પાર્વતીબેન ઓધવજીભાઇ ખાડિયાર, રમાબેન શિવલાલ ગોહિલ, નર્મદાબેન દયારામભાઇ યાદવ, હંસાબેન ચીમનલાલ વરૂ, હંસાબેન લીલાધરભાઇ રાઠોડ, દમયંતીબેન નરોતમભાઇ વરૂ, કુંદનબેન કનકભાઇ ખોડિયાર, મધુબેન પોપટભાઇ ચાવડા, લાભુમા, ચમ્પુબેન જીવરામભાઇ ચાવડાનું સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે સમાજના ભાઇ-બહેનોએ વિવિધ ગેમ રમી અલ્પાહાર લઇ છુટા પડ્યા હતા.

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, SBE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૧-૨૦૨૩ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

**:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::**

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

***With Best Compliments from...***

## Er. Keval B. Rathod

DCE, B.Tech Civil

**DEV CONSULTANT**
BUILD UNIQUE

**Consulting Civil Engineer**

*(Anjar Area Development Aurthority "AADA" Approved)*

*Bhoomi Complex, Ground Floor, Shop No. 3, In front of Vijay Card & Gift Shop, Turiya vad, Anjar (Kachchh) 370110*

- Architectural Planning
- Structural Design
- Building Permission
- Estimation
- 2D and 3D view
- Site Supervision
- Billing
- Interior Design
- Land Survey
- Any type of Civil Engineering Work

*Mo. +91 9428065623 E-mail : kbrathod92@gmail.com*

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.


**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭

**Hemraj Damji Solanki**
**Ketan H. Solanki (B.Arch.)**
**Samir H. Solanki (B.E.)**

**098221 17126**
**098226 67940**
**097654 82266**

## M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)



## M/s. SAMEER TRADERS (Agencies House)
## 3rd DIMENSION (Architect & Engineers)

**D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365**

# હાર્દિક અભિનંદન



## ડો. આશય એ. ટાંક

શ્રી ચામુંડા માતાજીની અસીમ કૃપાથી અને પરિવારજનો અને વડીલોના આશીર્વાદથી મૂળ સિનુગ્રા અને હાલે મણીનગર, અમદાવાદ નિવાસી ડૉ. અમીષ વસંતભાઇ ટાંક તથા શ્રીમતી અન્વી એ. ટાંકના સુપુત્ર ચિ. ડૉ. આશયને અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીની L.G.Medical College માં M.S. Orthopedic Surgeon (હાડકાના રોગોના નિષ્ણાંત)માં એડમીશન મળેલ છે.

ખૂબજ તેજસ્વી કારકીર્દી ધરાવતા ચિ. આશયએ ધોરણ ૧૨માં સમગ્ર ગુજરાતમાં ૩૩મો ક્રમાંક અને અમદાવાદ કેન્દ્રમાં બીજો ક્રમાંક મેળવી પ્રતિષ્ઠિત B.J. Medical College માં M.B.B.S. નો અભ્યાસ પૂર્ણ કરેલ છે. આ સિદ્ધી બદલ સમગ્ર સમાજ તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ ડૉ. આશયને ખૂબ ખૂબ અભિનંદન અને ઉતરોત્તર પ્રગતિ કરે તેવા અંતરના આશિર્વાદ....

### પરિવારના સભ્યો તરફથી અભિનંદન

| | | | |
|---|---|---|---|
| દાદા | વસંતભાઇ ડાહ્યાભાઇ ટાંક | દાદી | ઉર્મિલાબેન વી. ટાંક |
| પપ્પા | ડૉ. અમીષ વી. ટાંક (M.D. Radiologist)<br>અમદાવાદ – મો. 7567056705 | મમ્મી | અન્વી એ. ટાંક<br>(B.E. Eelctrical) |
| નાના | ડૉ. ભુપેન્દ્ર ઓધવજી ચૌહાણ<br>(M.B.B.S.) ભુજ | નાની | સવિતાબેન બી. ચૌહાણ |
| મામા | ડૉ. વિનાયક બી. ચૌહાણ<br>(M.D. Physician) ભુજ | મામી | ડૉ. માનસી વી. ચૌહાણ (B.D.S.) |
| માસા | નિલેશ વિશ્વંભર ચાવડા<br>(B.E. Mechanical) થાણા, મુંબઈ | માસી | તન્વી એન. ચાવડા (B.Sc.) |

ડૉ. ધ્રુવ એન. ચાવડા (M.D.S.)   ડૉ. નિકિતા ડી. ચાવડા (B.D.S.)   વિષ્ણુ અને રેચાંશ

**તથા સમસ્ત ટાંક પરિવાર (મણીનગર-અમદાવાદ)**

## શ્રી ક.ગુ.ક્ષ. ખોડિયાર (ચુડાસમા) માતાજી દેવસ્થાન - અંજાર હવનાષ્ટમી-સમુહ મહાપ્રસાદની તસ્વીરો



# શ્રી ક.ગુ.ક્ષ. ખોડિયાર (ચુડાસમા) માતાજી દેવસ્થાન - અંજાર હવનાષ્ટમી-સમુહ મહાપ્રસાદની તસ્વીરો



:: સેતુ સમાજ સંદેશમાં બે પેજ સૌજન્ય ::
સ્વ. મુક્તાબેનની સ્મૃતિમાં હ. શ્રી માવજીભાઈ વલમજીભાઈ
ખોડિયાર પરિવાર - અંજાર (કચ્છ)



**શ્રી ચંદ્રકાન્તભાઈ માવજીભાઈ ખોડિયાર**
બાલાજીનગર-૨, પ્લોટ નં. ૧૧, શ્યામસુંદર હોસ્પિટલ રોડ,
અંજાર (કચ્છ) ૩૭૦૧૧૦ મો. ૯૮૨૪૮૭૬૪૬૦

**શ્રી જયસુખભાઈ માવજીભાઈ ખોડિયાર**
હાઉસ નં. એ-૩/૧૨, ઢેબર સિટી, ભાટાગાંવ,
પો. રાયપુર (છ.ગ.) ૪૯૨૦૦૧ મો. ૭૮૨૮૫૩૮૦૯૦



# હાર્દિક અભિનંદન

## ચાવડા પરિવારનું ગૌરવ

પરમ પિતા પરમેશ્વર

કુળદેવી માં બ્રહ્માણી અને સિકોતેરની અસીમ કૃપાથી

માતા-પિતા ગં.સ્વ. પાર્વતીબેન-રતનશીભાઈ વસ્તાભાઇ ચાવડાના શુભાશીષથી

છત્તીસગઢ સ્ટેટ ઈલેક્ટ્રીસિટી બોર્ડ (વર્તમાનમાં CSPTCL) રાયપુર માં સેવારત

**ધર્મેન્દ્રકુમાર રતનશીભાઇ ચાવડા Executive Director** નાં શીર્ષ પદ

પર પદોન્નતી મેડવી યશસ્વી થયા છે... ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ ....

**- શુભાકાંક્ષી -**

| | | |
|---|---|---|
| અ.સૌ. સુધાબેન-અરવિંદભાઈ ચાવડા | (મોટાભાઈ-ભાભી) | જગદલપુર |
| અ.સૌ. પુષ્પાબેન-ભોગીલાલભાઈ ચૌહાણ | (બેન-પટેલ) | બિલાસપુર |
| અ.સૌ. હર્ષાબેન-જયસુખભાઈ ચાવડા | (મોટાભાઈ-ભાભી) | જગદલપુર |
| અ.સૌ. લીનાબેન-ધર્મેન્દ્રભાઈ ચાવડા | (પત્ની) | રાયપુર |
| અ.સૌ. નીતાબેન-જીતેન્દ્રભાઈ ચાવડા | (નાનાભાઈ-વહુ) | રાયપુર |

સૌમ્ય ચાવડા (પુત્ર) નવીના ચિરાગભાઈ ટાંક (પુત્રી) ચિ. વંશ ટાંક (નાતી)

**અને સમસ્ત ચાવડા પરિવાર**



| | | |
|---|---|---|
| અ.સૌ. લીલાબેન-સૂર્યકાન્તભાઈ પરમાર | (સાસુ-સસરા) | રાયપુર, મુંબઈ |
| અ.સૌ. રીયાબેન-જયેશભાઈ પરમાર | (શાળા) | રાયપુર, મુંબઈ |
| અ.સૌ. રીનાબેન-નવીનભાઈ વરૂ | (શાડુભાઈ) | કુમ્હારી, જી. દુર્ગ |

# હાર્દિક અભિનંદન



## શ્રી હિરાલાલભાઈ કેશવજીભાઈ પટેલ (ખોડિયાર)

કચ્છમાં ગામ : અંજાર, હાલ મુકામ : મુંબઈ
પ્રમુખ, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા મુંબઈ પ્રાદેશિક સમિતિ
પ્રમુખ, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મુંબઈ ઘટક

મુળ ગામ કચ્છ અંજાર નિવાસી હાલે મુંબઈ સ્થિત શ્રી હિરાલાલભાઈ કેશવજીભાઈ પટેલનો જન્મ તા. ૨૧-૯-૧૯૫૪ના થયેલ. કૃષિ વિજ્ઞાનમાં જયપુર મધ્યે ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા બાદ બેંક ઓફ બરોડામાં આસીસ્ટન્ટ જનરલ મેનેજરના ઉચ્ચ પદ પર સેવાઓ આપીને ૨૦૧૪ના રોજ સેવા નિવૃત્ત થયેલ છે અને તેમના સુપુત્ર શ્રી ધવલ પટેલના સોલાર તેમજ પ્રોપર્ટી વેલ્યુએશનના બિઝનેસ તેમજ સમાજસેવા ક્ષેત્રમાંનિવૃત્તિ જીવન વિતાવે છે.

શ્રી હિરાલાલભાઈ પટેલના સરલ, મિલનસાર, નિખાલસ સ્વભાવના, સમાજ સેવાના, સક્રિય ઉત્સાહીતાના કારણે મુંબઈ પ્રાદેશિક સમિતિના પ્રમુખશ્રીની જવાબદારી આપેલ છે. આવી સેવાનો વધુ લાભ સમાજને મળે તે હેતુસર તેઓશ્રીને તા. ૧૩-૧૧-૨૦૨૨ના રોજ મુંબઈ ઘટકની સામાન્ય સભામાં મુંબઈ ઘટકના પ્રમુખ પદે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. સમાજ સેવા ક્ષેત્રે ઉતરોત્તર પ્રગતિ કરો અને તન, મન, ધનથી સમાજ સેવા કરતા રહો તેવી હાર્દિક શુભકામનાઓ....



:: શુભેચ્છક ::


**શ્રી મનોજભાઈ દુર્ગાલાલભાઈ વેગડ**
ઉપપ્રમુખશ્રી મહાસભા,
પ્રમુખશ્રી ગાંધીધામ ઘટક એવં સાર્વજનિક ટ્રસ્ટ
(ગાયત્રી પેટ્રોલિયમ્સ - ગાંધીધામ)

**સમસ્ત ખોડિયાર પરિવાર, વેગડ પરિવાર, પરમાર પરિવારના જય ગુરૂદેવ**





When a person dies, there will be **three types of deaths** for women a husband dies, father dies and income dies...
The 'first two' are 'not replaceable' but the 'third' can be 'replaced' if you have - Life Insurance.



जब एक व्यक्ति की मृत्यु होती है, तो महिलाओं के लिए तीन प्रकार की मृत्यु होगी - एक पति की मृत्यु हो जाती है, पिता की मृत्यु हो जाती है और आय की मृत्यु हो जाती है,
पहले 'दो' को बदला नहीं जा सकता है, लेकिन 'तीसरे' को बदला जा सकता है यदि आपके पास 'जीवन बीमा' है...

–: વધુ માહિતિ માટે સંપર્ક કરો :–

Member MDRT U.S.A.



• सदस्य • अभिकर्ताओं के लिये क्षेत्रीय प्रबंधक क्लब • MEMBER • ZONAL MANAGER'S CLUB FOR AGENTS

**Mitesh Jitendrabhai Khodiyar**
ENTERPREPENEUR OF LIC & GENERAL INSURANCE
Plot No. 104/1, Chitrakut Society, Anjar - Kutch 370110
Website :- www.insurancebimapolicy.com
E-mail :- mitesh.khodiar@gmail.com
94298 15099

# હાર્દિક અભિનંદન



## ડૉ. વ્રજેશકુમાર રમણીકલાલ ચાવડા

શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા કુળદેવી માં સિકોતર
તથા માં બ્રહ્માણીની અસીમ કૃપાથી
અને વડીલોના આશીર્વાદથી
મુળગામ- સિનોગ્રા, હાલે-રાયપુર (છ.ગ.) નિવાસી
**ચિ. વ્રજેશકુમાર ચાવડા** Ph.D (IT) N.I.T.
રાયપુરથી પુર્ણ કરેલ છે.

ચાવડા પરિવારની સાથે રાયપુર તથા મનેન્દ્રગઢ ઘટકનું ગૌરવ વધારવા બદલ ખુબ-ખુબ અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ ...

**- આશીર્વાદક -**

સ્વ. કાશીબેન - સ્વ. જેરામભાઈ ચાવડા (દાદી-દાદા)
સ્વ. મધુબેન-સ્વ. હિમ્મતભાઈ ચાવડા (મોટીમાં-પપ્પા)

**- શુભેચ્છક -**

| | | |
|---|---|---|
| ગં.સ્વ. હંસાબેન- ભગવાનભાઈ ચાવડા | રાયપુર | (મોટીમાં-પપ્પા) |
| અ.સૌ. રશ્મિબેન-રમણીકલાલ ચાવડા | રાયપુર | (મમ્મી પપ્પા) |
| અ.સૌ. હેમાબેન-અજયભાઈ વેગડ | નાગપુર | (બેન-બનેવી) |
| અ.સૌ. હર્ષિતાબેન-અશોકભાઈ રાઠોડ | જગદલપુર | (બેન-બનેવી) |
| અ.સૌ. પ્રીતિબેન-હેમેન્દ્રભાઈ ચાવડા | કાનપુર | (મામી-મામા) |
| ગં.સ્વ. કરૂણાબેન-સ્વ. જીતેન્દ્રભાઈ ચાવડા | કાનપુર | (મામી-મામા) |

**... સમસ્ત ચાવડા પરિવાર ...**

# મંગળ પરિચય




| | | |
|---|---|---|
| **Father** | : | **Hitesh Mansukhlal Parmar** |
| **Mother** | : | **Manisha Hiteshbhai Parmar** |
| **Grand Father** | : | **Lt. Mansukhlal Parmar** |
| **Grand Mother** | : | **Kumudini Mansukhlal Parmar** |
| D.O.B. | : | 12.09.1998 |
| Time of Birth | : | 11:41 am |
| Height | : | 5'2" |
| Blood Group | : | A+ |
| Edu.Quali. | : | 2 Yrs Advance Diploma in Interior Design, B.Com |
| Occupation | : | Freelance Interior Designer, Sr. Interior Designer in Design Unit (Job) |
| Father's Occp. | : | Exe. Engineer (M.P. Power Generating Co. Ltd.) |
| Laguage Kn. | : | Hindi, Gujarati, English |
| Native Place | : | Reha |
| Kuldevi | : | Shri Momai Maa (Kukma) |
| Gotra | : | Bharadwaj |
| **Siblings** | : | **Vidit Parmar (Elder Brother)** |
| **Mosad** | : | **Yogesh Jagdishbhai Chauhan (Mama, Raipur)** |
| Address | : | 24/A, Narmada Nagar, Polipathar, Gwarighat Road, Jabalpur (MP) |
| **Contact** | : | **9424634844 (Father)**<br>**8839584187 (Mother)**<br>**9826140940 (Mama)** |


# અ.ભા.મહિલા મંડળ પ્રેરિત, અંજાર મહિલા મંડળ સહકારીત, કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ આયોજીત "જીવન સૌરભ સંસ્કાર શિબિર-૨૦૨૨"ની તસ્વીરો



















## અ.ભા.મહિલા મંડળ પ્રેરિત, અંજાર મહિલા મંડળ સહકારીત, કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ આયોજીત "જીવન સૌરભ સંસ્કાર શિબિર-૨૦૨૨"ની તસ્વીરો


અ.ભા.મહિલા મંડળ પ્રેરિત, અંજાર મહિલા મંડળ સહકારીત, કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ આયોજીત "જીવન સૌરભ સંસ્કાર શિબિર-૨૦૨૨"ની તસ્વીરો



## અ.ભા.મહિલા મંડળ પ્રેરિત, અંજાર મહિલા મંડળ સહકારીત, કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ આયોજીત "જીવન સૌરભ સંસ્કાર શિબિર-૨૦૨૨"ની તસ્વીરો

















## Kshitij A. Savaria

| | | |
|---|---|---|
| **Father** | : | **Arvind V. Savaria** |
| **Mother** | : | **Varsha Arvind Savaria** |
| **Ygr. Sister** | : | **Shivali Jay Chouhan (Nagpur)** |
| Date of Birth | : | 16 March 1989 |
| Time/Place | : | 12.14 am (Nagpur) |
| Height | : | 5 Ft. 9 In. |
| Qualification | : | Poly. Electronics & Telecommunication Marine Engineering, BIMS Int. Thailand |
| Mataji | : | Shree Chawal Maa |
| Gotra | : | Atree |
| **Mosad-Nana** | : | **Shri Pragjibhai B. Vegad** |
| **Nani** | : | **Smt. Manjulaben P. Vegad** |
| **Mama** | : | **Shri Kiritbhai P. Vegad** |
| **Mama** | : | **Shri Manishbhai P. Vegad** |
| Resi. Business | : | Fruit Farm House (Chhaal Dist.Raigarh) |
| **Siblings** | : | **Ygr. Sister - Shivali Savaria Chouhan** |
| Address | : | Gujarati Gali, Darogapara, Civil Lines, Raigarh (CG) 496001 |
| **Contact No.** | : | **Arvind V. Savaria - 6260531198**<br>**Varsha A. Savaria - 6261859514** |



## Divya Yadav

| | | |
|---|---|---|
| D.O.B. | : | 09/06/1996 |
| Birth Place | : | Bhuj (Kutch) |
| Height | : | 5'5" |
| Education | : | B.Com. |
| Kuldevi | : | Shri Chawal Maa |
| Gotra | : | Kodaniya |
| **Father** | : | **Lt. Pankajbhai Kalyanjibhai Yadav** (PGVCL) |
| **Mother** | : | **Heenaben Pankajbhai Yadav** (Housewife) |
| **Brother** | : | **Sumeet Pankajbhai Yadav** (Jr. Assistant PGVCL) |
| **Grand Parents** | : | **Lt. Kalyanjibhai Ramji Yadav**<br>**Lt. Bhagirathiben Kalyanjibhai Yadav** |
| **Nana** | : | **Lt. Lakhamshibhai Parshottambhai Chauhan** |
| **Nani** | : | **Rukshmaniben Lakhamshibhai Chauhan** |
| **Mama** | : | **Kalpeshbhai Lakhamshibhai Chauhan**<br>**Nileshbhai Lakhamshibhai Chauhan** |
| Address | : | Bapadayalu Nagar, Juna Vaas, Po. Madhapar (Bhuj-Kutch) |
| **Contact** | : | **9537387871** |




| | | |
|---|---|---|
| Date of Birth | : | 23.03.1981 |
| Birth Time | : | 06.48 PM |
| Birth Place | : | Balaghat |
| Height | : | 5'10" |
| Complexion | : | Fair |
| Qualification | : | B. Com |
| Goutra | : | Gautam |
| Native | : | Madhapar |
| Father | : | Shri Tapesh Bhai Shivji Bhai Rathor |
| Mother | : | Smt. Lata Ben Tapesh Bhai Rathor |
| Grand Father | : | Late Shri Shivji Bhai Rathor |
| Grand Mother | : | Late Kashiben Shivjibhai Rathor |
| Elder Brother | : | Jayesh Bhai Rathor (Married) |
| Elder Sister | : | Nandita Ben Parmar (Married) |
| Mosar | : | Shri Rasik Bhai Premji Bhai Taunk<br>Late Shri Jayanti Bhai Premji Bhai Taunk<br>(Mamaji) Bilaspur (C.G.) |
| Occupation | : | ▪ Fast Food Cafe<br>▪ Distribution Birla Pipes<br>▪ On Going Own Shopping Complex Project<br>▪ Forest Wood Plantation |
| Income | : | 8 Lac |
| Address | : | "OM VILLA", Ward No. 30, Saraswati Nagar<br>Balaghat (M. P.) 481001 |
| Contact No. | : | 9826033127 |




| | | |
|---|---|---|
| D.O.B. | : | 13/12/1996 |
| Time of Birth | : | 07:45 pm |
| Blood Group | : | A+ |
| Height | : | 5 Ft. 7 in. |
| Education | : | H.Sc. (12) pass & ITI |
| Occupation | : | Pharmaceutical Company, Ahmedabad |
| Native Place | : | Anjar |
| Mataji | : | Shree Brahmani Maa |
| Gotra | : | Vatsa |
| **Father** | **:** | **Lt. Prakashbhai Jayantilal Chauhan** |
| **Mother** | **:** | **Nitaben Prakashbhai Chauhan** |
| Occupation | : | House Wife |
| **Sister** | **:** | **Grishmaben P. Chauhan** |
| **Grand Father** | **:** | **Lt. Jayantilal R. Chauhan** |
| **Grand Mother** | **:** | **Laxmiben J. Chauhan** |
| **Mosad** | **:** | **Vijaybhai N. Parmar (Nandurbar)** |
| Address | : | 40, Vijaynagar, Nr. Gayatri Temple,<br>Amriwadi, Ahmedabad (Guj) 380026 |
| E-mail | : | jaychauhan13121996@gmail.com |
| **Contact No.** | **:** | **9898131615** |



## Garvit Solanki

| | | |
|---|---|---|
| **Father** | : | **Lt. Pradeep Nanalal Solanki** |
| **Mother** | : | **Smt. Jayshree Pradeep Solanki** |
| **Sister** | : | **Mrs. Mitali Chauhan Married with Aman Chauhan** |
| **Grand Father** | : | **Shri Nanalal Bhawanji Solanki** |
| **Grand Mother** | : | **Lt. Lilavanti Nanalal Solanki** |
| Date of Birth | : | 11th February 1994 |
| Place of Birth | : | Durg (CG) |
| Time of Birth | : | 11:40 am |
| Height | : | 5 Feet 7 inhes |
| Kuldevi | : | Shree Chamunda Maa (Vachara Dada) Vidi |
| Native Place | : | Madhapar (Kutch) |
| Gotra | : | Vashishth |
| Qualification | : | B.Sc., IT, M.Sc. IT |
| Other Quali. | : | Certificate in Android, Diploma in .NET |
| Occupation | : | Assistant Professor in Danielson Degree College, Chhindwara |
| Hobbies | : | Watching Movies, Exploring |
| **Mosad - Nana** | : | **Lt. Ratilal Mohanbhai Chauhan** |
| **Mama** | : | **Shri Maheshbhai Ratilal Chauhan** Aarya Nagar, Durg (C.G.) |
| Address | : | Infront of SBI Ganj Branch, Solanki Sadan, Chhindwara (M.P.) |
| **Mobile No.** | : | **9039160667 (Grand Father)** |
| E-mail | : | garvitsolanki098@gmail.com |



## Nikhil Taank

| | | |
|---|---|---|
| **Father** | : | **Mukesh K. Taank** |
| **Mother** | : | **Sushma M. Taank** |
| **Grand Father** | : | **Lt. Keshavjibhai Jethabhai Taank** |
| **Grand Mother** | : | **Lt. Muktaben Keshavji Taank** |
| D.O.B. | : | 03/12/1994 |
| Time of Birth | : | 8.00 am |
| Height | : | 5'5" |
| Weight | : | 65 Kg |
| Blood Group | : | O+ |
| Edu. Quali. | : | Bachelor of Engineering (Mech.) |
| Other Quali. | : | AutoCAD Certified |
| Candi. Occp. | : | Procurement Executive at Invendis Technologies Pvt. Ltd. Bengaluru |
| Father's Occp. | : | Realstate Business |
| Language Kn. | : | English, Hindi, Kannada, Gujarati |
| Native | : | Kukma (Kutch) |
| Kuldevi | : | Shri Brahmani Maa |
| Gotra | : | Sounak |
| **Ygr. Brother** | : | **Nehul Taank** B.E. (Info.Science), Working as System Engineer at Infosys Pvt. Ltd. |
| **Mosad** | : | **Nitin Chouhan** (LIC Office) Udgir, MH |
| Address | : | Flat No. 203, Park Avenue Appt., Venkatesh Nagar, Gulbara (Karnataka) |
| **Contact No.** | : | **8970902822 (Father) 8105345695 (Mother)** |
| E-mail | : | mukeshtaank3@gmail.com |



## Sandeep Chauhan

| | | |
|---|---|---|
| Date of Birth | : | 18/11/1996 |
| Place of Birth | : | Kalol (Gujarat) T.O.B. : 10:27 pm |
| Height | : | 5 Feet 6 Inch |
| Native Place | : | Kukma Gotra : Vats |
| Kuldevi | : | Shri Brahmani Maa |
| Education | : | B.E.Mech. at ITM Uni.SLS Baroda Uni. |
| Occupation | : | Presently working in Ratnamani Metals & Tubes Ltd. (Kutch) as Engineer Previously working in Gandhi Special Tubes Pvt. Ltd. as Jr. Engineer |
| Hobbies | : | Travelling, Music, Playing Keyboard, Movies & Series, Walking |
| **Grand Father** | : | **Lt. Parshottambhai P. Chauhan** |
| **Grand Mother** | : | **Lt. Godavariben P. Chauhan** |
| **Father** | : | **Mahendrabhai P. Chauhan** (Production Engineer) |
| **Mother** | : | **Anitaben Mahendrabhai Chauhan** (Clothing & Traditional Business : Maa Krupa Kutch Kala) |
| **Brother** | : | **Mahir M. Chauhan** (Study B.E. Chem.) |
| **Mota Papa** | : | **Rameshbhai P. Chauhan** |
| **Moti Maa** | : | **Ashaben R. Chauhan** |
| **Siblings** | : | **Rinki R. Chauhan, Parth R. Chauhan** |
| **Mosad (Mama)** | : | **Mukeshbhai Ratilal Parmar**<br>**Jayeshbhai Ratilal Parmar** |
| Address | : | A-72, Aliyar Park, B/h. Uma Society, Kanjari Road, Halol - 389350 (Guj) |
| **Contact No.** | : | **9879093207 (Father)**<br>**9925781654 (Mother)** |
| **Instagram Id** | : | **sandeep.m.chauhan** |



## Sumit Chauhan

| | | |
|---|---|---|
| **Father** | : | **Kishor Devji Chauhan**<br>Govt. Bank Manager (Retd.) |
| **Mother** | : | **Rekha Kishor Chauhan** (B.Sc.B.Ed.) |
| Date of Birth | : | 14th January 1994 |
| Time of Birth | : | 5:35 pm |
| Place of Birth | : | Bhuj (Kutch) |
| Height | : | 5 Feet 9 inches |
| Education | : | BE in information technology (Engineering) from BVM |
| Occupation | : | Application Specialist at Accenture - Pune |
| Kuldevi | : | Shri Brahmani Maa |
| Native | : | Nagor |
| Gotra | : | Vatsa |
| **Mosad** | : | **Lt. Murji Punja Parmar** (Ambejogai,MH) |
| **Mama** | : | **Teklal Murji Parmar** (Thane, Mumbai) |
| **Elder Sister** | : | **Vedangi Chirag Parmar** (Married) Nasik (MH) |
| **Contact No.** | : | **9712043043 - Father**<br>**8758289944 - Mother** |
| Address | : | * Heaven Hills Society, Kubera Park, Lulla Nagar Chowk, Pune (MH)<br>* Gramlaxmi Society, Juna Vaas, Po. Madhapar (Bhuj-Kutch) |

# સેવા નિવૃત્ત જીવનની હાર્દિક શુભેચ્છા



## શ્રીમતી કલ્પનાબેન કિશોરભાઈ ચૌહાણ

**નિવૃત્ત આચાર્ય, અંજાર નગર પ્રાથમિક કન્યા શાળા નં. ૨, અંજાર**

અંજાર નિવાસી શ્રીમતી કલ્પનાબેન (દેવકન્યાબેન) કિશોરભાઈ ચૌહાણ - અંજાર તા. ૩૧/૧૦/૨૦૨૨ના વયમર્યાદાને કારણે અંજાર નગર પ્રાથમિક કન્યા શાળા નં. ૨ માંથી નિવૃત્ત થયા તેમણે જે સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો હતો એજ શાળામાંથી ૩૯ વર્ષ શિક્ષક તરીકે સેવા બજાવી ૨૦૦૧ના ભુકંપ બાદ ૨૨ વર્ષ આચાર્ય તરીકે ઉત્તમ સેવા કારકીર્દીનું કામ કરેલ. તેમની પાસે ત્રણ-ત્રણ પેઢીએ શિક્ષણ મેળવી હાલે ડૉક્ટર, વકીલ, શિક્ષક, પ્રોફેસર જેવા ઉચ્ચ હોદ્દાઓ પર કેટલાય વિદ્યાર્થીનીઓ કાર્યરત છે. એજ તેમની શિક્ષણજીવનની સાચી કમાણી છે... એજ એમનું ગૌરવ છે. તેમની સેવા નિવૃત્તિનો કાર્યક્રમ તેમની શાળાના પ્રાંગણમાં રાખેલ હતો. જેમાં તેમની કર્મભૂમિમાં જ બધાને આવકારેલ હતા. જેમાં અંજાર ઘટક પ્રમુખ તથા અંજાર શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી બલરામભાઈ જેઠવા તથા અંજાર શહેર ભાજપ પ્રમુખ અને શાળાની એસ.એમ.સી. સમિતિના સભ્ય - નગરસેવક શ્રી સુરેશભાઈ ટાંકે અંજાર સમાજ વતી તેમનું શાલ ઓઢાળીને સન્માન કરેલ અને નિવૃત્ત જીવનની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. જય સમાજ

**ચૌહાણ પરિવારના પ્રણામ** મો. ૯૮૨૫૮૧૪૬૫૧

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. ભાગીરથીબેન મીઠુભાઈ પરમાર

**સ્વ. તા. ૧૭/૧૦/૨૦૨૨**

**મુળ ગામ : કુકમા, હાલ મુકામ : અમદાવાદ**

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः । न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

સાત્વિક, ધાર્મિક, સામાજીક, સાદું જીવન-ઉચ્ચ વિચાર, શાંત સ્વભાવ, કર્મઠ, સત્ય અને ન્યાય પ્રિય સંસ્કારના અવિરલ સ્ત્રોત, અનંત ઊર્જાવાન એવા દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

જસવંતભાઈ મીઠુભાઈ પરમાર - પુત્ર
તારાબેન જસવંતભાઈ પરમાર - પુત્રવધુ
મુકુન્દભાઈ મીઠુભાઈ પરમાર - પુત્ર
મંજુબેન મુકુન્દભાઈ પરમાર - પુત્રવધુ
પંકજભાઈ મીઠુભાઈ પરમાર - પુત્ર
બીનાબેન પંકજભાઈ પરમાર - પુત્રવધુ
નેહા હરીન ચૌહાણ - પૌત્રી
દક્ષા દિલીપ ટાંક - પૌત્રી
રાજીવ જસવંતભાઈ પરમાર - પૌત્ર
વૃષાલી રાજીવભાઈ પરમાર - પૌત્રવધુ
પ્રકાશ મુકુન્દભાઈ પરમાર - પાત્ર
નેહલ પ્રકાશભાઈ પરમાર - પૌત્રવધુ
વિવેક પંકજભાઈ પરમાર - પૌત્ર
શ્રેયા પંકજભાઈ પરમાર - પૌત્રી
સૌમ્ય, પ્રિયંક, ભાર્ગવ - પરપૌત્રા
સમસ્ત પરમાર પરિવાર - અમદાવાદ

# દ્વિતીય વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. જયંતિલાલ રણછોડદાસ ચૌહાણ

**સ્વ. તા. ૧૪-૧૨-૨૦૨૦, મુળ ગામ : રેહા, હાલ મુકામ : કુકમા (કચ્છ)**

આપની કાર્યક્ષમતા, લાગણીશીલ સ્વભાવ તેમજ મીઠી સુવાસ સદા અમારા હૈયે રહેશે. આપના આશીર્વાદ સદાય વરસતા રહે.... પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં.સ્વ. કંચનબેન જયંતીલાલ ચૌહાણ | પત્ની |
| સ્વ. રંભાબેન રણછોડદાસ ચૌહાણ | માતા-પિતા |
| સ્વ. ગવરીબેન કાનજીભાઈ ચાવડા | સાસુ-સસરા |
| પુનમબેન નિતેશભાઈ ચૌહાણ | પુત્રવધુ-પુત્ર |
| કિરણબેન તેજસભાઈ ચૌહાણ | પુત્રવધુ-પુત્ર |
| ટિનાબેન અજયભાઈ ચૌહાણ | પુત્રવધુ-પુત્ર |
| તોશિકા, નેશિકા, વૃંદા | પૌત્રી |
| પુનિશ | પૌત્ર |

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## ગં.સ્વ. મંજુલાબેન મહેન્દ્રકુમાર રાઠોડ

**સ્વ. તા. ૦૪-૦૯-૨૦૨૨**

**મુળ ગામ : ખંભરા, હાલ મુકામ : વરંગલ (તેલંગાણા)**

**नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः । न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥**

આપના સરલ સ્વભાવ, કુટુંબ સાથે પ્રેમ સૌના હૃદયમાં જીવીત રહેશે.

આપના આદર્શો અમારા માર્ગદર્શક હતા. હર દમ તમારા હોવાનો આભાસ રહ્યા કરે છે, ક્યારેક કહેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે, યાદમાં સતત આપના દર્શન થયા કરે છે.

દરેક કાર્યોમાં આપના આશીર્વાદનો અહેસાસ થયા કરે છે. પ્રભુ આપની આત્માને શાંતિ આપે એજ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

**:: આપના પરિવારજનો ::**

| | | |
|---|---|---|
| સ્વ. મહેન્દ્રભાઇ શિવજીભાઇ રાઠોડ | – | પતિ |
| અજેન્દ્રભાઇ મહેન્દ્રભાઇ રાઠોડ | – | પુત્ર |
| પ્રતિભાબેન અજેન્દ્રભાઇ રાઠોડ | – | પુત્રવધુ |
| જુહિત અજેન્દ્રભાઇ રાઠોડ | – | પૌત્ર |
| દર્શિતા અજેન્દ્રભાઇ રાઠોડ | – | પૌત્રી |
| નિરૂપમાબેન હિતેશભાઇ ચાવડા (ભિલાઇ) | – | દિકરી-જમાઇ |
| અનુપમાબેન અમિતભાઇ ચાવડા (યુ.એસ.એ.) | – | દિકરી-જમાઇ |
| આસુજ, રિષિકા, માનસી, વરૂણ | – | પૌત્રા-પૌત્રી |

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## આબુરોડ ઘટક

તારીખ ૨૯/૧૦/૨૦૨૨ ના રોજે આબુરોડ ઘટકનું દિવાળી સ્નેહમિલનનું આયોજન હોટલ શ્રીજનમાં રાખવામાં આવેલ હતું. જેમાં ઘટકના તમામ પરિવારો બાળકો સાથે ખુબજ ઉત્સાહ અને ઉમંગ સાથે હાજર રહ્યા હતા. કોવિડ-૧૯ના કહર બાદ બે વરસ પછી આ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ હોવાથી સર્વે પરિવાર ખુશી અને આનંદના માહોલ સાથે બધા એકબીજાને નવા વરસની શુભેચ્છાઓની આપ-લે કરી હતી. બાદમાં હાઉઝી ગેમ રમાડવામાં આવેલ જેમાં સર્વેએ ખુબજ ઉત્સાહ અને હસી-મજાકથી ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવેલ.



ત્યારબાદ સમય થઈ જવાથી સર્વેએ સ્વાદિષ્ટ ભોજનનો લાભ લીધો હતો. ઘટક મંત્રીશ્રીએ સર્વે લોકોને નવા વરસની શુભેચ્છાઓ આપી આભાર વ્યક્ત કરી ફરી આવતા વરસે આવીજ રીતે મળશું કહી સૌ છૂટા પડ્યા હતા.

## બિલાસપુર ઘટક




બિલાસપુર ઘટકમાં તારીખ ૦૫.૦૯.૨૦૨૨ ના રામદેવપીરનો ઉત્સવ ઉજવવામાં આવ્યો ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઈ વિરજીભાઈ ચૌહાણ, છત્તીસગઢ પ્રાદેશિક પ્રમુખશ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ કલ્પેશભાઈ ચૌહાણ, યુવા મંડળ મંત્રી હનીશભાઈ પરમાર તથા અન્ય સન્માનીય સદસ્યોની ઉપસ્થિતિ હતી આ અવસરે સવારે ૧૨ વાગ્યે સ્થાપના કરી બાપ્પાની આરતી કરવા માં આવી હતી. આ અવસરે શ્રી જલારામ ભજન મંડળી દ્વારા પ્રસ્તુત ભજનનો સહુએ ખુબજ આનંદ મેળવ્યો હતો. ત્યારબાદ સમાજના બધા સદસ્યોએ બાપ્પાનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

ઘટક દ્વારા નવરાત્રી પણ સારી રીતે ઉજવવામાં આવ્યું હતું. સર્વે સમાજ બાંધવોએ પૂરા ૯ દિવસ દાંડિયા સાથે સુસ્વાદ નાસ્તાનો પણ મજા લેવામાં આવ્યો હતો. અષ્ટમીના દિવસે છત્તીસગઢ રાજ્યના ભાજપ અધ્યક્ષ શ્રી અરુણભાઈ સાવજી અને પૂર્વ ભાજપ વિત્ત, રાજસ્વ મંત્રી શ્રી અમરભાઈ અગ્રવાલજી એ પોતાની ઉપસ્થિતિ દર્જ કરાવી હતી. મહિલા મંડળ દ્વારા ગરબા સજાઓ પ્રતિયોગિતા અને બાળક-બલિકાઓ માટે ફેન્સીડ્રેસ પ્રતિયોગિતા રાખવામાં આવી હતી. સર્વે વિજેતાઓ અને પ્રતિયોગીઓને પુરસ્કાર આપવામાં આવ્યું હતું. તા. ૨૬.૧૦.૨૦૨૨ બુધવારના દિવસે બિલાસપુર ઘટકની વાર્ષિક સામાન્ય સભા સાથે ઘટકનું સ્નેહ મિલન સમારોહ પણ રાખવામાં આવેલ હતી. મંચ પર સમારોહ માં મુખ્ય અતિથિ રૂપે શ્રી ગિરીશભાઈ જયંતીલાલ ભાઈ સાવરીયા, મહાસભાના ઉપપ્રમુખ અને ઘટક પ્રમુખ તેમજ સામાન્ય સભાના અધ્યક્ષરૂપે શ્રી અંબાલાલભાઈ વિરજીભાઈ ચૌહાણ, છત્તીસગઢ તથા પશ્ચિમ ઊડીસાના ન્યાયપંચ શ્રી મહેન્દ્રભાઈ કેશવજીભાઈ રાઠોડ, છત્તીસગઢ પ્રાદેશિક પ્રમુખ શ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણ, મહિલામંડળ પ્રમુખ શ્રીમતી રિતુબેન ખુશાલભાઈ ચૌહાણ, મંત્રી શ્રીમતી મંજુલાબેન રમણીકભાઈ

ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ કલ્પેશભાઈ મુકુન્દભાઈ ચૌહાણ અને યુવામંડળ મંત્રી હનીશભાઈ મુરારીલાલભાઈ પરમાર ઉપસ્થિત હતા. મંચસ્થ સર્વે મહાનુભાવો દ્વારા પ્રભુ પ્રતિમા તથા સમાજ રત્ન સ્વ. શ્રી હિરજી બાપ્પા ના ફોટો પર માલ્યાર્પણ તથા દીપ પ્રકટાવી ને સભા ની શરૂઆત કરવા માં આવી હતી. શ્રીમતી સાધનાબેન તથા પ્રકાશભાઈ પુરષોત્તમભાઈ ટાંક સજોડે પ્રભુ પ્રાર્થના સંપન્ન કરવામાં આવી હતી.

મંચસ્થ મુખ્ય અતિથિ શ્રી ગિરીશભાઈ જયંતીલાલ ભાઈ સાવરીયાનું સ્વાગત સમ્માન ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઈ વિરજીભાઈ ચૌહાણે પાઘડી, શાલ, શ્રીફળ અને હાર પહેરાવી બહુમાન કરવા માં આવ્યું. યુવા મંડળ મંત્રી દ્વારા મુખ્ય અતિથિનું જીવન પરિચય અને એમના સમાજ પ્રતિ લાગણીની જાણકારી



આપવામાં આવી હતી. ઘટકના સભ્યશ્રી ડૉ. લક્ષ્મણભાઈ ડાયાભાઈ ચૌહાણનું સમ્માન વરિષ્ઠ નાગરિક રૂપે ઘટક પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું. આ પશ્ચાત ગણેશ વંદના શ્રીમતી ઊર્મિલાબેન વિનોદભાઈ સોલંકી દ્વારા સંપન્ન કરવામાં આવી સાથે સાથે કુ. ત્રિપસા રાજેન્દ્રભાઈ જેઠવા દ્વારા પણ ગણેશ વંદના નૃત્ય સાથે પ્રસ્તુત કરવામાં આવી હતી. ઘટક ઉપપ્રમુખશ્રી ભાવેશભાઈ નરસીભાઈ ગોહિલ અને ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનો દ્વારા ઘટકથી અવસાન પામેલા સમાજજનોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. ઘટક મંત્રીની અનુપસ્થિતિમાં સહ મંત્રી શ્રીમતી મીનાબેન મહેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા ગત સભાની મિનિટ્સ વાંચવામાં આવી અને એને પૂરા સભા એ હાથ ઉપાડીને એને બહાલી આપી તેમજ ઘટકનું વાર્ષિક અહેવાલ સભા સમક્ષ રજૂ કરી હતી.

આગળની કડીમાં ઘટક કોષાધ્યક્ષ શ્રી વિજયભાઈ ડાયાલાલભાઈ ચાવડા દ્વારા સમાજનો વાર્ષિક હિસાબની રજૂવાત કરી સભાથી બહાલી લીધી. ઘટક દ્વારા પ્રતિ વર્ષે સરસ્વતી સન્માન રજત પદક, મોમેન્ટો, પ્રમાણપત્ર અને પ્રોત્સાહન પુરસ્કાર રૂપે આપવા માં આવે છે જેના દાતાશ્રીઓના નામ આભાર સાથે ઉપપ્રમુખશ્રી ભાવેશભાઈ નરસીભાઈ ગોહિલ દ્વારા સભાને જાણ કરાવી. મંચસ્થ અતિથિયોના હસ્તે આ સરસ્વતી સન્માન સર્વે વિદ્યાર્થીઓને આપવા માં આવ્યું. દીકરી વધાવો કાર્યક્રમના અંતર્ગત આ વર્ષે પણ પુત્રી રૂપે પ્રથમ સંતાનના સૌભાગ્યશાલી ૩ માતા પિતાને મોમેન્ટો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

મહિલા મંડળનો વાર્ષિક અહેવાલ શ્રીમતી રિતુબેન ખુશાલભાઈ ચૌહાણ દ્વારા વાચન કરવામાં આવ્યું તેમજ યુવા મંડળ દ્વારા યોજાયેલ કાર્યક્રમો અને એમનું વાર્ષિક અહેવાલ હનીશ ભાઈ મુરારીલાલભાઈ પરમાર દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું. ઘટકના નાના-નાના બાળક-બલિકાઓ દ્વારા ખુબજ સરસ મજાની સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવા માં આવ્યો હતો. આગલી કડી માં છત્તીસગઢ પ્રાદેશિક પ્રમુખ શ્રી હેમંત નાનાલાલભાઈ ચૌહાણ તેમજ છત્તીસગઢ એવં પશ્ચિમ ઊડીસા ના મધ્યસ્થ ન્યાયપંચ પ્રભારી અને ઘટકના ઉપપ્રમુખ સાથે-સાથે ઘટક ના કાનૂની સલાહકાર શ્રી મહેન્દ્ર ભાઈ કેશવજી ભાઈ રાઠોડ દ્વારા નુતન વર્ષ ની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. ઘટકમાં થનારા સર્વેકાર્યો અને આગત્ય ની જાણકારી ઘટક પ્રમુખશ્રી દ્વારા આપવા માં આવી નુતનવર્ષ અને દિવાળી ની શુભેચ્છા પણ સર્વે જ્ઞાતિજનો ને આપી હતી. આના પશ્ચાત સભાના મુખ્ય અતિથિ રૂપે મંચસ્થ પોતાના ઉદબોધન માં શ્રી ગિરીશભાઈ જયંતીલાલભાઈ સાવરીયા દ્વારા સમાજની એકતા અને અખંડીતતા વિષે વાત કરી દિવાળી અને નવ વર્ષ ની શુભકામના આપી હતી. મંચ સંચાલન શ્રીમતી કૃતિકાબેન ઘનશ્યામભાઈ ચૌહાણના સાથે હિમાનીબેન તુષારભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યુ. આ બદલ મહિલામંડળ દ્વારા સ્મૃતિ ચિન્હ રૂપે ભેટ આપવામાં આવી. પૂરા કાર્યક્રમના વચે વચે ક્વિજ અને એના વિજેતાઓને ઈનામ પણ આપવામાં આવ્યું. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત સર્વે સમાજ બાંધવોનું આભાર પ્રકટ કરવામાં આવ્યું હતું એના પશ્ચાત રાષ્ટ્રગાન સાથે સભાની સમાપ્તિ કરવામાં આવી તે બાદ સ્નેહભોજનું આનંદ લઈ સહુ છૂટા પડયા હતા.

## ઇન્દોર ઘટક





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઇન્દોર ઘટક નો દિવાળી મિલન સમારોહ ૩૦-૧૦-૨૦૨૨ના ઘટકના સંરક્ષક અને પૂર્વ પ્રમુખ શ્રી નરસિંહભાઈ પરમારના નિવાસસ્થાને રાખવામાં આવ્યું હતું અને આ વર્ષ ઇન્દોર ઘટકમાં ચાર નવા પરિવારનો સમાવેશ થયો તેમનું સમાજમાં સદસ્યો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. સમાજના દિવંગત આત્માઓની શાંતિ માટે શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

સ્વાગત ભાષણ સમાજના પ્રમુખ રાજેશભાઇ જેઠવા એ આપેલ હતું મિલન સમારોહ માં ઘટકના પદાધિકારીઓ અને સદસ્યો તથા મહિલા મંડળના પદાધિકારીઓ અને સદસ્યોની સંપૂર્ણ ઉપસ્તિથી રહેલી હતી. તંબોલા અને ચેયર રેસ રમાડવામાં આવી હતી અને થોડી રમત ગમત પછી સુસ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ સમાજના સર્વે સદસ્યોએ માણ્યો હતો. ઘટકના મંત્રી તુષારભાઈ યાદવ, ઉપપ્રમુખ કુલદીપભાઈ ચાવડા, સહમંત્રી ઓમપ્રકાશભાઈ વરૂએ સર્વે સદસ્યોનો આભાર પ્રકટ કર્યો.

## રાજકોટ ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ, રાજકોટ ઘટક દ્વારા શ્રી પ્રફુલભાઈ ગોહિલના ફાર્મહાઉસ પરમ વાટિકા ખાતે દિવાળી (૨૦૨૨)નું સ્નેહ મિલન રાખવામાં આવેલ હતું. ઘટકના પ્રમુખ શ્રી ચંદ્રેશ ભાઈ ચાવડા, મહાસભાના ઉપપ્રમુખશ્રી તથા લક્ષ્ય સમિતિના પ્રમુખશ્રી પરેશભાઈ ચૌહાણ, રાજકોટ કારોબારી ટીમના બધા સભ્યો શ્રી જતીનભાઈ ચૌહાણ, શ્રી મયુરભાઈ વાઢેર, શ્રી રાજનભાઈ પરમાર, શ્રી કિરણભાઈ ખોડીયાર, શ્રી ધવલભાઈ ટાંક, શ્રી પ્રકાશભાઈ ચૌહાણ , વડીલ શ્રી પ્રફુલ્લભાઈ ગોહિલ, શ્રી દીપશ ભાઈ ગોહિલ, તથા મહિલા મંડળ પ્રમુખ મંત્રી અને તેમની કારોબારી ટીમ તથા ઘટકના વડીલો, ભાઈઓ બહેનો અને બાળકો ઉપસ્થિત હતા. દીપ પ્રજ્વલિત કરી કાર્યક્રમની શરૂઆત કરી, ત્યાર બાદ દિવંગતને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ.







ઘટકના ત્રણે પાંખ ના મંત્રીશ્રી દ્વારા અહેવાલ આપવા માં આવેલ અને ત્યારબાદ ખજાનચી શ્રી દ્વારા હિસાબ રજૂ કરેલ. શ્રી પ્રફુલ્લ ભાઈ એ આજ ના સમય માં લોકો સમાજ માં કેમ

જોડાઈ તે માટે માર્ગદર્શન આપેલ. શ્રી પરેશભાઈ એ મહાસભા ની કામગીરી વિશે લોકો ને જણાવેલ. ત્યાર બાદ નવા સત્ર ની વરણી કરવા માં આવેલ જેમાં ફરી વાર ઘટક પ્રમુખ તરીકે શ્રી ચંદ્રેશ ભાઈ ચાવડા, મહિલા મંડળ પ્રમુખ તરીકે શ્રીમતી દીનાબેન ખોડીયાર અને યુવા મંડળ પ્રમુખ તરીકે શ્રી ધવલભાઈ ટાંક ને કાર્યભાર સોંપાયા.

ત્યારબાદ બધા સાથે મળીને ભોજન લીધું. ઉપરાંત ઘટકના બાળકો દ્વારા કાર્યક્રમ રજૂ કરવા માં આવેલ. ત્યારબાદ શ્રી દીપેશ ભાઈ ગોહિલ એ એજ્યુકેશન ઓફ સાઈલેન્સ વિશે સરસ મજા નું માર્ગદર્શન આપેલ. ત્યાર બાદ ઘટક ના બાળકો ને સરસ્વતી સન્માન, પારિતોષિક વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમ ને સફળ બનાવામાં ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળનું સરાહનીય યોગદાન રહેલ. અંતે શ્રી કિરણ ભાઈ ખોડીયાર એ આભાર વ્યક્ત કરવા માં આવેલ.

## પરભણી ઘટક






પરભણી ઘટકમાં દિવાળી-પળવાનો વાર્ષિક સ્નેહમિલન નો કાર્યક્રમ તા. ૨૭.૧૦.૨૨ ના વાર ગુરુવારે પરભણી ઘટકમાં રાખવામાં આવ્યો હતો. દ્વીપ પ્રજ્વલન,સમાજના કાર્યક્રમ અધ્યક્ષ શ્રી ગીરીશભાઈ રાઠોડ,પૂર્ણા, ઘટક પ્રતિનિધિ શ્રી વિઠ્ઠલભાઇ ચૌહાણ, માજી પ્રમુખ શ્રી રમેશભાઈ રાઠોડ, ઘટક પ્રમુખ શ્રી પ્રવીણભાઈ રાઠોડ, સુરેન્દ્રભાઈ ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ શ્રી સંદીપભાઈ સોલંકીના હસ્તે કરી, પ્રભુ પ્રાર્થના કરી શરૂઆત કરી. વરીષ્ઠોનું સન્માન, સરસ્વતી સન્માન, ભણતરમાં રહેલા બાળકોનું મહિલા મંડળ દ્વારા પ્રમુખ શ્રીમતી ચંચલબેન રાઠોડ, સંદીપભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યુંને ગિફ્ટ આપવામાં આવ્યું, ત્યાર બાદ શ્રીમતી વર્ષાબેન રાઠોડ તરફે ગિફ્ટ આપવામાં આવ્યું. બધા કુમાર કુમારીકાઓએ પોતાનું મનોગત વ્યક્ત કર્યા. ત્યારબાદ ગેમ રમ્યા,હાઉસી, ગરબા,રમી બધાયે આનંદ લીધો. ત્યારબાદ સ્નેહ ભોજન કરી વિદાય લીધી. પરભણી ઘટકનું હર વર્ષની જેમ કાર્તિક મહિનાનું તીર્થ પર્યટનને વનભોજનનો કાર્યક્રમ ૧૩.૧૧.૨૨ ના રોજ નવાગઢ જૈન મંદિર,મીરખેલ ગામે રાખવામાં આવ્યો હતો. બધા નાના મોટા હાજર હતા,દર્શન કરી બધાયે ગેમ રમ્યા,ત્યાર બાદ વન ભોજન કરી બધાયે આનંદ લીધો.

## ઉજ્જૈન ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઉજ્જૈન ઘટકનું દીપાવલી અભિનંદન, નવ વર્ષ મિલન સમારોહ અને વાર્ષિક સાધારણ સભાનું આયોજન તા. ૨૬-૧૦-૨૦૨૨, બુધવારના પડવાના દિવસે શ્રી ગુજરાતી ધર્મશાળા વેદનગર નાનાખેડા, ઉજ્જૈનમાં સવારે ૧૧ વાગે રાખવામાં આવ્યું હતું. સર્વ પ્રથમ ઘટક પ્રમુખ શ્રી અરવિંદભાઇ ત્રિકમજીભાઇ ચાવડા દ્વારા મિલન સમારોહમાં પધારેલ ઘટકના સર્વે સભ્યોનું અભિવાદન અને નવવર્ષની શુભકામના પાઠવવામાં આવી હતી. ત્યર બાદ સર્વે સભ્યો દ્વારા એકબીજાને અભિવાદન કર્યા અને વડીલોથી આશીર્વાદ લેવામાં આવ્યા. ત્યાર બાદ મંત્રી શ્રી રવિન્દ્રભાઇ હરિલાલભાઇ જેઠવા, ઉપપ્રમુખ રી હિમ્મતભાઇ મણીલાલ વરૂ, મહેન્દ્રભાઇ વ્રજલાલ રાઠોડ અને શ્રી લલીતભાઇ વેલજીભાઇ વેગડ, સહમંત્રી શ્રી હસમુખભાઇ જીવરામભાઇ ચૌહાણ અને સલાહકાર મંડળમાં શ્રી જયહિન્દભાઇ ત્રિકમજીભાઇ ચાવડા, શ્રી ગૌતમભાઇ અમરસિંહભાઇ વરૂ, શ્રી કૈલાશભાઇ મોરારજીભાઇ રાઠોડ, શ્રી



નવીનભાઇ મોહનલાલભાઇ ચાવડા, શ્રી અનિલભાઇ વાસુદેવભાઇ ચાવડા અને શ્રી મહેશભાઇ નરસીભાઇ સોલંકી દ્વારા મિલન સમારોહમાં પધારેલ ઘટકના સર્વે સભ્યોનું અભિવાદન અને નવવર્ષની શુભકામના આપવામાં આવી હતી.

ઉજ્જૈન ઘટકના પાછલા વર્ષની તા. ૦૫-૧૧-૨૦૨૧ની થયેલ સાધારણ સભા અને મિલન સમારોહમાં સર્વેની સહમતિથી લીધેલ નિર્ણય અનુસાર ઘટકના રજીસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી અને ઘટકના નામનું પેનકાર્ડ તૈયાર કરવામાં આવેલ હતું. ઘટકના રજીસ્ટ્રેશન બાદ મધ્યપ્રદેશ શાસનના નિયમાનુસાર પ્રત્યેક વિત્તિય વર્ષમાં પ્રત્યેક સદસ્યની વાર્ષિક સદસ્યતા ફી રૂા. ૧૨૦/- કરવામાં આવી. ઘટકના વરીષ્ઠ સલાહકાર શ્રી જયહિન્દભાઇ ત્રિકમજીભાઇ ચાવડા દ્વારા ઘટકના નિયમોની વિસ્તારપૂર્વક જાણકારી આપવામાં આવી હતી. ઘટકનું રજીસ્ટ્રેશન થવા બાદ પાછલી સાધારણ સભામાં



સર્વે સભ્યોની મંશાનુસાર ઉજ્જૈન ઘટકમાં જરૂરીયાતમંદોને આકસ્મિક પારિવારીક સહાયતા (વાપસી યોગ્ય) રાશી રૂા. ૩૦,૦૦૦થી વધારીને રૂા. ૫૦,૦૦૦ કરવામાં આવી હતી. ઘટકનું વાર્ષિક આય-વ્યયનો હિસાબ કોષાધ્યક્ષ શ્રી ખુશાલભાઇ ત્રિકમજીભાઇ ચાવડા દ્વારા અને મહિલા મંડળનું વાર્ષિક આય-વ્યવનો હિસાબ કોષાધ્યક્ષ શ્રીમતી અરૂણાબેન ખુશાલભાઇ ચાવડા દ્વારા રજુ કરવામાં આવેલ અને નવવર્ષની શુભકામના પાઠવવામાં આવેલ હતી. મહિલા મંડળમાં પણ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન દિનેશભાઇ ચૌહાણ, મંત્રી શ્રીમતી મીનાબેન હસમુખભાઇ ચૌહાણ દ્વારા મિલન સમારોહમાં પધારેલ ઘટકના સર્વે સભ્યોનું અભિવાદન કરવામાં આવેલ. મહિલા મંડળ દ્વારા નવરાત્રીમાં આલુની વાનગી બનાવવાની પ્રતિયોગીતાનું આયોજન રાખવામાં આવેલ હતું. જેમાં પ્રથમ પુરસ્કાર વિજેતા શ્રીમતી મનિષાબેન હિતેશભાઇ ચાવડા, દ્વિતીય - શ્રીમતી કલ્પનાબેન ગૌતમભાઇ વરૂ, તૃતિય પુરસ્કાર શ્રીમતી મીનાબેન હસમુખભાઇ ચૌહાણ, પ્રોત્સાહન પુરસ્કાર શ્રીમતી વિદ્યાબેન જયહિન્દભાઇ ચાવડા, શ્રીમતી જયશ્રીબેન લલીતભાઇ વેગડ, શ્રીમતી લક્ષ્મીબેન વિજયભાઇ વરૂ, શ્રીમતી જયશ્રીબેન હિમ્મતભાઇ વરૂ, શ્રીમતી મીનાબેન અરવિંદભાઇ ચાવડા, શ્રીમતી રૂપલબેન રવિન્દ્રભાઇ જેઠવા, શ્રીમતી તન્વીબેન મીતભાઇ વેગડ ઘોષિત કરવામાં આવ્યા હતા. વિજેતાઓને પુરસ્કાર ઘટક પ્રમુખ શ્રી અરવિંદભાઇ ચાવડાના સૌજન્યથી ઘટકના વડીલ મહિલા શક્તિ વસંતાબેન વાસુદેવભાઇ ચાવડા, કમલાબેન નાનાલાલભાઇ વેગડ, પ્રમિલાબેન વેલજીભાઇ વેગડના હસ્તે આપવામાં આવ્યા હતા. મહિલા મંડળના કાર્યકમનું સંચાલન કલ્પનાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. પછી આ વર્ષે ઘટકના દિવંગત થયેલ સભ્ય સ્વ. વસંતભાઇ ડાયાભાઇ ચાવડાને બે મીનીટનું મૌન રાખી સર્વે સભ્યો દ્વારા શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. અંતમાં સમસ્ત સભ્યો દ્વારા દીપાવલી અભિનંદન અને નવવર્ષ મિલન


સમારોહમાં સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો અને સભા સમાપ્ત કરવામાં આવી હતી.

આ વર્ષ ભોજનનું આયોજન શ્રી કૈલાશભાઇ મોરારજીભાઇ રાઠોડ પરિવાર અને ઘટકના સર્વે સભ્યોના સહયોગ દ્વારા કરવામાં આવેલ હતું. આગલા વર્ષ સન ૨૦૨૩ના દિપાવલી અભિનંદન અને નવવર્ષ મિલન સમારોહમાં સ્વાદિષ્ટ ભોજનના આયોજન માટે ઘટકના સર્વે સભ્યો અને શ્રી અશોકભાઇ વાસુદેવભાઇ ચાવડાએ એમના માતૃશ્રી વસંતાબેનની પ્રેરણાથી એમના તરફથી કરવાની ઘોષણા કરી હતી.

## આદીપુર ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળની વાર્ષિક સામાન્ય સભામાં નવા સત્રની કારોબારી કમીટી માટે આદીપુર ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકીની કારોબારી સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી હતી. સોલાર વિલેજ મોઢેરાનું લોકાર્પણ કરવા માટે ગુજરાત પધારેલ માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીના કાર્યક્રમમાં આદીપુરની સિન્કો-એકેડેમીની છાત્રાઓને ડાન્સ પ્રોગ્રામ રજુ કરવાનું આમંત્રણ મળેલ. જેમાં આદીપુર ઘટકના કારોબારી સભ્ય શ્રી અમિતભાઇ ચાવડા અને મહિલા મંડળના ઉપપ્રમુખ શ્રીમતી નિશાબેન ચાવડાની સુપુત્રી કુ. પ્રાચિ અમિતભાઇ ચાવડાએ પોતાની ટીમ સાથે ત્યાં મોઢેરા વિલેજ સ્થળે ડાન્સ પ્રોગ્રામ રજુ કરી આદીપુર ઘટકનું ગૌરવ વધારેલ. આદીપુર સમાજ ભવનની છત ઉપર ચારે બાજુ લોખંડની રેલીંગ





લગાવવાનું કામ તથા પાછળની સાઇડ શેડ બનાવવાનું કામ દાતાઓના સહયોગથી પુરૂ થયું છે. હવે સમાજભવનની પાછળની સાઇડ દિવાલ ઉપર ગ્રીલ લગાવવાનું કામ શરૂ કરેલ છે. તા. ૬-૧૧-૨૨, રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે આદિપુર ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળની કારોબારીની એક સંયુક્ત મીટીંગ સમાજ ભવનમાં સરસ્વતી સન્માન, સ્નેહમિલન અને ભોજન સમારંભ બાબત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

## ઉદયપુર ઘટક






શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઉદયપુર ઘટક દ્વારા દિવાળી સ્નેહમિલન અને સામાન્ય સભા તા. ૨૫-૧૦-૨૦૨૨, મંગળવારના દિવસે રાખવામાં આવી હતી. જેમાં ઉદયપુર ઘટકના સર્વે સભ્યોએ પરિવાર સાથે ભાગ લીધેલ. સવારે ૯.૩૦ કલાકે અલ્પાહાર પછી ૧૧ વાગ્યાથી મીટીંગ પ્રારંભ કરવામાં આવેલ. જેમાં સર્વ પ્રથમ સમાજરત્ન સ્વ. શ્રી હિરજીભાઇ ચૌહાણની છવી ઉપર તિલક અને પુષ્પહાર પહેરાવા બાદ મંચ ઉપર ઘટક અને મહિલા મંડળના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, મંત્રી, કોષાધ્યક્ષને આમંત્રિત કરી મંચાશીન કરવામાં આવેલ. કાર્યક્રમના સભાપતિ રૂપે ઘટકના વડીલ શ્રી દેવરામભાઇ ચૌહાણનું સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ પ્રભુ પ્રાર્થના મહિલા મંડળ દ્દારા કર્યા બાદ અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઇ ચૌહાણે પોતાના ઉદ્દબોધનમાં પાછલા ૪-૫ વર્ષની આમ સભા ન હોવાની વિસ્તૃત ચર્ચા કરેલ. ઘટક કોષાધ્યક્ષ શ્રી ધીરજભાઇ યાદવ અને મહિલા મંડળના કોષાધ્યક્ષ શ્રીમતી પુનમેબન ચૌહાણે સમાજની આવક-જાવકનો હિસાબ રજુ કર્યો જેને સામાન્ય સભાએ બહાલી આપી હતી. ઘટક મંત્રી શ્રી વિનિતભાઇ ચૌહાણ તેમજ મહિલા મંડળ અધ્યક્ષ શ્રીમતી આશાબેન ચૌહાણ અને મંત્રી શ્રીમતી ડિમ્પલબેન પરમારે ઘટક અને મહિલા મંડળમાં થતી ગતિવિધિઓથી સામાન્ય સભાને





જણાવેલ. ચાલુ કારોબારી સમિતિનું કાર્યકાળ પૂર્ણ થવાથી નવી કારોબારી સમિતિને સામાન્ય સભાએ અધ્યક્ષ – ડૉ. નરેન્દ્રભાઇ જાદવજીભાઇ ચૌહાણ, મંત્રી – શ્રી મિહિરભાઇ રસિકભાઇ ચૌહાણ, ઉપાધ્યક્ષ – શ્રી ધીરજભાઇ પ્રેમજીભાઇ યાદવ, કોષાધ્યક્ષ – શ્રી વિનિતભાઇ મોહનભાઇ ચૌહાણ, સલાહકાર પ્રમુખ – શ્રી અરૂણભાઇ મુળજીભાઇ પરમાર, સહમંત્રી – શ્રી અનિલભાઇ વલમજીભાઇ ચૌહાણ, શ્રી ધર્મેશભાઇ શિવલાલભાઇ રાઠોડને સર્વ સહમતિથી નિમણુંક કર્યા બાદ નવનિર્વાચીત સદસ્યોને સામાન્ય સભાએ તાડીઓના ગડગડાટથી વધાવેલ. ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા રમત-ગમતનું આયોજન કરવામાં આવેલ.

જેમાં સર્વે ભાઇ-બહેનો અને બાળકોએ બહુજ ઉત્સાહથી ભાગ લીધેલ. રમત-ગમતના વિજેતાઓને ચેતનભાઇ નરેન્દ્રભાઇ ચૌહાણ તરફથી ઇનામ વિતરણ કરવામાં આવેલ. ત્યાર બાદ બપોરનું ભોજન ઘટક અને સર્વે સદસ્યોના સહયોગથી કરવામાં આવેલ. ભોજન બાદ સર્વે સદસ્યોએ મળી રાષ્ટ્રગાન અને જય ભારત, જય સમાજના જયઘોષની સાથે સામાન્ય સભા પૂર્ણ કરવામાં આવી હતી.

## રાઉરકેલા ઘટક

ગત તા. ૩૦-૧૦-૨૦૨૨, રવિવારના રોજ રાઉરકેલા ઘટક દ્વારા સં. ૨૦૭૯ નવા વર્ષના આગમને ધૂમધામથી ઉજવવા સ્થાનીય સમાજ ભવનમાં સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કોવિડ-૧૯ના કારણે બે વર્ષ બાદ ઉજવેલ આ કાર્યક્રમમાં ઘટકના સમાજબંધુઓએ મોટી સંખ્યામાં ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવેલ હતું. રાઉરકેલા પ્રમુખ શ્રી દિપેશભાઇ ભરતભાઇ રાઠોરના સાથે કાર્યક્રમના મુખ્ય અતિથિ આદ. શ્રીમતી પ્રભાબેન મુકુન્દભાઇ ચૌહાણ, કાર્યક્રમના અધ્યક્ષ શ્રી બલરામભાઇ વિશનજીભાઇ રાઠોર, મહાસભા અને રાઉરકેલા ઘટકના માજી પ્રમુખ તથા વર્તમાન સલાહકાર શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર, મહાસભા અને પશ્ચિમ ઓડિસા પ્રા.સ.ના મંત્રી શ્રી કિશોરભાઇ ભગવાનલાલ ટાંક, મહાસભાની પેટા સમિતિ સંજીવનીના પૂર્વ વિભાગના પ્રભારી શ્રી નિતિનભાઇ માધવજીભાઇ વરૂ, અ.ભા.મહિલા મહાભમંડળ અને રાઉરકેલા મહિલા મંડળના માજી પ્રમુખ તેમજ વર્તમાન






ઘટક મંત્રી શ્રી નિતિનભાઇ નાનાલાલભાઇ વાઘેલા દ્વારા ઉપસ્થિત સર્વે સમાજબંધુઓનું સ્વાગત અને નૂતન વર્ષ અભિનંદનની સાથે કાર્યક્રમ પ્રારંભ કરેલ હતું. રાઉરકેલા ઘટક પ્રમુખ શ્રી દિનેશભાઇ ખેમરાજભાઇ પરમાર, રાઉરકેલા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબેનદિનેશભાઇ પરમાર, યુવા મંડળ સલાહકાર શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઇ પરમાર, અ.ભા.મહિલા મંડળના શિક્ષણ પ્રભારી શ્રીમતી ભૂમિકાબેન નિતિનભાઇ વરૂ તથા અ.ભા.મહિલા મહામંડળ પશ્ચિમ ઓડિસા પ્રા.સ. પ્રમુખ શ્રીમતી ભદ્રાબેન હરીશભાઇ રાઠોરએ મંચની શોભા વધારેલ હતી. ગણેશવંદના, દિપ પ્રાગટ્ય, ભગવાન અને

સમાજરત્ન સ્વ. આદ. શ્રી હિરજીબાપાની છવીને માલ્યાર્પણ, પ્રભુ પ્રાર્થના, મંચસ્થ મહાનુભાવોનું કુમકુમ તીલકથી સ્વાગત અને સ્વાગત ગીતથી કાર્યક્રમનું શુભારંભ કરવામાં આવેલ હતું. સર્વ પ્રથમ  સમાજના ૨૦૧૯ બાદ આ દિવંગત થયેલ મહાનુભાવોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન શ્રી કિશોરભાઇ ટાંકએ મહાસભા આયોજીત અંજાર અધિવેશનમાં આદ. શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમારનું મહાસભા વતી થયેલ સન્માનની જાણકારી આપવામાં આવેલ અને શ્રી દિનેશભાઇ પરમારે એજ અંજાર અધિવેશનમાં અંજાર ઘટક વતી શ્રી કિશોરભાઇ ટાંકનું સન્માન કરવામાં આવેલની જાણકારી આપવામાં આવી હતી. જે રાઉરકેલા ઘટક માટે ગૌરવની વાત છે તે માટે બંને મહાનુભાવોનું રાઉરકેલા ઘટક દ્વારા પુષ્પગુચ્છ, શાલ-શ્રીફળથી સન્માન કરવામાં આવેલ.

દર વર્ષની જેમ આ વર્ષે પણ રાઉરકેલા ઘટકના મેધાવી છાત્રોને સરસ્વતી સન્માનથી પ્રોત્સાહીત કરવામાં આવેલ. શ્રી કિશોરભાઇ ટાંક દ્વારા કચ્છ પ્રવાસ અને પ્રવાસ દરમ્યાન અંજાર ઘટક તરફથી સહકાર આપવાની ખાતરી આપતા શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવાનો આવેલ ફોનની જાણકારી ઉપસ્થિત સભ્યોને આપેલ અને કચ્છ પ્રવાસમાંઃ જોડાવા વિનંતી કરેલ હતી. ભવન વ્યવસ્થાપક શ્રી નિતિનભાઇ માધવજીભાઇ વરૂ તરફથી ભવનમાં ખુટતી જરૂરી સામગ્રી વિશે જાણકારી આપવામાં આવેલ અને ઉપસ્થિત મહાનુભાવોએ ઉદાર દિલે સહયોગ કરેલ હતો. સ્વ. મણીબેન હરીલાલભાઇ ટાંક હ. રમાકાંત હરીલાલ ટાંક તરફથી ૫૦ વાટકી, શ્રી કિશોર અમરશીભાઇ રાઠોર તરફથી ૧૦૦ ચમચી, શ્રીમતી પ્રભાબેન મુકુન્દભાઇ ચૌહાણ તરફથી ૩ સફેદ ચદર, સ્વ. માધવજીભાઇ ખેંગારજીભા વરૂ હ. શ્રી નિતિનભાઇ વરૂ તરફથી બે ગાદલાનો સેટ, સ્વ. નવીનભાઇ વિશનજીભાઇ રાઠોર હ. શ્રી બલરામભાઇ રાઠોર તરફથી બે ગાદલાનો સેટ, સ્વ. દેવેન્દ્રભાઇ નવીનભાઇ રાઠોર હ. બલરામભાઇ વિશનજીભા રાઠોર તરફથી એક ગાદલાનો સેટ, શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઇ પરમાર તરફથી પાંચ ગાદલોનો સેટ, શ્રી ખુશાલભાઇ જાદવજીભાઇ વરૂ તરફથી પાંચ ગાદલાનો સેટ તથા સ્વ. રૂડાભાઇ પ્રેમજીભાઇ વરૂ હ. શ્રી ઉત્તમભાઇ રૂડાભાઇ વરૂ તરફથી એક ગાદલાનો સેટ સમાજ ભવન પેટે ભેટ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં ઘટક પ્રમુખશ્રીએ આ સ્નેહમિલન કાર્યક્રમને સફળ -બનાવવા ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ તથા તન, મન અને ધનથી સહયોગ આપનાર દરેક સમાજબંધુઓનો આભાર વ્યક્ત કરેલ. મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા આયોજીત રમતગમત અને સ્વાદિષ્ટ વાનગીનો આનંદ માણી સર્વે છુટા પડ્યા હતા. રાઉરકેલા ઘટકની સ્થાપનાના સુત્રધાર અને સમાજના આધારસ્તંભ વડીલ સ્વ. શ્રી રસીકલાલભાઇ પોપટલાલભાઇ રાઠોરની સ્મૃતિમાં તેમના પુત્ર શ્રી ક્રિષ્ના રસીકલાલભાઇ રાઠોર દ્વારા સ્નેહમિલનમાં જમણવારની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાઉરકેલા ઘટક વતી એમનું પણ આભાર વ્યક્ત કરવામાં આવેલ હતું.

## કેંજોરગઢ ઘટક





કેંજોરગઢ ઘટક મધ્યે નવરાત્રી મહોત્સવનું આયોજન ખૂબ ધૂમધામથી કરવામાં આવ્યું હતું. તા. ૨૬-૦૯-૨૦૨૨ થી તા. ૫-૧૦-૨૦૨૨ સુધી સમાજવાડીમાં દરરોજ રાત્રે ૯.૦૦ વાગ્યાથી ૧૨.૦૦ વાગ્યા સુધી ઘટકના સૌ સદસ્યો મળીને રાસગરબા લેતા હતા. રાત્રે ૧૨ વાગ્યે આરતી કરવામાં આવતી હતી. પહેલે દિવસે સ્વ. કાનજીભાઇ મનજીભાઇ ટાંકના નિવાસ સ્થાનેથી માતાજીના ગરબાની શોભાયાત્રા નિકળી હતી જેમાં પ્રિયલબેન રાઠોડે માંના ગરબાને શીર પર ધારણ કરી સમાજવાડી પહોંચી ગરબાની સ્થાપના કરી હતી. દશેરાને દિવસે રાત્રે રાસગરબા બાદ ગરબાને વિસર્જન કરવામાં આવ્યું હતું. નવરાત્રી દરમિયાન અનેકો સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું તથા વિજેતાઓને ઇનામો આપવામાં આવ્યા હતા. સાતમને દિવસે ઘટક તરફથી કુંવારીકાઓનું જમણ રાખવામાં આવ્યું હતું. આઠમના સવારે માતાજીનો હવન કરવામાં આવ્યો હતો જેમાં શ્રી ભુશીતભાઇ વાસુદેવભાઇ ચાવડા તથા શ્રીમતી હંસાબેન ભુશીતભાઇ ચાવડા બેઠા હતા. આઠમના રાત્રે બાળકો,

બહેનો તથા વડીલો દ્વારા ખાસ આકર્ષક રાસનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન દરરોજ લોટરીનું આયોજન કરવામાં આવ્યું હતું તથા અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

તા. ૭-૧૦-૨૦૨૨ના ઘટકનું સમુહ ભોજન રાખવામાં આવેલ હતું. જેમાં સૌ સદસ્યો ઉપસ્થિત રહી સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો હતો. તા. ૧૦-૧૦-૨૦૨૨ શરદપૂનમના રાત્રે બધા મળીને કાનુડાના રાસ લીધા હતા. આરતી બાદ બધાને દુધ-પૌઆનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. આ બધા કાર્યક્રમોમાં ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળના સૌ સદસ્યોએ તેમનું યોગદાન આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## હાજાપર ઘટક



હાજાપરની પાવન ધરતી પર ત્રણ કુળદેવી યાદવ, પરમાર અને વરૂ નુખના માતાજી બિરાજમાન છે. આઠમ, નોમ અને વિજ્યાદશમીના શક્ય હોય તેટલા ત્રણે માતાજીના ભક્તો સંપૂર્ણ ભારતવર્ષથી હાજાપર પધારી એક અનેરો ઉત્સવ તરીકે દશ્યમાન થાય છે. હાજાપર ગામમાં યાદવકુળનાં માતાજી શ્રી ચાવલમાં અને પરમાર કુળના શ્રી પીઠળ માતાજીના ગોઠી ભાઇઓના સમુહ ફાળા દ્વારા બન્ને માતાજીના મંદિરો અંદાજે લગભગ ૬૦ લાખના ખર્ચે ખુબજ કલાત્મક રીતે મંદિરોને નવા આર.સી.સી. અને બાંધકામ સાથે આધુનિક સુવિધા રૂપે નવું રૂપ આપવામાં આવેલ છે. યાદવ કુળના શ્રી ચાવલ માતાજીનો આ વર્ષે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની પૂર્વ તૈયારીરૂપે મહીનાઓથી યાદવ કુળના ગોઠી ભાઇઓ તનતોડ મહેનત કરી ઉમંગ અને ઉત્સાહપૂર્વક વર્ષો સુધી યાદ રહેશે તેવો ઉજવવામાં આવેલ હતો. તે જ રીતે પરમાર માતાજી (પીઠળ માતાજી)ના ગોઠી ભાઇઓએ પણ અદ્‌ભૂત અને યાદગાર આ પ્રસંગ ઉજવી માતાજી પ્રત્યેની શ્રદ્ધા આસ્થાનો પરિચય કરાવેલ હતો. સાથે સાથે હાજાપર વરૂ માતાજીના ગોઠી ભાઇઓનું મંદિર અગાઉ જ ખુબજ સુંદર આયોજનપૂર્વક બની ગયેલ છે. છતાં પણ સર્વે ગોઠી ભાઇઓ વર્તમાન જરૂરીયાત પ્રમાણે કાર્યો થતા જ રહે છે.

હાજાપર ગામમાં આપણા મિસ્ત્રીઓની વસ્તી બહુજ ઓછી છે. મહાસભા આ બાબતે ચિંતિત છે અને ખાસ હાજાપર ઘટકની કોર કમીટી કારોબારી કચ્છ અને કચ્છ બહાર વસતા હાજાપરવાસીઓની આ વિષે વિસ્તૃત ચર્ચા-વિચારણા થતી જ રહે છે. તેના ફળસ્વરૂપે હાલ હાજાપર ઘટક દ્વારા હાજાપર વિરાસત જાળવણીના ભાગરૂપે હાજાપર કોરકમીટી દ્વારા આપણા પૂર્વજો-વડીલાએ બનાવેલ ઠાકર મંદિરમાં અંદાજે ૫૦,૦૦૦ના ખર્ચે યોગ્ય સુવિધા પૂર્ણ કરેલ છે. તેવી જ રીતે યાદવ અને પરમારના માતાજીના ગોઠી ભાઇઓ તથા અન્ય ગ્રામજનોના ઉપયોગ થાય તે હેતુથી અંદાજે ૨૦,૦૦૦ના ખર્ચે ૧૫ થી ૨૦ ફુટનો પહોળો રસ્તો બનાવેલ છે તેનો મુખ્ય ઉદ્દેશ આપણા વડીલોએ પૂરા ભક્તિભાવથી બનાવેલ ઠાકર મંદિરના દર્શન કરી શકે. આ હાજાપર ઘટકની કોરકમિટી અને કારોબારીનું જાગૃતતાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ છે.

ભવિષ્યમાં હાજાપર ગામમાં વિરાસતોની જાળવણીના ખર્ચ અનુસંધાન રૂપે હાજાપર કોરકમિટી દ્વારા અંદાજે ૪ થી ૫ લાખના કાર્યની યાદી તૈયાર કરેલ છે. જે રીતે ફંડ આવશે, તે રીતે કાર્ય થતું રહેશે. ભલે હાજાપર ગામમાં આપણા સમાજની વસ્તી જીવન જરૂરીયાતની અસુવિધાને કારણે ઓછી છે. પરંતુ કચ્છ અને કચ્છ બહાર વસતા હાજાપરવાસીઓનો પોતાના ગામ પ્રત્યેના પ્રેમને વંદન છે જેઓ પોતપોતાના કુળદેવી સ્થાનક અને હાજાપરના વડીલોની જન્મભૂમીને અચૂક યાદ કરી અવાર-નવાર હાજાપર ગામની મુલાકાત લઇ ગૌરવ અનુભવી રહ્યા છે તેનું ઉદાહરણ હાજાપર સમાજ ભવન છે. જેનું ટુંક સમયમાં ખાતમુહુર્ત-ભુમીપુજન થવાનું છે.

સર્વે વતનપ્રેમી હાજાપરવાસીઓને નમ્ર વિનંતી કે આપ સૌ હાજાપર વિરાસત જાળવણી ફંડ અને હાજાપર સમાજ ભવનમાં યથાયોગ્ય ફંડ આપી હાજાપર ઘટકના આ અટલ નિર્ણયને સહયોગ આપી આપણા પૂર્વજો-વડીલોનું ઋણ ચુકવવાનું ભુલશો નહીં. આપ સંપર્ક સુત્રોથી વધુ જાણકારી મેળવી શકો છો.

પ્રમુખ - નવીનભાઇ યાદવ - મુંબઇ - મો. ૯૮૨૧૮૪૦૧૫૯,

ખજાનચી - રાઘવજીભાઇ પરમાર - માધાપર - મો. ૭૦૧૬૩૨૪૨૫૦.

## મદુરાઇ-ત્રીચી ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય મદુરાઈ-ત્રીચી ઘટકનું સ્નેહમિલન સમારોહ તા. ૦૬/૧૧/૨૦૨૨ રવિવારના સવારના ૧૦.૩૦ કલાકે હોટેલ મેજેસ્ટીક, મદુરાઈ ખાતે યોજવામાં આવેલ હતો. કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવેલ હતી અને ત્યારબાદ ગત વર્ષમાં દિવંગત પામેલ સભ્યો માટે એક મિનટનું મૌન પાલી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ. ત્યારબાદ મદુરાઈ ઘટકના પ્રમુખશ્રી કિશોરભાઈ ડી. ચૌહાણ દ્વારા સર્વે સભ્યોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ અને નવા વર્ષની શુભેચ્છા પાઠવવામાં આવેલ. અને ત્યારબાદ તમિલનાડુ પ્રાદેશિક પ્રમુખશ્રી ઉમેશ ભાઈ ખોડિયાર દ્વારા પણ સર્વે ને નવા વર્ષની શુભકામના પાઠવવામાં આવેલ. જેમાં તેઓએ દાન આપવાનું મહત્વ અને સમર્પણ ભાવનાની વિશેષતા બાબતે ખુબ સારી રીતે સભાને સંભોધન કર્યું હતું.

ત્યારબાદ સભાને નવા વર્ષની શુભેચ્છા સાથે પોતાના મંતવ્યો ને મદુરાઈ ઘટક ના મંત્રીશ્રી દીપક ભાઈ પરમાર દ્વારા રજુ કરવામાં આવેલ. એન તમિલનાડુ પ્રાદેશિક મહિલા મંડળ ના પ્રમુખ શ્રીમતી માધુરીબેન દ્વારા પણ શુભેચ્છા સાથે નવી પેઢીના યુવાઓને મોબાઈલ અને ઈન્ટરનેટનો કેવી રીતે સદુપયોગ કરવો - તે બાબતે માહિતી આપવામાં આવેલ.

ત્યારબાદ વિશેષ સ્વરૂપે આમંત્રિત કરેલ મદુરાઈ વિવેકાનંદ કેન્દ્રના સંચાલક શ્રીમતી સુમિત્રાબેન દ્વારા ઉપસ્થિત સર્વે ને સ્વામી વિવેકાનંદના વિચારોને આજના યુવાઓમાં સિંચન કરવાનો આગ્રહ કરવામાં આવેલ અને તેના માટે ગુજરાત સરકાર દ્વારા પણ ખુબ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે તેવી જાણકારી આપવામાં આવેલ. શ્રીમતી સુમિત્રાબેનનો સન્માન તમિલનાડુ પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી માધુરીબેન દ્વારા કરવામાં આવેલ.

ત્યારબાદ વિશેષ અતિથિ સ્વરૂપે આમંત્રિત કરેલ ધ્યાનચંદ એવોર્ડ અને ૧૨ નેશનલ અને ઈન્ટરનેશનલ ગોલ્ડ મેડલ ના વિજેતા એવા શ્રી રંજીત કુમાર દ્વારા યુવાઓ ને રમત ગમત ક્ષેત્રે ભાગ લેવા પ્રોત્સાહિત કરવામાં આવેલ. તેમનું સન્માન ખજાનચી શ્રી હરિલાલ ભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમ નું સંપૂર્ણ સંચાલન ને ખૂબ સુંદર શ્રીમતી શીતલ જયદીપ ખોડિયાર દ્વારા કરવામાં આવેલ અને કાર્યક્રમના અંતે સર્વેનો આભાર વ્યક્ત કરી રાષ્ટ્રગાન ગાઈ કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

## વડોદરા ઘટક




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વડોદરા ઘટકનું તા. ૩૦-૧૦-૨૦૨૨, રવિવારના પરંપરાગત, સુનિયોજીત દિપાવલી સ્નેહ સંમેલનર્નુ આયોજન સમાજ ભવન મધ્યે કરવામાં આવ્યું હતું. સં. ૨૦૭૯ના નૂતન વર્ષના મંગલ પ્રારંભે સુંદર મજાના ડેકોરેટીવ મંડપ, સાઉન્ડ સીસ્ટમ અને અતિ આધુનિક એરેન્જમેન્ટ યુવા મંડળના સામાજીક જદાબદારી સમા કાર્યક્રમો અને મહિલા મંડળના આનંદ કરાવતા પ્રોગ્રામોની સાથે વડોદરા ઘટકના સૌ સમાજબાંધવો સાથે વિવિધ ઘટકોથી પધારેલ સમાજબંધુઓની સથવારે સત્ર ૨૦૨૨-૨૫ની નવનિયુક્ત કારોબારીના પ્રથમ પ્રોગ્રામમાં સૌ સાથે મળી ખુબજ આનંદ માણ્યો હતો. સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆતમાં ઘટક મંત્રી શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ દ્વારા ઘટક તેમજ બહારગામથી પધારેલ સૌ સમાજબંધુઓનું શાબ્દીક સ્વાગત કરી નવા વર્ષના રામ રામ કરવામાં આવ્યા હતા. મહિલા મંડળના બહેનો બીનાબેન ચૌહાણ, પ્રતિમાબેન રાઠોડ તેમજ મનીષાબેન ચાવડા દ્વારા પ્રભુ પ્રાર્થના કરવામાં આવી હતી અને ઘટકની દીકરીઓ સુચી સોલંકી અને તન્વી સોલંકી દ્વારા ગણેશ વંદનાની પ્રસ્તુતી

કરવામાં આવી હતી. જેને ઉપસ્થિત સૌ સમાજબાંધવોએ તાડીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

વડોદરા ઘટક પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ રાઠોડ, અ.ભા.યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ, ગુજરાત પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી જગદીશભાઇ વરૂ, વડોદરા યુવા મંડળ પ્રમુખ નિલેષભાઇ સોલંકી તેમજ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી દર્શનાબેન પરમાર દ્વારા દીપ પ્રાગટ્ય કરી આજના ઐતિહાસીક આયોજનની શરૂઆત કરવામાં આવી હતી.

ત્યાર બાદ યુવા મંડળ દ્વારા આયોજીત કાશીબા હોસ્પીટલના બ્લડ બેન્ક સાથે મળી આયોજીત બ્લડ ડોનેશન કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ મંચાશીન સર્વે મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. સત્ર ૨૦૨૨-૨૫ની નવનિયુક્તિ કારોબારીનું મંચ ઉપર બોલાવી દરેક કારોબારી સભ્યની પરિચય વિધી મંત્રીશ્રી દ્વારા કરવામાં આવી. આજના વડોદરા ઘટકના આયોજનને મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડા દ્વારા મળેલ શુભેચ્છા સંદેશ બાદ મંચસ્થ મહાનુભાવો દ્વારા પ્રસંગોપાત શાબ્દીક ઉદ્‌બોધન આપવામાં આવ્યા હતા. જેમાં સૌ પ્રથમ અખિલ ભારતીય યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ દ્વારા નવા વર્ષ નિમિત્તે સૌને યુવા મંડળ દ્વારા શુભકામનાઓ આપી અને આવનારા યુવા મંડળના આયોજનની માહિતી આપી હતી અને વધુમાં વધુ યુવા ભાઇ-બહેનો સમાજ સાથે જોડાય અને સમાજ ઉત્કર્ષના કાર્યો કરી સ્વર્ણિમ સમાજની રચના કરવામાં પોતાનું બહુમુલ્ય યોગદાન આપો તેવી ટહેલ કરી હતી.

ગુજરાત પ્રા.સ.ના પ્રમુખ શ્રી જગદીશભાઇ વરૂએ વિવિધ ઘટકોના કાર્યક્રમોની જાણકારી આપી હતી અને નવા વર્ષમાં નવા સંકલ્પ કરી તેને પુરા કરવામાં લાગી જાવ તેવી વાત કરી હતી. વડોદરા ઘટકના નવનિયુક્ત પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ રાઠોડ દ્વારા પોતાની અધ્યક્ષતામાં આયોજીત આજના આ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સર્વે સમાજબંધુઓનો આભાર માની પોતાના કાર્યકાળ દરમ્યાન કરવાના કામોનો રોડમેપ સહુ સમક્ષ મુક્યો હતો. અત્યાધુનીક સમાજ ભવન તો છે પણ તેમાં એક લીફ્ટની કામગીરી ઝડપથી પુરી કરવામાં આવશે. બીન જરૂરી સમાજભવનમાં ફેરફર કરવાના આયોજનોની માહિતિ આપી હતી. વડોદરા ઘટકની વિવિધ અમલી યોજનાઓ જેવી કે અન્નપુર્ણ યોજના, કન્યાદાન યોજના અને સુકન્યા યોજના વિશે વિસ્તૃત માહિતિ આપી હતી અને તેમાં મળેલ સહુના સહકારની જાણ પણ કરી તે સીવાયની બીજી નવી બે યોજનાઓ પણ આજે સમાજ સમક્ષ ખુલ્લી મુકવામાં આવી હતી. જેમાં યુવા વર્ગ માટે વ્યાજ વગરની શૈક્ષણિક લોન અને આકસ્મીક મેડીકલ સહાય વગર વ્યાજની લોન અને આર્થિક સહાય જેવા સમાજ ઉપયોગી વડોદરા ઘટકમાં નોંધાયેલ સભ્યો માટેની ખુબજ બહુ ઉપયોગી યોજનાઓ આજરોજ જાહેર કરેલ હતી. જેને ઉપસ્થિત સૌ સમાજબાંધવોએ તાડીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. ત્યાર બાદ સૌ સમાજબાંધવો સાથે મળી બપોરના ભોજનનો સ્વાદ માણ્યો હતો અને વિરામ બાદ ચોક્કસ સમયે આગળના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જે અંતર્ગત ઘટકમાં નવા રહેવા આવેલ લગભગ ૧૦ જેટલા પરીવારોનો મંચ પરથી પરીચય આપવામાં આવેલ હતો. યુવા મંડળ દ્વારા જ્ઞાનવર્ધક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા મંડળ દ્વારા મહેંદી હરીફાઇ અને નવીન પ્રકારની હાઉઝી ગેમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ લોકોએ મજા માણી હતી. ત્યાર બાદ દર વર્ષની જેમ સાંજે વડોદરા ઘટકના શૈક્ષણિક ક્ષેત્રે સમાજનું ગૌરવ વધારનારા આપણા સમાજના નાનાથી લઇ મોટે સુધીના દરેક યુવા ધનને ઇનામો અને મોમેન્ટો આપી સરસ્વતી સન્માનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો અને ત્યાર બાદ ઘટકના ઉપપ્રમુખ શ્રી કુમારભાઇ ચૌહાણ દ્વારા આજના પ્રોગ્રામને સફળ બનાવવા આપેલ સૌના યોગદાનનો આભાર માની આજના કાર્યક્રમને પુર્ણ જાહેર કરવામાં આવેલ હતો.

## વર્ધા ઘટક




શ્રી કચ્છ ગુજર ક્ષત્રિય સમાજ વર્ધા ઘટક દિવાળીનો સ્નેહ મિલન નું આયોજન કરવામાં આવ્યું હતું બાળકોને રમત રમાડી અને



સમાજ માં સ્નેહભોજ નું આયોજન કરવામાં આવ્યું હતું સમાજના મંત્રી શ્રી પ્રેમ ભાઈ જેઠવા એ બધાનો આભાર માન્યો હતો.

## પૂર્વ ઓડિસા પ્રાદેશિક સમિતિ

પૂર્વ ઓડિસા પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા કટક, અંગુલ, બાલાસોર, બ્રહ્મપુર, ભુવનેશ્વર, કેંજોરગઢ ઘટક મધ્યે આયોજીત થયેલ દિવાળી-નૂતન વર્ષ સ્નેહમીલનના અહેવાલ...

### કટક ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કટક ઘટક દ્વારા તા. ૩૦-૧૧-૨૦૨૨, રવિવારના નવા વર્ષના અવસરે સ્નેહમિલન તથા પ્રિતી ભોજનનું આયોજન કરવામાં આવેલ હતું. આ અવસરે ઘટકના દરેક સદસ્યોએ હોંશભેર ભાગ લીધેલ હતો. બપોરે ૧૧.૩૦ વાગ્યે બધાએ પ્રાંગણમાં ભેગા થઇ એકબીજાને નવા વર્ષના અભિનંદન પાઠવ્યા હતા. બપોરે ૧૨.૩૦ કલાકે પ્રિતી ભોજનનો પ્રારંભ કરવામાં આવેલ હતો. ત્યાર બાદ મહિલા મંડળ અને યુવા મંડળના સભ્યો દ્વારા નાના-નાના ભુલકાઓ માટે રમત-ગમતની રજુઆત કરવામાં આવી હતી અને બધા માટે હાઉજીની અને રમત-ગમતની રજુઆત કરવામાં આવી હતી. જેમાં વડીલોથી લઇને નાના-નાના ભુલાકાઓએ ભાગ લીધો હતો. વિભિન્ન છાત્રોને તેમની કક્ષામાં સારા અંકોથી ઉત્તિર્ણ થવા બદલ સમ્માનીત કરવામાં આવેલ હતા.

બધાએ ભોજનનો ખુબજ આનંદ લીધો હતો. આના ઉપરાંત આ આયોજનને સફળ બનાવવા માટે સહયોગ આપનાર સમાજના બધા સભ્યો, મહિલા મંડળના સભ્યો અને યુવા મંડળના બધાજ સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ અવસરે કટક ઘટકના પ્રમુખ શ્રી પ્રકાશચંદ્ર દેવજીભાઇ ટાંક, કટક ઘટકના મંત્રી શ્રી ભરતભાઇ મુલજીભાઇ વરૂ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી બાલાબેન યોગેશભાઇ રાઠોડ, મહિલા મંડળ મંત્રી શ્રીમતી દિપાબેન રાઠોડ, પૂર્વ ઓડિસા પ્રાદેશિક પ્રમુખ તથા યુવા મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઇ નાનાલાલભાઇ ટાંક, યુવા મંડળના મંત્રી શ્રી સિદ્ધાર્થભાઇ યોગેશભાઇ રાઠોડ ઉપસ્થિત હતા.

### બાલાસોર ઘટક



બાલાસોર ઘટક મધ્યે નૂતન વર્ષના અવસર પર સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૬-૧૦-૨૦૨૨ના આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ચંદ્રકાંતભાઇ વેગડના નિવાસ સ્થાને સવારે ૯ વાગ્યે સૌ સદસ્યો ભેગા થઇ એકબીજાને નવા વર્ષના અભિનંદન પાઠવ્યા હતા. ત્યાર બાદ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. બપોરે પ્રીતી ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌએ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો હતો. ત્યાર બાદ ગેમ્સ રમાડવામાં આવી હતી. સાંજે ૫ વાગ્યા સુધી આ કાર્યક્રમ ચાલ્યો હતો. ત્યાર બાદ સૌ પોતપોતાના ઘરે રવાના થયા હતા. અંતમાં બાલાસોર ઘટક પ્રમુખ શ્રી ઘનશ્યામભાઇ ટાંકએ ઉપસ્થિત સૌ સદસ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### કેંજોરગઢ ઘટક



કેંજોરગઢ મધ્યે તા. ૨૬-૧૦-૨૦૨૨ના નૂતન વર્ષના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૮.૩૦ કલાકે સૌ વડીલો, ભાઇઓ-બહેનો તથા નાના-મોટાહ બાળકો સમાજવાડીમાંભેગા થઇ એકબીજાને નૂતન વર્ષના અભિનંદન પાઠવ્યા હતા. સૌ ઉપસ્થિત સદસ્યો માટે સવારે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયેજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો તથા મહિલાઓએ

સુંદર કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. રાત્રે પ્રીતી ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ લોટરીનો ડ્રો કરવામાં આવ્યો હતો. રાત્રે ૧૦.૩૦ કલાક સુધી આ કાર્યક્રમ ચાલ્યો હતો પછી સૌ પોત-પોતાના ઘરે રવાના થયા હતા.

### અંગુલ ઘટક

અંગુલ ઘટક મધ્યે તા. ૨૬-૧૦-૨૦૨૨, બુધવારે સ્નેહમિલનનું આયોજન ખૂબ ધામધૂમથી કરવામાં આવ્યું હતું. સવારે ૮.૩૦ કલાકે આ કાર્યક્રમ શરૂ થઇ રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી ચાલ્યો હતો. શ્રી ઉદીતભાઇ ટાંકના નિવાસ સ્થાને રાખવામાં આવેલ આ કાર્યક્રમમાં સૌ પ્રથમ અંગુલ ઘટક પ્રમુખ શ્રી દિલીપભાઇ ટાંકે દીપ પ્રજ્વલિત કરી આ કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. ઘટકના સૌ સદસ્યો ઉપસ્થિત રહી એકબીજાને નૂતન વર્ષના અભિનંદન પાઠવ્યા હતા. ભજન-કિર્તન કર્યા બાદ ઘટકના મહાનુભાવોએ તેમના ઉદ્‌બોધન આપ્યા હતા. ચા-નાસ્તા કર્યા બાદ રમત-ગમત રમાડવામાં આવી હતી. બપોરે સૌએ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો હતો. સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા હાઉજીની ગેમ રમાડવામાં આવી હતી. રાત્રે સૌ ભોજન લઇ છુટા પડ્યા હતા.

### બ્રહ્મપુર ઘટક



બ્રહ્મપુર ઘટક ઓડિશાનું દિવાળી સ્નેહ મિલન ગત ૬.૧૧.૨૨ના બપોરે ઘટક પ્રમુખ શ્રી રતિલાલ ચૌહાણના નેતૃત્વમાં યોજવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય, મહિલા મંડળ તરફથી ભજન, ઘટક સાથે જોડેલા બીજા જગ્યાથી આવેલા સદસ્યનું સ્વાગત સમારોહ, ભણતર માટે છોકરા-છોકરીને મોમેન્ટો આપવામાં આવેલ. મહિલા મંડળ તરફ થી બધાયને રમત રમાડવામાં આવેલ. રમતમાં બધાય એ ખૂબ આનંદ લિધેલ. અંતમાં સ્વાદિષ્ટ ભોજન સાથે સમારો સમાપ્ત કરવા માં આવી.

## સમાજ ગૌરવ



કુમ્હારી ઘટક નિવાસી હંસાબેન કાંતિલાલભાઇના પુત્રવધુ શ્રીમતી ખુશ્બુ હર્ષિતભાઇ પઢિઆરે બી.એડ.ની ડીગ્રી ફર્સ્ટ ક્લાસ ડીસ્ટીંકશન સાથે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી અને એમ.એ.ની ડીગ્રી ફર્સ્ટક્લાસ ડીસ્ટીંક્શન ગોલ્ડ મેડલ સાથે સ્કોલરશીપ મેળવેલ છે. આ ઉપલબ્ધી બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન સાથે ઉજ્જવલ ભવિષ્યની હાર્દિક શુભકામના...

## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫-૦૧-૨૦૨૩ પહેલા અરજી કરવી.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BHARAT KANTILAL SAWARIA**
Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com


સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત – એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય – ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ
પ્રમુખ – શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ
રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજ રાઠોડ
શ્રી યતિનકુમાર હંસરાજ રાઠોડ
(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

## જગદલપુર ઘટક



દિનાંક ૬ નવેમ્બર-૨૦૨૨ના રોજ જગદલપુર ઘટક દ્વારા વાર્ષિક સ્નેહમિલનનું કાર્યક્રમ રાખેલ હતું. જેમાં જગદલપુર ઘટકના બધા પરિવાર તરફથી ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. તે ઉપરાંત મહિલા મંડળ અને બાળકો દ્વારા વિભિન્ન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. આ વર્ષ જગદલપુર ઘટકના કાર્યકારીની સદસ્યોના ત્રણ વર્ષ પુરા થતાં નવેસરથી ચૂંટણી કરવામાં આવેલ તેની સાથે મહિલા મંડળ અને યુવા મંડળનં પણ નવી ચૂંટણી કરવામાં આવેલ હતી. જગદલપુર ઘટકના સર્વે સદસ્યો દ્વારા શ્રી અશોકભાઇ દેવજીભાઇ રાઠોડને સર્વસંમતિથી પ્રમુખ પદે ચૂંટણી કરવામાં આવેલ તથા ઉપપ્રમુખ શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચાવડા, સચિવ શ્રી સુનિલભાઇ રમણીકલાલ ટાંક સહ સચિવ શ્રી મનોજભાઇ ઓધવજીભાઇ ટાંક તથા કોષાધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઇ રણછોડભાઇ મારૂને બનાવવામાં આવેલ છે. કાર્યકારીણી સદસ્યોમાં શ્રી દીપકભાઇ ભગવાનજીભાઇ રાઠોડ, શ્રી મનોજભાઇ અરવિંદભાઇ ચાવડા, શ્રી આયુષ કનૈયાલાલ ખોડિયાર, શ્રી દિપેશ દિનેશભાઇ ટાંક, હાર્દિક ભીમજીભાઇ ટાંક, ભાવેશ ભરતભાઇ ટાંકને ચુનવામાં આવેલ. મહિલા મંડળ દ્વારા પૂર્વ અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન મહેશભાઇ ટાંકને ફરીથી મહિલા મંડળ અધ્યક્ષ ચુનવામાં આવેલ. યુવા મંડળમાં શ્રી નુપેશ નરેન્દ્રભાઇ મારૂને યુવા મંડળના અધ્યક્ષ ચૂંટવામાં આવેલ.

# સિનીયર સીટીઝન ક્લબ - ગાંધીધામ



શ્રી કે.જી.કે. સમાજ સિનીયર સિટીઝન ક્લબ, ગાંધીધામની કારોબારી સમિતિની મીટીંગ ગાંધીધામ સમાજ ભવનમાં તા. ૦૫-૧૧-૨૦૨૨, શનિવારના રોજ સાંજે ૪.૦૦ વાગે રાખવામાં આવેલ. જેમાં આગામી નવી પ્રવૃત્તિ/પ્રોગ્રામની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સૌ પ્રથમ સોવેનીયર વડીલ છાપવા પ્રેસમાં આપેલ છે તેની પ્રગતિ વિષે ચર્ચા કરવામાં આવી હતી અને મીટીંગના અંતે કમીટીના સભ્યોએ પ્રેસની મુલાકાત લીધેલ હતી અને માહીતી મેળવેલ હતી. ત્યાર બાદ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તા. ૧૫-૧૧-૨૦૨૨, મંગળવારના પ્રવાસની તારીખ નક્કી કરવામાં આવેલ. તા. ૧૩-૧૧-૨૦૨૨ના આદીપુર ઘટક દ્વારા સરસ્વતી સન્માન અને સ્નેહમિલનનો કાર્યક્રમ છે તેમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઇનામો સિનિયર સીટીઝન ક્લબ ગાંધીધામ દ્વારા આપવાનું નક્કી કરેલ. મીટીંગમાં ક્લબના પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પરમાર, ઉપપ્રમુખ ચંદ્રકાન્તભાઇ સોલંકી, ખજાનચી શ્રી નીતીનભાઇ વેગડ, સહખજાનચી શ્રી લીલાધરભાઇ રાઠોડ, રમત-ગમતમંત્રી શ્રી હરસુખભાઇ ચૌહાણ તથા પ્રવાસ મંત્રી શ્રી પ્રવિણભાઇ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

## સગપણ-લગ્ન નોંધ

કેંજોરગઢ (દેવળીયા) નિવાસી શ્રી ગીરધરલાલ વેલજીભાઇ રાઠોડના સુપુત્ર ચિ. જયેશના શુભ લગ્ન અંજાર (સિનુગ્રા) નિવાસી મદનભાઇ ધરમશીભાઇ ચાવડાની સુપુત્રી કુ. રાધિકા સાથે તા. ૯-૧૦-૨૦૨૨ના રોજ કેંજોરગઢ મધ્યે સંપન્ન થયેલ છે.

કેંજોરગઢ (ખેડોઇ) નિવાસી સ્વ. હેમંતભાઇ વલમજીભાઇ રાઠોડના સુપુત્ર ચિ. નિતેશના શુભ લગ્ન ઝારસુગડા (ખંભરા) નિવાસી શ્રી દિનેશભાઇ મોહનલાલ રાઠોડની સુપુત્રી કુ. અંકીતા સાથે તા. ૧૨-૧૦-૨૦૨૨ના રોજે કેંજોરગઢ મધ્યે સંપન્ન થયેલ છે.

દુર્ગ (ખંભરા) નિવાસી સ્વ. નીતીનભાઇ નરસીભાઇ ટાંકના સુપુત્ર ચિ. જયરામના શુભ લગ્ન દુર્ગ (સિનુગ્રા) નિવાસી શ્રી મનોજભાઇ બલરામભાઇ વાઘેલાની સુપુત્રી ચિ. કિશુ સાથે તા. ૨-૧૦-૨૦૨૨ના રોજે સંપન્ન થયેલ છે.

પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
શ્રી તૃષાર મોહનભાઇ ચૌહાણ
4, આનંદપાર્ક સોસાયટી, મયુર સોસાયટીની બાજુમાં
વૃંદાવન ક્રોસ રોડ, વાઘોડીયા રોડ,
વડોદરા (ગુજરાત) મો. 9426591239

મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
શ્રી અનમોલ મહેન્દ્રભાઇ ટાંક
એલ.આઇ.જી. ૨૮, લાયનનગર, પહાડ મંદિર રોડ,
રાયગઢ (છ.ગ.) ૪૯૬૦૦૧ મો. 9685469888,
E-mail : kgkyuvamahamandal@gmail.com

Facebook - https://www.facebook.com/KGKYUVAMAHAMANDAL, Instagram - @akhil_bhartiya_yuva_mahamandal


## વડોદરા યુવા મંડળ



વડોદરા મહિલા મંડળ દ્વારા તા. ૧-૧૦-૨૦૨૨, શનિવારના રોજ નવરાત્રી ગરબાનું આયોજન સમાજવાડી મધ્યે કરવામાં આવ્યું હતું. જેમાં સહભાગી થવા યુવા મંડળ વડોદરા દ્વારા કન્યા પૂજનનો કાર્યક્રમ પણ સાથે યોજવામાં આવ્યો હતો. જેમાં સમાજની ૧ થી ૯ વર્ષની બાળાઓને યુવા મંડળની બહેનો દ્વારા પગ પખારી તેમનું પૂજન કરવામાં આવ્યું હતું. તેમના પગલાઓની છાપ કાપડ પર લઇ તેનું ફ્રેમીંગ કરાવી બાળાઓને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી સાથે સાથે દક્ષિણાનું કવર અને ભોજન પણ કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૫ જેટલી બાળાઓનું પૂજન કરવામાં આવ્યું હતું. આ નવિનતમ કાર્યક્રમને મહિલા મંડળ તથા ઘટકના સર્વે પદાધિકારીઓએ વધાવી લીધો હતો. વડોદરા યુવા મંડળની કમીટી દ્વારા બાળાઓ સાથે ફોટા પડાવી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

વડોદરા ઘટકના દિવાળી સ્નેહમિલનના કાર્યક્રમ અંતર્ગત રક્તદાન શિબિરનું આયોજન કારેલીબાગ સમાજવાડી ખાતે તા. ૩૦-૧૦-૨૦૨૨ના રોજ રાખવામાં આવેલ હતું. જલારામ બ્લડ બેન્ક સહકારીત આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૩૦ જેટલા ભાઇઓ-બહેનોએ રક્તદાન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




આ કેમ્પમાં બ્લડ ડોનરને બિસ્કીટ, વેફર, એનર્જીડ્રીંક, શેમ્પુ, લીપગાર્ડ વગેરેને એક કીટ આપવામાં આવી હતી. સાથે સાથે સર્ટીફીકેટ અને બ્લડ ડોનેશન કાર્ડ પણ આપવામાં આવ્યા હતા. જે કાર્ડનો ઉપયોગ ડોનર ભવિષ્યમાં બ્લડની જરૂરીયાત ઉભી થતાં તેમના તેમજ તેમના પરિવાર માટે ઉપયોગ કરી શકે.

યુવા મંડળના કાર્યકર્તા શૈલેન્દ્રભાઇ રાઠોડ દ્વારા આ કેમ્પનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેમાં નિરવભાઇ વાઘેલા તથા નિલેશભાઇ સોલંકીનો સહકાર મળેલ હતો. સમસ્ત યુવા મંડળની ટીમ દ્વારા બ્લડ ડોનર એકત્ર કરવા મદદ કરી હતી. દરેક સમાજબંધુએ આ ઉમદા કાર્યને વખાણ્યું હતું અને આવા કાર્યક્રમ ભવિષ્યમાં કરતા રહો તેવી શુભેચ્છા પાઠવી હતી.

## કોરબા યુવા મંડળ



કોરબા યુવા મંડળ દ્વારા નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ શ્રી ગુજરાતી સમાજ ભવન જલારામ મંદિર પરિસરમાં રાખવામાં આવેલ. ઘટકના પ્રમુખશ્રી તથા મહાસભા મંત્રી શ્રી સુરેશ રતિલાલભાઇ ચૌહાણ, ઘટકના સંરક્ષક શ્રી શાંતિલાલભાઇ ચૌહાણ, વિનોદભાઇ રતિલાલ ચાવડા, માજી પ્રમુખ શ્રી રોહિતભાઇ રાઠોડ, કોષાધ્યક્ષ શ્રી પ્રદીપભાઇ ચૌહાણ, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી ત્રિભુવનભાઇ નરસીભાઇ ચૌહાણ, મંત્રી શ્રી રવિન્દ્રભાઇ ટાંક, યુવા મંડળ પ્રમુખ કપીલભાઇ ટાંક, તુષારભાઇ ચૌહાણ, છ.ગ.પ્રા. યુવા મંડળ પ્રમુખ, અ.ભા.મ. મહામંડળ સહમંત્રી શ્રીમતી પ્રીતીબેન સુરેશભાઇ ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ લીનાબેન ચૌહાણ, મંત્રી લીનાબેન ટાંક, ઘટકના બંને પાંખોના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઘટકના વડીલો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ પ્રારંભ કરવામાં આવેલ. ઘટકના વડીલો સ્વ. મહેન્દ્રભાઇ પુરૂષોત્તમભાઇ યાદવ, સ્વ. હંસાબેન દયારામભાઇ જેઠવા બંને દિવંગત આત્માને ઘટક વતી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. ઘટક પ્રમુખ શ્રી સુરેશભાઇ ચૌહાણ દ્વારા ઘટકના સર્વે સભ્યશ્રીઓને નૂતન વર્ષની શુભેચ્છા આપવામાં આવેલ. ઘટકની ગતિવિધિઓની જાણકારી આપવામાં આવેલ. મહાસભાની વિભિન્ન સમિતિઓના કાર્યો, છત્તિસગઢ પ્રાદેશિકની સામાન્ય સભામાં વધુથી વધુ સભ્યો ભાગ લેવા ચર્ચા કરવામાં આેલ. ઘટકના નવી ઉર્જાવાન યુવા મંડળની ટીમને આજના કાર્યક્રમની ભવ્ય ઉજવી માટે વધામણી આપવામાં આવેલ. મહિલા મંડળ તથા યુવા મંડળના ઉત્કૃષ્ટ કાર્યો માટે ઘટક પ્રમુખશ્રી દ્વારા અભિનંદન આપવામાં આવેલ. મહિલા મંડળ ઉપપ્રમુખ પ્રવીણાબેન ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ કપીલ ટાંક દ્વારા અહેદાલ પ્રસ્તુત કરવામાં આવેલ. ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના કોષાધ્યક્ષશ્રી દ્વારા હિસાબોની રજુઆત કરવામાં આવેલ હતી. ઘટકના પ્રતિભાવાન બાળકોના સરસ્વતી સન્માન માટે સ્વ. પારૂલબેન ગોપાલભાઇ ચૌહાણ સ્મૃતિમાં હસ્તે ચંપાબેન ગોપાલભાઇ ચૌહાણ શ્રી રોહિતભાઇ રાઠોડ, શ્રી અશોકભાઇ ટાંક, શ્રી વિનોદભાઇ યાદવ, શ્રી ત્રિભુવનભાઇ ચૌહાણ, શ્રી જયંતિલાલ રામજીભાઇ ચૌહાણ, શ્રી નંદલાલભાઇ દયારામભાઇ જેઠવા, શ્રી કૈલાશભાઇ માધવજીભાઇ ટાંક, સ્વ. બકુલભાઇ ધરમશીભાઇ ટાંકની સ્મૃતિમાં હસ્તે તન્મયભાઇ ટાંક, શ્રી પ્રશાંતભાઇ મહેન્દ્રભાઇ યાદવ, શ્રી ચિત્રેશભાઇ ચૌહાણ, શ્રી મનોજભાઇ ચૌહાણ, મિસિકા ટાંક, મહિલા મંડળ ટીમ દ્વારા સહયોગ રાશી આપવામાં આવેલ.

ઘટક વડિલો દ્વારા સર્વે પ્રતિભાવાન બાળકોને સરસ્વતી સન્માન સ્વરૂપે પારિતોષિક આપવામાં આવેલ. જુહિતાબેન વિશાલભાઇ ચાવડા, રશ્મિબેન દીપેશભાઇ ટાંક દ્વારા નાના-મોટા બધા માટે મનોરંજક ગેમ્સ રમાડવામાં આવેલ. મનોરંજક ગેમ્સના વિજેતાઓના પારિતોષિકના પ્રાયોજક શ્રી વિનોદભાઇ રતિલાલભાઇ ચાવડા, ઘટક મહિલા મંડળ હતા. સ્નેહમિલન કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા મંડળ પ્રમુખ કપિલ ભુપેન્દ્રભાઇ ટાંક, મંત્રી ચિરાગ ત્રિભુવનભાઇ ચૌહાણ, રાજેશ સંજયભાઇ ચૌહાણ તથમા પુરી યુવા મંડળ ટીમનું સરાહનીય યોગદાન રહેલ. પ્રદીપભાઇ ચૌહાણ તથા નંદકિશોરભાઇ ટાંકના સૌજન્યથી આઇસ્ક્રીમ રાખવામાં આવેલ. લજીજ સ્નેહભોજનું આનંદ લઇ સૌ છુટા પડ્યા હતા. ઘટક મંત્રી દ્વારા આભારવિધી પુર્ણ કરવામાં આવેલ.

## અમદાવાદ યુવા મંડળ

અમદાવાદ યુવા મંડળ દ્વારા તા. ૧૧-૦૯-૨૦૨૨ના રોજ ચિલ્ડ્રન પાર્કમાં ગેટ-ટુ-ગેધરનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા સહીત વડીલો પણ હાજર રહ્યા હતા. ત્યાર બાદ ઉપસ્થિત સૌ યુવા વડીલોએ સાથે મળીને ગેમ્સ રમી હતી. વડીલો પણ નાના ભૂલકાઓની જેમ રમતના રંગમાં રંગાઇ ગયા હતા. આ સમયે જ વરસાદ આવવાથી નાના ભુલકાઓથી માંડીને સૌએ વરસાદનો આનંદ માણ્યો હતો. ત્યાર બાદ નાસ્તો કર્યો હતો. વરસાદની ભીની જાકળ અને ઠંડી હવાએ સૌને



પ્રફુલ્લીત કરી દીધા હતા. ત્યાર બાદ સૌ પોતાના ઘરે જવા રવાના થયા હતા.

## માધાપર યુવા મંડળ

ઓરકેસ્ટ્રા ટીમ બધા જ ખેલાડીઓને પોતાના સુંદર મજાની ટીમ સંગાથે રાસે ઝુલાવ્યા હતા. જેમાં આપણા સમાજના ભાઇઓને



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવા મંડળ માધાપર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ખુબજ સુંદર નવરાત્રી પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં દરરોજ નાના બાળકો દ્વારા સુંદર પરફોરમન્સ રજુ કરવામાં આવેલ હતો. જેમાં ૧૩૦ જેટલા નાના બાળકોએ ભાગ લીધો હતો. જેને તૈયાર કરવા માટે આપણા સમાજના બહેનો તથા મહિલા મંડળ દ્વારા બાળકોને પરફોરમન્સ તૈયાર કરવા માટે મદદરૂપ થયેલા હતા. દરરોજ ૧૩૦ બાળકોને રોજના ઇનામ આપી અને સન્માનીત કરવામાં આવતા હતા તથા ગરબા ડેકોરેશન હરીફાઇ, બહેનો માટેની રાસ ગરબા હરીફાનું પણ આયોજન કરવામાં આવેલ હતું.

બાળકોને પ્રોત્સાહિત કરવા માટે દાતાશ્રીઓ તરફથી ખુબજ સુંદર યોગદાન આપવામાં આવેલ હતું તથા આ વર્ષે નવું આયોજન કરેલ હતું. જેમાં આપણા સમાજના બાળકો પ્લેટફોર્મ મળે તથા આગળ વધે તેવી પ્લેટફોર્મ આપવામાં આવ્યું હતું. સમગ્ર પ્રોગ્રામના મુખ્ય દાતાશ્રી સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકી તથા સહપ્રાયોજક શ્રી મનોજભાઇ પી. સોલંકી રહ્યા હતા તથા અન્ય દાતાઓ તરફથી પણ યોગદાન મળેલ હતું. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે યુવા મંડળની ટીમ દ્વારા ડેકોરેશન તથા ૧ દિવસ આપણા દેશને સમર્પિત થીમ ઉપર બાળકોને પરફોરમન્સ તૈયાર કરવામાં આવેલ હતું. યુવા મંડળ દ્વારા આયોજન સફળ બનાવવા માટે ખુબજ મહેનત કરી હતી. છેલ્લા દિવસે તમામ દાતાઓનું સન્માન કરવામાં આવેલ હતું તથા જે બહેનોએ પરફોરમન્સ તૈયાર કરવામાં મહેનત કરેલી તેમનું સન્માન મહિલા મંડળ તથા નીતાબેન વિનોદભાઇ સોલંકી દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. છેલ્લા દિવસે યુવા મંડળ પ્રમુખ ભરતભાઇ રાઠોડ તથા મંત્રી પરાગભાઇ ચાવડાએ આભારવિધી કરેલ હતી.

## શ્રી પીઠળ માતાજી પરમાર કુટુંબ - હાજાપર

પરમાર નુખના કુળદેવી માં પીઠળ માતાજી મંદિરનો રૂા. ૨૫ લાખના ખર્ચે જીર્ણોદ્ધાર થયા બાદ મંદિર પરીસરમાં યોજાયેલ લોકાર્પણ સમારંભ પ્રસંગે દિપ પ્રાગટ્ય બાદ મંદિર બાંધકામ સમિતિના કન્વીનર શ્રી ધીરજલાલ અરજણભાઇ પરમારે ગોઠી ભાઇઓને વધામણી આપતા જણાવ્યું હતું કે, શ્રેષ્ઠીઓએ દાનની સરવાણી વહાવી જેના થકી આજે મંદીર પરીસર શોભાયમાન થયું છે. માતાજીની મહેર દરેક ગોઠી ભાઇઓ ઉપર વરસી છે. બહાર ગામ વસતા કે કચ્છમાં વસતા ગોઠી ભાઇઓ જ્યારે મંદિર દર્શન કરવા માટે આવે ત્યારે મંદિર પરીસરમાં ઉતારાની વ્યવસ્થા પણ કરી છે. જેથી કોઇને તકલીફ ન પડે. આવનારા દિવસોમાં અધુરા રહેલ વિકાસ કાર્યો સૌ સાથે મળીને પૂર્ણ કરવામાં આવશે. કાર્યક્રમના પ્રારંભે કુ. અશ્મી



પરમાર, કુ. માનસી પરમારે સ્વાગત ગીત રજુ કરેલ હતું. સ્વાગત આવકાર પ્રવચન મંદિરના ભૂતળકાની માહિતી બ્ર.કુ. બાબુભાઇ પરમારે આપેલ હતી. રૂપિયા પાંચ લાખ એકાવન હજારનું અનુદાન આપનાર સ્વ. નિમેશ રાજેન્દ્ર જીવનલાલ




પરમારનું કચ્છી પાઘડી, સાલ-મોમેન્ટો આપી તેમના પિતા શ્રી રાજેન્દ્ર પરમારે સન્માન સ્વીકારેલ હતું તેમજ સ્વ. રઘુભાઇ રામજીભાઇ પરમાર - બે લાખ એકાવન હજાર - નાગલપર, સ્વ. હરીકુંવરબેન, સ્વ. કાન્તાબેન, સ્વ. અનિતાબેન પરમારની સ્મૃતિમાં હસ્તે બ્ર.કુ. બાબુભાઇ પરમાર રૂપિયા બે લાખ એકોતેર હજાર, રૂપિયા એક લાખ એકાવન હજાર મનીષભાઇ ધારશીભાઇ પરમાર, રૂપિયા એક લાખ અગીયાર હજાર ધીરજલાલ અરજણ પરમાર, રૂપિયા એક લાખ એક લાખ અગીયાર હજાર લીલાધર કરમશી પરમાર, રૂપિયા એક લાખ બે હજાર - સ્વ. ભીમજીભાઇ રામજીભાઇ પરમાર હસ્તે જયાબેન ભીમજી પરમાર તથા તેમના સુપુત્ર હર્ષદભાઇ અને અશોકભાઇ પરમાર, રૂપિયા ત્રણ લાખ એકાવન હજાર અર્જુનભાઇ ભાણજીભાઇ પરમાર, રૂપીયા એકવીસહજાર શ્રીમતી આશાબેન સંજયભાઇ પરમાર એ દાનની સરવાણી વહાવી હતી.

આ સર્વે દાતાઓનું કચ્છી પાઘડી, સાલ, માતાજીની છબીની જાહેર અભિવાદન કરવામાં આવેલ હતું. મંદિર પરીસરના પ્રતિનિધિ સ્થાનિક તેમજ રાજ્ય શીલ્પ કલાકારો સીસીટીગવી કેમેરા, લાઇટ માઇક, સીસ્ટમ, ફોટોગ્રાફી વગેરે કારીગરો તેમજ રૂપિયા એકાવન હજારથી રૂપિયા પાંચ હજાર સુધીના દાતાઓનું સાલ-મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. ધર્મેન્દ્રભાઇ પરમાર તેમજ શર્મીલાબેન પરમાર તેમજ મંદિરના પૂજારી રાજેશભાઇ પરમાર, પચાસ વર્ષથી મંદિરમાં હોમ-હવન વિધી કરાવનાર સ્વ. ભુજંગીલાલ જોષીના સુપુત્ર અશ્વીન જોષીનું સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે સ્વાગત ગીત રજુ કરનાર બાળકાઓને રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. પરમાર પરિવારની કુંવારીકા, અખંડ સૌભાગ્યવતી બહેનોને રાજેન્દ્રભાઇહ જીવનલાલ પરમાર તરફથી રોકડ ભેટ આપી શુભાશિષ મેળવેલ હતા. આજના આ લોકાર્પણ કાર્યક્રમમાં સૌથી વધુ શ્રેષ્ઠીઓને સ્થાનિક તેમજ રાજ્યના પ્રતિનિધિઓ તેમજ બાંધામ સમિતિના કન્વીનર ધીરજલાલભાઇ પરમાર, બ્ર.કુ. બાબુભાઇ પરમાર, પ્રદીપભાઇ પરમાર, લીલાધરભાઇ પરમાર, અર્જુનભાઇ પરમાર, ઇશ્વરભાઇ પરમાર, અરવિંદભાઇ પરમાર, મહેશભાઇ પરમાર, સંજયભાઇ રમાર, રોહીતભાઇ પરમાર, કુશભાઇ પરમાર, આશાબેન પરમાર, પ્રીતીબેન પરમાર, ગૌરીબેન પરમાર, શર્મીલાબેન પરમારના હસ્તે સન્માનીત કરવામાં આવ્યા હતા. સ્થાનિક મંદીરના વહીવટકર્તા પ્રીવભાઇ જીવરામભાઇ પરમારનું તેમજ નિમેષ રાજેન્દ્રભાઇ પરમાર, વડોદરા તથા નામી-અનામીનું દુ:ખદ અવસાન થતાં બે મીનીટનું મૌન પાડી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

મુખ્ય અતિથિ બ્ર.કુ. બાબુભાઇ પરમારે કહ્યું હતું કે, કામ પૂર્ણ થયાનો સંતોષ છે. માતાજીના આશીર્વાદથી શરૂ થયેલ કામ આશીર્વાદ સાથે વિના વિઘ્ને પૂર્ણ થયેલ છે. આ પ્રસંગે શ્રી લીલાધર કરમશી પરમાર, અર્જુનભાઇ પરમાર, રાજેન્દ્રભાઇ પરમારે પ્રસંગોચીત વકતવ્ય આપેલ હતું. હવનાષ્ટમીના દિવસે યોજાયેલ હોમ હવનવિધીમાં છ નવદંપતી બીરાજમાન હતા. જેનો તમામ ખર્ચ છ પરિવારે આપેલ હતો. કાર્યક્રમને સફળ બનાવવા દેવરામ રમાર, રોહીત પરમાર, ભુમીત પરમાર, પ્રીતેશ પરમાર, દયારામ પરમાર, છગનભાઇ પરમાર, નારાણભાઇ પરમાર, અરવિંદભાઇ પરમાર, ગુણવંતભાઇ પરમાર, રમેશભાઇ પરમાર, મહેશભાઇ પરમાર, વિશાલ પરમાર, ભુપેન્દ્રભાઇ પરમાર, હિમાંશુભાઇ પરમાર તેમજ સૌ ગોઠી ભાઇ-બહેનોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન સંજય પરમાર, પ્રદીપ પરમારે કરેલ હતું. અંતમાં આભારવિધી બ્ર.કુ. બાબુભાઇ પરમારે કરેલ હતી. કાર્યક્રમના અંતે મહાસપ્રાદ લઇ સૌ ગોઠી ભાઇઓ છુટા પડેલ હતા.


Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

SERVICES
- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT
MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

## શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ સંચાલિત

# અંજાર વિદ્યાર્થી ભવન

શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળના કા.વા. સભ્ય આદ. શ્રી વિનોદભાઇ એસ. જેઠવા અને શ્રી લાધુરામભાઇ જીવરામભાઇ રાઠોડ - ખંભરાની રાહબરી હેઠળ તા. ૨૫-૧૦-૨૦૨૨ના રોજે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત શેઠ શ્રી લીરાભાઇ રાજાભાઇ રાઠોડ એવં શેઠશ્રી ધનજીભાઇ રતનશીભાઇ રાઠોડ વિદ્યાર્થી ભવન અંજાર સંચાલન સમિતિની મીટીંગ બોલવવામાં આવેલ હતી. જેમાં અંજાર ભવન સંચાલન સમિતિના હોદ્દેદારોની નિમણુંક આગામી સત્ર ૨૦૨૨-૨૦૨૫ માટે સર્વસંમતિથી કરવામાં આવેલ છે. જે આ મુજબ છે. શ્રી પાર્થ જશવંતભાઇ ચાવડા - ચંદીયા - પ્રમુખ, શ્રી મુકેશ કેશવજીભાઇ ટાંક - નાગલપર - ઉપપ્રમુખ, શ્રી જીવરામભાઇ માધવજીભાઇ ચાવડા - ખંભરા - ઉપપ્રમુખ, શ્રી પ્રદીપભાઇ ખેંગારભાઇ ટાંક - અંજાર - મહામંત્રી, શ્રી જયદીપભાઇ દલપતભાઇ વરૂ - અંજાર - મંત્રી, શ્રી મુકેશ હરિલાલ ખોડિયાર - મંત્રી, શ્રી હિતેન્દ્ર પ્રભુલાલ ચાવડા - લોહારીયા - સહમંત્રી, શ્રી કિશન રતિલાલભાઇ રાઠોડ - નાગલપર - સહમંત્રી, શ્રી પ્રવિણ ધીરજલાલ ચૌહાણ - સિનુગ્રા - કોષાધ્યક્ષ.


સલાહકાર મંડળમાં શ્રી સંજયભાઇ લીલાધરભાઇ પરમાર - અંજાર - પ્રમુખ, શ્રી કુંવરજીભાઇ રણછોડભાઇ ટાંક - નાગલપર - સભ્ય, શ્રી લાધુરામભાઇ જીવરામભાઇ રાઠોડ - ખંભરા - સભ્ય, શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા - અંજાર - સભ્ય, શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ - ગાંધીધામ - સભ્ય, શ્રી રમણીકભાઇ પ્રાગજીભાઇ વાઢેર - ગાંધીધામ - સભ્ય, શ્રી હિમ્મતલાલ પરસોત્તમભાઇ રાઠોડ - નાગલપર - સભ્ય, શ્રી રાજેશભાઇ જીવરામભાઇ ટાંક - અંજાર - સભ્ય, શ્રી રમેશચંદ્ર રણછોડભાઇ ચૌહાણ - અંજાર - સભ્ય, શ્રી પરસોત્તમભાઇ હીરજીભાઇ ટાંક - ગળપાદર - સભ્ય, શ્રી બલરામભાઇ ત્રિકમજીભાઇ જેઠવા - અંજાર - પ્રધાન સલાહકાર (નિવર્તમાન પ્રમુખશ્રી કેળવણી મંડળ). ઉપરોક્ત મુજબ અંજાર ભવન સંચાલન સમિતિના પદાધિકારીઓ એવં સલાહકાર મંડળની નિયુક્તિ સર્વસહમતીથી કરવામાં આવેલ હતી.

## શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ સંચાલિત


# ભુજ વિદ્યાર્થી ભવન


પ્રમુખ



ઉપપ્રમુખ


ઉપપ્રમુખ



મંત્રી


સહમંત્રી


શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત રાયબહાદુર શ્રી જગમાલભાઇ રાજાભાઇ ચૌહાણ વિદ્યાર્થી ભવન - ભુજના નીચે મુજબના હોદ્દેદારોની નિમણુંક સંચાલન સમિતિમાં કરવામાં આવેલ છે. જે આ મુજબ છે. શ્રી દીપકભાઇ એન. ચૌહાણ - ભુજ - પ્રમુખ, શ્રી ઉમેશભાઇ પી. ચૌહાણ - કુકમા - ઉપપ્રમુખ, શ્રી ધીરેનભાઇ ડી. ટાંક - ભુજ - ઉપપ્રમુખ, શ્રી ઉમંગભાઇ એમ. પરમાર - કુકમા - મંત્રી, શ્રી ગિરીશભાઇ એમ. ચૌહાણ - માધાપર - સહમંત્રી, શ્રી ડૉ. દેવેન્દ્રભાઇ વી. પરમાર - ભુજ - સભ્ય, શ્રી પ્રકાશભાઇ પી. ચૌહાણ - રેહા - સભ્ય, શ્રી નાનાલાલભાઇ એ. ચૌહાણ - નાગોર - સભ્ય, શ્રી યોગેશભાઇ એ. ચૌહાણ - માધાપર - સભ્ય, શ્રી અંકિતભાઇ એ. ચૌહાણ - સભ્ય.



# ભગવાનનો કર્મનો કાયદો




લેખક :-
**કનકસિંહ હીરજી પઢિયાર**
અંજાર (કચ્છ)
મો. ૯૫૮૬૬૨૩૨૯૦

અત્યારના સમયથી જ નહીં પરંતુ વર્ષોથી દરેકે દરેક માણસ વચ્ચે ઘણી અસમાનતા દેખાય છે. કોઇ ગરીબ તો કોઇ ધનવાન, કોઇ રોગી તો કોઇ તંદુરસ્ત, વળી કોઇક તો ઘણી વાતે દુઃખી તો વળી કોઇ ઘણી બાબતમાં સુખી. કોઇ ખોટા-પાપકર્મ કરનાર, તો કોઇ સેવાભાવી સત્તકર્મ કરનાર હોય છે. માણસ-માણસ વચ્ચેની આવી અસમાનતા જોઇને કોઇ ભક્તે શ્રી ભગવાનને પૂછ્યું, ''હે ભગવાન ! તમને તો તમારા બધા સંતાનો સરખા જ હોય છે, એવું મેં સાંભળ્યું છે અને વાંચ્યું છે, તો તમારા દરેક સંતાનો વચ્ચે ઘણો ભેદભાવ કે ઘણી અસમાનતા કેમ દેખાય છે ?''

તો ભગવાને કહ્યું કે, ''હે વત્સ ! મને કોઇ પ્રિય નથી કે કોઇ અપ્રિય નથી.'' ''ન મે દ્વેષ્ય અસ્તિ ન પ્રિય'' (ગીતા ૯-૨૯) તને એક સાચી વાત કહું છું કે જેમ તમારી સરકારે ગુનેગારી માટે સજા કરવાનો કાયદો બનાવ્યો છે તેમ મેં પણ મારા ગુનેગાર સંતાનો માટે સજા કરવાનો કાયદો બનાવ્યો છે. જેને કર્મનો કાયદો કહેવાય છે. પણ આ કાયદો તમારા પોલીસ કાયદા કરતા જરા જુદો છે. તમારા પોલીસ કાયદા મુજબ ગુનેગારને તેણે કરેલ ગુના પ્રમાણે સજા થાય છે પણ સમાજમાં સેવાભાવી-સત્તકર્મ કરનાર માણસ માટે તેના કર્મ ફળ સ્વરૂપ કોઇ માન-સન્માન (સુખ) આપવાની કોઇ જોગવાઇ નથી. જ્યારે મારા કર્મના કાયદામાં ગુનો કરનાર (પાપી) માણસને તેના ગુના પ્રમાણે સજા (દુઃખ) કરવાની જોગવાઇ છે. તેમ સત્તકર્મ કરનાર માણસને તેને કરેલ કર્મના ફળ સ્વરૂપ માન (સુખ) આપવાની જોગવાઇ પણ છે. ભગવાનનો આવો જવાબ સાંભળીને ભક્તને ભગવાનના કર્મના કાયદા વિષે જાણવાની ઇચ્છા થઇ તેથી ભગવાનને ફરી પૂછે છે કે, ''હે પ્રભુ ! તમારા આ કર્મના કાયદાની થોડી સમજણ આપવા કૃપા કરશો ? તમારા આ કર્મના કાયદાનો અમલ કોણ કરે છે ? અને કેવી રીતે અમલ થાય છે ? જે જાણીને અમે તમારા સંતાનો તમારા કાયદાનું બરાબર પાલન કરી શકીએ.''

ભક્ત દ્વારા આવું પુછવાથી શ્રી ભગવાને હાસ્ય જેવો ભાવ કરીને કહ્યું કે, હે વસ્ત ! આ મારો કર્મનો કાયદો ઘણો અટપટો અને ગુંચવણ ભરેલ છે. ''ગહના કમર્ણો ગતિ'' (ગીતા ૪-૨૭). આ કાયદો સમજવામાં મોટા મોટા બુદ્ધિશાળી પંડીતો પણ મુંજાય છે. ''કવયઃ અપિ અત્ર મોહિતા'' (ગીતા ૪-૧૬). પણ વત્સ તને આ મારા કર્મના કાયદાની થોડી-ઘણી જાણકારી મળે અને તને સમજાય એવી સરળ ભાષામાં સમજાવું. અહીં મારી પાસે તમારી દુનિયામાં ક્યાંય ન હોય તેવું દિવ્ય સુપર પાવર કોમ્પ્યુટર છે. આ કોમ્પ્યુટરમાં દુનિયાના દરેક માણસના સારા-નરસા કર્મોની તુરંત જ ઓટોમેટીક નોંધ થઇ જાય છે. સાથે સાથે કોઇ પણ માણસ ક્યારેય પણ કોઇ જાતનું નાનું-મોટું પાપકર્મ કરે કે કોઇ સત્તકર્મ-પૂણ્ય કર્મ કરે કે તુરંત જ તેની તેના ખાતામાં નોંધ થઇ જાય છે. તેમજ તે જ સમયે તેને કરેલ પાપકર્મ કે પુણ્ય કર્મના ફળ સ્વરૂપ તેને ક્યારે, કેવી રીતે, કેટલું, કોના મારફત કર્મનું ફળ મળશે તેની પણ નોંધ થઇ જાય છે. કેટલાક કર્મો એવા હોય છે કે તેનું

સારૂ-નરસું કર્મફળ (સુખ-દુઃખ) તેની હૈયાતીમાં આ જન્માં મળી જાય છે. તો કેટલાક કર્મો એવા હોય છે કે તેનું કર્મફળ તેના અવસાન પછી બીજા જન્મમાં મળે છે. કહેવાનો મતલબ કે માણસે કરેલ નાના-મોટા પાપ-પુણ્ય કર્મોનું ફળ સુખરૂપ કે દુઃખરૂપ અચૂક તેમણે ભોગવવું જ પડે છે. આના માટે માણસ પોતે જ જવાબદાર છે. બીજા કોઇ પણ નહીં. આમ કોઇ દુઃખી માણસ હકારાત્મક રીતે વિચારશે અને દુઃખને તો પ્રભુ પ્રસાદી ગણી સ્વીકારી લેશે તો તેને દુઃખની પીડા નહીં થાય અથવા ઘણી ઓછી થઇ જશે અને ભવિષ્યમાં પણ કંઇ ખોટું કાર્ય કે પાપ કર્મ કરતો અટકી જશે તેમજ સત્તકર્મ-પૂણ્યકર્મ કરનારો વિવિધ રીતે સુખી માણસ એમ વિચારશે કે મને મળેલું આ સુખ ભગવાનની પ્રસાદી છે તો તેમણે કદી સત્તકર્મનું અભિમાન નહીં આવે અને હંમેશા સત્તકર્મ-પૂણ્ય કર્મ કરવાની પ્રેરણા મળતી રહેશે.

વત્સ, હવે હું તને કોઇ મનુષ્યના પાપકર્મ કે પૂણ્યકર્મના ફળનો મારા કાયદા અનુસાર કઇ રીતે અમલ થાય છે તે તને ટુંકમાં કહું છું. ધારો કે કોઇ મનુષ્યે કંઇ ખોટું કામ કે પાપ કર્મ કર્યું હોય તો તેમને હું લાકડી લઇને મારવા આવતો નથી કે કોઇ પુણ્યકર્મ કરનારના ઘરે પૈસાનો ઢગલો કરતો નથી, પણ તેના પાપકર્મો અનુસાર મારા કાયદામાં જે સજાની જોગવાઇ હોય તેવી સજા ભોગવવા માટે કોઇક વ્યક્તિને, કોઇ અનઇચ્છનીય બનાવને, નાના-મોટા અકસ્માતને તથા આવા બીજા કોઇપણ સંજોગોને નિમિત બનાવું છું. દાખલા તરીકે કોઇ મનુષ્યને તેના કર્મ અનુસાર શારીરિક ઇજાની સજા થતી હોય તો તેના અમલ માટે તો જ્યારે આપ પાપ કર્મનું ફળ પાકે ત્યારે નાના-મોટા અકસ્માતથી કોઇની સાથે ઝઘડાની મારામારીથી, ઘરમાં કે બહાર ઓચિંતુ કોઇ વાહન દ્વારા કારણસર પડી જવાથી કે આવા બીજા કોઇ કારણસર તેને શારીરિક ઇજા થાય છે. આમ તેમને મળેલી સજાનો અમલ થઇને ફળ શાંત થઇ જાય છે. આમ બીજી બધી બાબતમાં સમજવું.

વત્સ, હવે તને પુણ્ય કર્મ - સત્તકર્મ કરનારને તેના કર્મ અનુસાર મારા કર્મના કાયદા અનુસાર જુદા જુદા ફળ જુદી જુદી રીતે અચૂક મળે જ છે. દાખલા તરીકે કોઇ વ્યક્તિને આ જન્મના તેમજ પૂર્વ જન્મના પુણ્ય કર્મફળ સ્વરૂપ કોઇને કંઇકને કંઇક નિમિત્તે ધન, આબરૂ, પ્રતિષ્ઠા, સત્તા, સારા સંસ્કાર મળે છે તો વળી કોઇ વ્યક્તિને તેના પુણ્ય કર્મના ફળ અનુસાર ''શુચીનાં શ્રીમતાં ગેહે અભિજાયતે'' (ગીતા ૬-૪૦) અર્થાત પવિત્ર, ધનવાન કુટુંબમાં જન્મ મળે છે. તો વળી કોઇકને તેના પુણ્ય કર્મના ફળ અનુસાર તેજસ્વી બુદ્ધિ, સારા સંસ્કાર, હજી પણ સારા કર્મો જેવા કે અબોલ પશુ-પક્ષીઓની સેવા, ગરીબ, અપંગ, રોગી માણસોની સેવા, સામાજીક કલ્યાણના કાર્યો કરવાની વૃત્તિ, ઉદારતા વગેરે સેવાકીય કામો કરવાની વૃત્તિ તથા સ્વભાવ તેના પુણ્ય કર્મના ફળ સ્વરૂપ મળે છે અને આવા કાર્યોના ફળ સ્વરૂપ તેના પુણ્ય કર્મફળ ખાતામાં જમા થાય છે. વળી કોઇ વ્યક્તિને મારૂ નામ, મારો મહિમા, મારા વિચારોના પ્રચાર-પ્રસાર થાય તેવી ધાર્મિક પ્રવૃત્તિઓમાં હંમેશા પ્રવૃત્તની વિચારસરણી રૂપે તેના સત્તકર્મનું પુણ્યફળ મળે છે. આમ સત્તકર્મી મનુષ્ય જન્મો જનમ સત્તકાર્ય, સેવાકીય કાર્યો કરતો રહી પોતાનું જીવન ધન્ય-સાર્થક બનાવે છે.

વત્સ, તને આ આટલી વાત ટુંકમાં કરી છે. તેથી તને થોડી સમજણ પડી હશે કે માણસ-માણસ વચ્ચે આટલો ભેદભાવ કે અસમાનતા કેમ છે ? વત્સ, તે મને ઘણા પ્રશ્નો પુછ્યા હવે હું તને એક પ્રશ્ન પુછું ? હા પ્રભુ હું ચોક્કસ સાચો જવાબ આપીશ. પ્રભુ કહે વત્સ, તારા ઘરમાં ગીતાજીનું પુસ્તક છે ? હા, પ્રભુ મારા બાપા રાખી ગયા છે. પણ મેં કોઇ દિવસ ગીતા વાંચી નથી. હવે તું મારી એક વાત માનીશ ? હા પ્રભુ જરૂરી માનીશ તમે કહેશો તેમ કરીશ. તો હવે ગીતાજી લઇને વાંચવાની શરૂઆત કર. થોડો અભ્યાસ-મનન કર. મનુષ્ય જાતીની બધી મુંજવણ-સવાલનું સમાધાન મળી જશે. પછી તને કોઇ પ્રશ્ન પુછવાની જરૂર પડશે નહીં. હા હવે એક બીજી વાત તારા મિત્રો-સ્નેહીજનોને પણ ગીતા વાંચવાનું કહે. ગીતાના સંદેશનો પ્રચાર કર. આમ કરવાથી તે મારી પૂજા કરી ગણાશે. (ગી.૭૦) અસ્તુ. જય યોગેશ્વર


:: સૌજન્ય ::

**પઢીયાર કન્ફેકશનરી વર્કસ (એક્સ્ટ્રા સ્ટ્રોંગના ઉત્પાદક)**


ફેક્ટરી : પ્લોટ નં. ૫૦, જી.આઇ.ડી.સી., અંજાર (કચ્છ)

**પ્રો. અરવિંદ કનકસિંહ પઢીયાર – 94274 07662, શૈલેષ કનકસિંહ પઢીયાર – 94262 77010**

# અનંતની યાત્રાએ...



અમદાવાદ (દેવળીયા) નિવાસી શ્રી ભાવીન નંદકિશોરભાઇ ચૌહાણ (ઉ.વ.૩૨)નું તા. ૧-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



જયપુર (ખંભરા) નિવાસી ડૉ. શ્રી મુકેશભાઇ જયંતિભાઇ ચાવડા (ઉ.વ.૫૦)નું તા. ૧૭-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કેંજોરગઢ (સિનુગ્રા) નિવાસી શ્રી પ્રવિણભાઇ ચીમનભાઇ ચાવડા (ઉ.વ.૭૩)નું તા. ૦૪-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




દુર્ગ (ગળપાદર) નિવાસી સુ.શ્રી ધનશીલાબેન વરજાંગભાઇ પરમાર (ઉ.વ.૬૦)નું તા. ૨૬-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




માધાપર (રેહા) નિવાસી શ્રી ગીરીશભાઇ મોહનલાલ ચૌહાણ (ઉ.વ.૪૩)નું તા. ૦૯-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




ગળપાદર નિવાસી શ્રીમતી તારાબેન વેલજીભાઇ પરમાર (ઉ.વ.૮૨)નું તા. ૨૦-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




અંજાર નિવાસી શ્રી જગદીશભાઇ કેશવજીભાઇ વેગડ (ઉ.વ.૭૪)નું તા. ૬-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



વડોદરા (અંજાર) નિવાસી શ્રી કિશોરભાઇ વૃજલાલભાઇ પટેલ (ખોડિયાર) (ઉ.વ.૬૮)નું તા. ૦૯-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




સિનુગ્રા નિવાસી શ્રી પ્રભુલાલભાઇ શિવલાલભાઇ વાઢેર (ઉ.વ.૭૦)નું તા. ૧૧-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



વડોદરા (ખંભરા) નિવાસી શ્રી બંસીલાલભાઇ વલમજીભાઇ ચાવડા (ઉ.વ.૮૨)નું તા. ૧૨-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



મુંબઇ (લોહારીયા) નિવાસી શ્રી હેમરાજભાઇ દયારામભાઇ પરમર (ઉ.વ.૭૪) પૂર્વ પ્રમુખ મુંબઇ પ્રા.સ., અ.ભા.મ.મં.મહામંત્રી કુસુમબેનના પતિનું તા. ૧૨-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર (કુકમા) નિવાસી ગં.સ્વ. ભાગીરથીબેન દયારામભાઇ પરમાર (ઉ.વ.૮૯)નું તા. ૧૭-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




અંજાર નિવાસી શ્રીમતી મંજુબેન નારણભાઇ રાઠોડ (ઉ.વ.૬૦)નું તા. ૨૮-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




હૈદ્રાબાદ (માધાપર) નિવાસી ગં.સ્વ. કલ્યાણીબેન જેન્તીલાલભાઇ રાઠોડ (ઉ.વ.૭૫)નું તા. ૦૩-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.


# અનંતની યાત્રાએ...



અંજાર (સિનુગ્રા) નિવાસી શ્રી શશીકાંતભાઇ ઇશ્વરલાલભાઇ ચાવડા (ઉ.વ.૭૦)નું તા. ૨૯-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રી અમૃતલાલભાઇ શામજીભાઇ સોલંકી (ઉ.વ. ૮૫)નું તા. ૧૪-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



ગળપાદર (ખેડોઇ) નિવાસી ગં.સ્વ. સુખ્માબેન કિશોરભાઇ રાઠોડ (ઉ.વ.૪૫)નું તા. ૧૩-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




નાગોર નિવાસી ગં.સ્વ. હર્ષિતાબેન શાંતિલાલભાઇ ચૌહાણ (ઉ.વ.૫૪)નું તા. ૦૯-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




મુંબઇ (સિનુગ્રા) નિવાસી શ્રીમતી હંસાબેન મુકુંદભાઇ ચાવડા (ઉ.વ.૪૮)નું તા. ૨૮-૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (ખંભરા) નિવાસી ગં.સ્વ. શારદાબેન પુરૂષોત્તમભાઇ ટાંક (ઉ.વ.૮૩)નું તા. ૮-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કુકમા (રેહા) નિવાસી ગં.સ્વ. અમૃતબેન શીવજીભાઇ વાઘેલા (ઉ.વ.૧૦૨)નું તા. ૧૯-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



જબલપુર (હાજાપર) નિવાસી શ્રી સુરેશભાઇ હરિદાસભાઇ પરમાર (ઉ.વ.૭૮)નું તા. ૨૦-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.

## સંતોષનું ફળ

એકવાર એક દેશમાં દુષ્કાળ પડ્યો. લોકો ભુખે મરવા લાગ્યા. નગરમાં એક ધનિક દયાળુ પુરૂષ હતા. તેમણે બધા નાના બાળકોને દરરોજ એક રોટી આપવાનો નિર્ણય કર્યો. બીજા દિવસે સવારે બગીચામાં બધા બાળકો એકઠા થયા. તેમણે રોટી આપવાનું શરૂ થયું. બાળકોને અપાતી રોટી નાની-મોટી હતી. બધા બાળકો એકબીજાને ધક્કા મારી મોટી રોટી મેળવવાના પ્રયત્ન કરે છે. એક નાની બાળકી એકબાજુ ચુપચાપ ઉભી હતી. તે સૌથી છેલ્લે આગળ વધી. ટોકરીમાં સૌથી છેલ્લી એક નાનકડી રોટી બચી હતી. એ રોટી તેને પ્રસન્ન ચીત્તે લઇ ચાલી ગઇ. બીજા દિવસે ફરી બાળકોને રોટી વહેંચાવા લાગી. એ બાળકીને આજે પણ સૌથી નાની રોટી મળી. એ બાળકીએ જ્યારે ઘર જઇને રોટી તોડી તો રોટીમાંથી તેને સોનાની એક મહોર મળી. તેની માતાએ કહ્યું , દિકરી ! ''આ સોના મહોર એ ધનિક દયાળુ પુરૂષને આપી આવ.'' બાળકી દોડતી દોડતી એ ધનિક પુરૂષના ઘરે ગઇ. ધનિક પુરૂષે તે બાળકીને પ્રેમથી પુછ્યું ''દિકરી તું કેમ અહીં આવી છો ?'' બાળકી બોલી ''મારી રોટીમાં આ સોના મહોર નિકળી છે. આટામાં પડી ગઇ હશે. એ આપવા આવી છું. આપ આપની આ સોના મહોર લઇ લો.'' એ ધનિક પુરૂષ ખુબજ પ્રસન્ન થયા. તેમણે તે દિકરીને પોતાની ધર્મપુત્રી બનાવી લીધી અને તેમના પરિવાર માટે માસિક વેતન આપવાનો નિર્ણય કર્યો. એ બાળકી મોટી થયા પછી એ ધનિક પુરૂષની ઉત્તરાધિકારીણી પણ બની. આ કથા બોધપાઠ આપે છે કે, સંતોષનું ફળ સદાય મીઠું હોય છે.




Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48,
Balitha, Vapi.
**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir
Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and
Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210
Mail : info@sandyresort.com
Website : www.sandyresort.com
Phone : 9727 223333




# Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૬-૬-૧૯૪૮

સ્વર્ગવાસ
૧૩-૧૦-૨૦૨૨

## સ્વ. હેમરાજભાઇ (ભક્તાભાઇ) દયારામભાઇ પરમાર

**દેશમાં ગામ : લોહારીયા (કચ્છ), હાલ મુકામ : મુંબઇ (મહારાષ્ટ્ર)**

ઇશ્વરની ઉત્તમ ભેટ હતા આપ, મનુષ્ય જન્મમાં સંત હતા આપ, દરેક સાથે પ્રેમભાવ રાખતા આપ, ન દુખાવતા કોઇના દિલને, આપની મીઠી વાતો યાદ રહેશે સદા. દુર ગયા છો પણ હદયમાં છો અમારા...
ઇશ્વર આપના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: આપના પરિવારજનો ::**

**ગં.સ્વ. કુસુમબેન હેમરાજભાઇ પરમાર – ધર્મપત્ની**

| | | | |
|---|---|---|---|
| વિનાયક હેમરાજભાઇ પરમાર | – પુત્ર | બિજલબેન વિનાયકભાઇ પરમાર | – પુત્રવધુ |
| શિવદત હેમરાભાઇ પરમાર | – પુત્ર | રોમાબેન શિવદત્તભાઇ પરમાર | – પુત્રવધુ |
| સ્વ. જયંતીભાઇ દયારામભાઇ પરમાર | – ભાઇ | સ્વ. કાશીબેન જયંતિલાલ પરમાર | |
| સ્વ. નરસીભાઇ દયારામભાઇ પરમાર | – ભાઇ | સ્વ. ઇન્દુમતીબેન નરસીભાઇ પરમાર | |
| લીલાધરભાઇ દયારામભાઇ પરમાર | – ભાઇ | સ્વાતીબેન લીલાધરભાઇ પરમાર | |
| નંદકિશોરભાઇ દયારામભાઇ પરમાર | – ભાઇ | સુરેખાબેન નંદકિશોરભાઇ પરમાર | |
| પ્રભુલાલ દયારામભાઇ પરમાર | – ભાઇ | લતાબેન પ્રભુલાલ પરમાર | |
| જગદીશભાઇ દયારામભાઇ પરમાર | – ભાઇ | લેખાબેન જગદીશભાઇ પરમાર | |

એક્તાબેન શૈલેષભાઇ ટાંક (સિકંદરાબાદ/લંડન) પુત્રી-જમાઇ

દિશાબેન અનુરાગભાઇ પરમાર – ભત્રીજાવહુ-ભત્રીજા
પ્રિયમબેન પુનિતભાઇ પરમાર – ભત્રીજાવહુ-ભત્રીજા
નિધિબેન દેવાંગભાઇ પરમાર – ભત્રીજાવહુ-ભત્રીજા
જીતિકા જયેશભાઇ પટેલ (ખોડિયાર) (હૈદ્રાબાદ) ભત્રીજી-જમાઇ
નમ્રતાબેન પ્રશાંતભાઇ ચૌહાણ (નાગપુર) ભત્રીજી-જમાઇ
હર્ષાબેન વિતેશભાઇ ચાવડા (અમેરીકા) ભત્રીજી-જમાઇ

વિરાટ શિવદત પરમાર, હેમાંગ પુનિત પરમાર, હેતાંશ પુનિત પરમાર – પૌત્ર
ફાગુન શિવદત પરમાર, મિસ્કા અનુરાગ પરમાર – પૌત્રી
મોહ શૈલેષભાઇ ટાંક, પ્રકૃત શૈલેષભાઇ ટાંક, ઇવિયાન વિતેશભાઇ ચાવડા – દોહિત્રા
દિયા પ્રશાંત ચૌહાણ, લાભી પ્રશાંત ચૌહાણ, કાવ્વી વિતેશભાઇ ચાવડા – દોહિત્રી

**સમસ્ત પરમાર પરિવાર**

# ૨૫મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



## સ્વ. રાજેશ નાનાલાલ સોલંકી

**Ex. Senior Software Engineer**

**સ્વ. તા. ૦૯/૧૨/૧૯૯૭ પૂણે (મહારાષ્ટ્ર)**

સૂર્યનું સંધ્યાકાળે અસ્ત થવું નિયમ છે પરંતુ મધ્યાહને અસ્ત થવું અજુગતું ગણાય. આંસુની કોઇ ભાષા હોય તો એ ભાષામાં કહીએ, વિરહની કોઇ લિપિ હોય તો એ લિપિમાં લખીએ, આપની વિદાયને ૨૫ વર્ષ વિત્યા. આપની આ ભર્યા સંસારમાંથી ચિરઃ વિદાય ધૂપસળી માફક જીવનભર સુવાસ પ્રસરાવી ગઇ. જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહીં વિદાય એવી લીધી કે કદી પણ વિસરાય નહીં... પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના...

**:: શોકાતુર પરિવારજનો ::**

| | | |
|---|---|---|
| પિતા | : | નાનાલાલભાઈ સોલંકી |
| માતા | : | રસિલાબેન સોલંકી |
| બહેન | : | તૃપ્તિબેન પરમાર |
| બનેવી | : | ડૉ. ગિરિશભાઈ પરમાર - અંજાર |
| ભાઈ | : | કમલેશ સોલંકી |
| ભાભી | : | ગીતા સોલંકી |
| ભાણેજ | : | દિપુ તથા જયુ |
| ભત્રીજા | : | તપન તથા કિશન |

AND I.C.I.L. PUNE & INTERNATIONAL CORPORATION - N.J. (U.S.A.)

**:: નિવાસ સ્થાન ::**

**નાનાલાલ એચ. સોલંકી**

૫, ઝુલેલાલ સોસાયટી, બસ સ્ટેન્ડ પાછળ,
નયા અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦. મો. ૯૬૬૨૭૩૯૬૬૬, ૯૫૩૭૩૯૫૭૦૩

# દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. તરૂણાબેન ભરતભાઈ પરમાર

**જન્મ તા. ૧૦-૧૦-૧૯૬૬, સ્વ. તા. ૧૩-૧૨-૨૦૨૦**
**દેશમાં ગામ : ચંદિઆ,**
**હાલ મુકામ : કિરનહાર (પ.બંગાલ)**

સરોવર જેવા શાંત અને સમુદ્ર જેવા વિશાળ, અંજલિ માટે શબ્દો ઓછા પડે છે, પુષ્પાંજલિ માટે પુષ્પ, આંખો હજુ નિહાળે છે અંતર હજી પોકારે છે. આપના ઉચ્ચ વિચાર, ધર્મભાવના, મિલનસાર અમોને પ્રેરણા આપતા રહેશે. પરમકૃપાળુ પરમેશ્વર આપની દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ભરતભાઈ હેમરાજભાઈ પરમાર | - પતિ |
| ચંદ્રકાન્તભાઈ ભરતભાઈ પરમાર | - પુત્ર |
| તનુશ્રી ચંદ્રકાન્તભાઈ પરમાર | - પુત્રવધુ |
| રેયાંશ ચંદ્રકાન્તભાઈ પરમાર | - પૌત્ર |
| વંદનાબેન શિવકુમાર રાઠોડ | - પુત્રી |
| શિવકુમાર શિવજીભાઈ રાઠોડ | - જમાઈ |
| લીજા શિવકુમાર રાઠોડ | - દોહિત્રી |
| પરમ શિવકુમાર રાઠોડ | - દોહિત્ર |

## સમસ્ત પરમાર પરિવાર

મો. ૯૪૭૪૮૩૧૮૨૩, ૮૧૪૫૬૩૭૫૪૭

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. કિશોરકુમાર વ્રજલાલ પટેલ (ખોડિયાર) (ઉ.વ.૬૮)

**જન્મ તા. ૧૪-૧૧-૧૯૫૪ સ્વ. તા. ૯-૧૧-૨૦૨૨**
**કચ્છમાં ગામ : અંજાર, હાલ : વડોદરા**

આપના સરલ સ્વભાવ, કુટુંબ સાથે પ્રેમ સૌના હૃદયમાં જીવીત રહેશે. આપના આદર્શો અમારા માર્ગદર્શક હતા. હર દમ તમારા હોવાનો આભાસ રહ્યા કરે છે, ક્યારેક કહેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે, યાદમાં સતત આપના દર્શન થયા કરે છે. દરેક કાર્યોમાં આપના આશીર્વાદનો અહેસાસ થયા કરે છે. પ્રભુ આપની આત્માને શાંતિ આપે એજ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં.સ્વ. કીર્તીબેન (મીનાબેન કિશોરકુમાર પટેલ | (પત્ની) |
| હેમાંગ, ઉપેન | (પુત્રો) |
| પરિતાબેન ગૌતમકુમાર આચાર્ય | (પુત્રી-જમાઈ) |
| નિરવા, પ્રાંશુ | (દોહત્રી, દોહીત્ર) |
| કલ્પનાબેન નવીનચંદ્ર પટેલ | (મોટા ભાભી-મોટા ભાઈ) |
| એક્તાબેન ઉમંગભાઈ પટેલ | (ભત્રીજા વહુ - ભત્રીજા) |
| વંદનાબેન ભાવીનભાઈ પટેલ | (ભત્રીજા વહુ - ભત્રીજા) |
| કાયના, ઉમંગ, મોક્ષ, ભાવીન | (ભત્રીજા પુત્રી-પુત્ર) |
| સ્વ. ત્રિવેણીબેન રતીલાલ ચૌહાણ | (સાસુ-સસરા) |
| મુદુલાબેન રવિન્દ્રભાઈ ચૌહાણ | (સાળાવેલી - સાળો) |
| વૈશાલીબેન રાજેશકુમાર ઠક્કર | (ભત્રીજી-ભત્રીજી જમાઈ) |
| નીમાબેન કુમારભાઈ ચૌહાણ | (ભત્રીજી-ભત્રીજી જમાઈ) |
| સ્વ. ભાનુબેન કેશવલાલ મીસ્ત્રી | (બહેન-બનેવી) |
| અન્નપુર્ણાબેન રજનીકાન્ત ખોડિયાર | (કાકી-કાકા) |
| ત્રવેણીબેન લક્ષ્મણભાઈ ચૌહાણ | (ફઈ-ફુવા) |
| કમળાબેન છગનભાઈ ચૌહાણ | (ફઈ-ફુવા) |
| દયાબેન હિતેશભાઈ ભાવસાર | (ફઈ-ફુવા) |

## સમસ્ત પટેલ (ખોડિયાર) પરિવારના જયશ્રી કૃષ્ણ

| નવીનભાઈ | હેમાંગ |
|---|---|
| મો. ૯૭૨૪૧૩૨૯૯૬, ૭૦૧૬૬૫૯૫૫૧ | મો. ૯૯૨૪૫૩૯૯૧૧ |

Surbhi
CLOTHING

MISS AKSHITA
B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

**Shraddha Complex, Adani School Rd, Near Zero Point, Mundra 370421.**

**Home Address:**

**Girinarayan Street, Mandvi Chock, Old Bandar Road, Mundra 370421.**

**Contact Address:**

**+91 93246 85342**
**+91 99208 43135**

**surbhiclothing@gmail.com**


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
Director :
Mrs. Chetna Raju Tank
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)


ઉપપ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**Mob. 98252 97341**

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : **Mo. 9537738640 (Deep)**

## માધવ સ્વીમીંગ – કુકમા







આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



**શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ**
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

## શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

## શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

## માધવ સ્વીટ એન્ડ નમકીન

બસ સ્ટેશન પાસે, કુકમા



**શ્રી માધવ એચ. ચૌહાણ**
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮



YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)




vedbhumi

**VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.**

**VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.**

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda | Abhilasha A. Chawda**

**(Chandia)**




# Khodiyar Engineering Works
# Urja Engineering Company
# Perfect Power Systems
# Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

## Besides the manufacturing of Panel, we also attain works such as

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric | AVOCAB WIRES & CABLES | HPL The Power of Technology | connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**
**Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761**
**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**
**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




*With Best Compliments*



**Vipin Rathod**
Managing Director


UNITRON

*The Instrumentation People*

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.



**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on December - 2022
Postal Registration No. G-KCH-185/2020-2022 Posted at S.O. BHUJ on 2nd of Every Month.




॥ જય સિયારામ ॥

**'સમાજરત્ન'**

**શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**

(પ્રમુખશ્રી, કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક)
(પ્રમુખશ્રી કન્યા છાત્રાલય, કુકમા)
(પ્રમુખશ્રી, નૂતન કેળવણી મંડળ, માધાપર)
(પ્રમુખશ્રી ધોરાવા મંદિર ટ્રસ્ટ, માધાપર)
(આજીવન ટ્રસ્ટીશ્રી, માતાના મઢ જાગીર ટ્રસ્ટ)
(આજીવન ટ્રસ્ટીશ્રી, આશાપુરા માતાજી ભંડાર અને અતિથિગૃહ ટ્રસ્ટ)
(ઉપપ્રમુખશ્રી, હરિહર ટ્રસ્ટ, વાંઢાય)
(પ્રમુખશ્રી, સીતારામ સત્સંગ સેવા સમિતિ, રેહા)
(પ્રમુખશ્રી, રામબાઈ સેવા સમિતિ (અન્નક્ષેત્ર) માધાપર)
(આજીવન ટ્રસ્ટીશ્રી, હાથ મિલાવો શક્તિ વિકાસ ટ્રસ્ટ, ધમડકા)



SHREE RAM GROUP OF INDUSTRIES

Mohit V. Solanki
9925233580

- M/s. Vinod P. Solanki
- Shree Ram Processors
- Shree Ram Kaolin
- Shree Ram China Clay
- M/s. N.V. Solanki

**SHREE RAM GROUP OF INDUSTRIES**

Mines Owner, Supplier & Exporter of Crude China Clay Levigeted China Clay, Kaolin Powder & Silica Sand

Junavas Main Bazar, Junavas, Madhapar (Bhuj-Kachchh) 370020
Tel No. 02832-242326, 293137, Fax : 242295 E-mail : info.shreeramgroup@gmail.com


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

### દાન માટે અપિલ :-

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

**PAN NO. AABTS 4600 B**

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી |
| રૂા. ૧૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી |
| રૂા. ૫,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી |
| રૂા. ૬,૦૦૦/- | નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.) |
| રૂા. ૪,૦૦૦/- | નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી |
| રૂા. ૨,૦૦૦/- | નું દાન આપનાર આજીવન સભ્યશ્રી |

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

આપના વિનમ્ર

| | | |
|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ | શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ | શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી |
| શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન | શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ | શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ |
| શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ | શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ | શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક |
| શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી | શ્રી કાંતીલાલ આર. પરમાર - માનદ્ વ્યવસ્થાપક | શ્રી મોહનલાલ કે. ચૌહાણ - સહ વ્યવસ્થાપક |

મુદ્રક અને પ્રકાશક : વિનોદ મોહનલાલ ખોડીયાર એ આ મુખપત્રના માલિક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા), 'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર - ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.